પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૯ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી


સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પાટણમાં જ્યાં રહેતા હતા તે નિવાસસ્થાન તથા
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# પદસ્થ ધ્યાન

પવિત્ર પદોનું આલંબન લઈ પદસ્થ ધ્યાન કરાય છે. સ્વર-વ્યંજનસ્વરૂપ માતૃકાનું ધ્યાન ધરતા શ્રુતજ્ઞાનના પારગામી થવાય. ભૂત-ભવિષ્ય-વર્તમાનનું જ્ઞાન થાય છે.



(૧) નાભિકંદ ઉપર ૧૬ પાંખડીવાળું કમળ ધારી દરેક પાંખડીમાં એક પછી એક ૧૬ સ્વર ધારવા.




(૨) હૃદયમાં ૨૪ પાંખડીવાળું કમળ ધારી તેની દરેક પાંખડીમાં ૨૪ વ્યંજન મૂકી વચ્ચે કર્ણિકામાં ૨૫મો વ્યંજન મૂકવો.



(૩) મુખમાં ૮ પાંખડીવાળું કમળ ધારી તેમાં અનુક્રમે ય ર લ વ શ ષ સ હ એમ ૮ વર્ણોની સ્થાપના ધારવી.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૬ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.


## VOLUME - 26

December 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

## PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

## SPONSOR

Shri C. K. Mehta
Mumbai

## ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

## SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' કઈ રીતે અસ્તિત્વમાં આવ્યું - પુનઃસ્મરણ

આજે ફરી યાદ કરવાનું મન થાય છે કે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' અસ્તિત્વમાં કેવી રીતે આવ્યું? હાં...! એના મૂળમાં સૌ પ્રથમ તો છે પરમકૃપાળુ પરમાત્માનો અનુગ્રહ. પરમાત્માના નિત્ય પરમ સાંન્નિધ્યમાં પરમાત્મભાવથી ભાવિત બનીને સાહેબજીના અંતઃસ્તલમાંથી જે ભાવધારા પ્રસરતી, તે રોજનીશીમાં શબ્દસ્થ બની સંગ્રહીત થઈ.

એ વાતને દસકાઓ વીત્યા, પણ કાળ પક્વ થયો ન હતો, તેથી ડાયરીઓ અધ્યાત્મ ભાવસંપન્ન આત્માઓના હાથ અને હૃદય સુધી જ ફક્ત પહોંચી. પણ... ઉદયકાળે રાજકોટના શશીકાંતભાઈ મહેતાએ પોતાના અંત સમયે સુપુત્રરત્ન દિપકભાઈ તથા સુકુલીન પૂત્રવધુ ભારતીબેનને ભલામણ કરી કે તેમની પાસે રહેલ એકસોથી વધુ મહામૂલ્યવાન ડાયરીઓના સંચયને પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યશ્રીને હાથોહાથ સોંપવી. તેમની વિદાયે તેમના લઘુબંધુ મહેન્દ્રભાઈ-દિપકભાઈ આદિ સપરિવાર વંદનાર્થે અને સાથોસાથ પૂજ્યશ્રીના પત્રોની ફાઈલ તથા ડાયરીઓને સોંપવા આવ્યા. તે સંચય ત્યારે તો એકબાજુ મુકાઈ ગયો પણ... આ ખજાનો ખોલવાનો અવસર આવતાં સરલ સ્વભાવી આચાર્યશ્રી મનમોહનસૂરિજી તથા મુનિશ્રી નયનરત્નવિજયજીએ ડાયરીઓનું પઠન શરૂ કર્યું અને વિશેષ હૃદયસ્પર્શી ચિંતનો અમોને ય વંચાવતા ગયા. તેમાં આચાર્યશ્રીએ કહ્યું કે આની ઝેરોક્ષ કરાવીને ૧-૧ કૉપી રાખી લેજો, કેમકે આ તો કીંમતી ખજાનો છે. પછી તો ૮ જેટલા પૂણ્યાત્માઓની માંગ થતાં તેનું સ્કેનીંગ કરાવવાનું નક્કી થયું. દૈવયોગે ભારતીબેને આ કામગીરી વિશિષ્ટ રીતિએ સંભાળી લીધી. ૩૦ સહયોગીઓ તથા સાધ્વીજી ભગવંતોના પ્રુફ ચેકીંગ, અનુવાદનો સહયોગ મળતાં આ કાર્ય અત્યંત ઉપયોગી અને

ઝડપી બનતું ચાલ્યું, જેણે આ ૨૬મા ભાગ સુધીની સફર આપણને સૌને કરાવી.

આ તકે એક પ્રસંગ સ્મૃતિમાં આવે છેઃ એકવાર સાહેબજીને એક પૂણ્યાત્માએ પ્રશ્ન કરેલોઃ 'સાહેબજી! ભગવાન તારક છે, તો બધા જીવોને કેમ નથી તારતા? તેમનું હૈયું કરૂણાથી ભરપૂર છે તો પછી સૌને તારી જ દેવા જોઈએ ને? ...ત્યારે સાહેબજીએ સહજ ભાવે જે જવાબ આપેલો, તે તેઓની જ ડાયરીમાંથી વાંચવા મળ્યું છે કેઃ

''લોકને તારવા માટે અરિહંતાદિ સ્વરૂપસત્ છે અને જીવોના અશુભ ભાવો તેમાં પ્રતિબંધક છે, જેમ દાહ માટે અગ્નિ સ્વરૂપસત્ છે, છતાં પ્રતિબંધક મણિ આદિ હોય તો દાહ થતો નથી. અગ્નિ પણ યોગ્ય એવા કાષ્ઠાદિને બાળી શકે પણ અયોગ્ય એવા પાષણાદિને નહીં, તેમ અરિહંતો પણ ભવ્યને તારે, અભવ્યને નહીં. કાષ્ઠાદિ પણ અનેક પ્રકારના છે... જેમ કે કેટલાક જલ્દી બળે અને કેટલાકને બળતાં વાર લાગે, તેમ આસન્નભવ્ય અને દૂરભવ્યાદિના વિષયમાં પણ સમજી શકાય છે. વળી યોગ્ય એવા કાષ્ઠાદિને અગ્નિ સાથે ઉચિત સંબંધ થવો જોઈએ, તેમ યોગ્ય એવા ભવ્યાદિને પણ અરિહંતાદિ સાથે જ્ઞાન-જ્ઞેય-ધ્યાન-ધ્યેયરૂપ ઉચિત સંબંધ થવો જોઈએ. અરિહંતાદિને સ્વરૂપસત્ માનવામાં અહંકાર નાશ પામે, એટલે 'આ ભગવાનની કૃપાથી થાય છે, મારો પ્રભાવ નથી' એમ લાગે. જ્યારે જ્ઞાયમત સત્ માનવામાં અહંકાર વચ્ચે આવે છે. તેમાંઃ 'હું કરૂં છું એમાં મારો પ્રભાવ છે' એમ લાગે, જે અહંકારરૂપ છે.'' કેટલી સુંદર અનુપ્રેક્ષા!

સુશ્રાવિકા **ભારતીબેન** દિપકભાઈ મહેતાના નિશદિનના અણખૂટ પરિશ્રમની સાથે-સાથે આ ક્ષણે ગ્રંથના આર્થિક સહયોગી તરીકે સાહેબજીના અનન્ય ભકતશ્રાવક પ્રબળ પૂણ્યશાળી **સી.કે.મહેતા**નું ગુરુભક્તિના ભાવ સાથે સ્મરણ કર્યા વિના તથા તેમની નામનાથી દૂર રહેવાની ભાવનાની કદર કર્યા વગર પણ નથી રહેવાતું. **આ ભાગથી તેઓએ તેમની પ્રસ્તાવનાનું એક પાનું ઓછું કરાવી, પૂજ્ય સાહેબજીનું જ એક પાનું વધારવા વિનંતી કરી છે, જે અમોએ અહોભાવપૂર્વક સ્વીકારી છે. શુભમ્ ભવતુ !**

ડીસેમ્બર, ૨૦૧૯
**આરાધનાધામ**

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.









नित्यानन्दे ! निराधारे ! निष्कलायै नमो नमः ।
विद्याधरे ! विशालाक्षि ! शुद्धज्ञाने ! नमो नमः ॥

ह

## મારી આજની અનુભૂતિ

જીવનનાં દુઃખ મને સમજાય એવાં કોમળ અને દયાળુ
હૃદયની મને આવશ્યકતા છે તથા પ્રારબ્ધના કોપની
સજા ભોગવવાની મારામાં શક્તિ આવે એવી પ્રાર્થના છે.

### મેં અનુભવ્યું છે કે...

દયાના કાર્યથી મળતા આનંદ જેવો ઉચ્ચ પ્રકારનો આનંદ
આ સંસારે જાણ્યો કોઈકાળે નથી.
અપકારી ઉપર ઉપકાર કરવો એ સર્વોત્કૃષ્ટ ઉદારતા છે.
દરેક મનુષ્ય ઉપકાર કરનાર તેમ જ ઉપકાર લેનાર છે જ.

### મને સમજાયું છે કે...

ઉપકાર કરવાનો પ્રસંગ આપવા બદલ આપણે સૌએ
સામાનો ઉપકાર માનવો જ જોઈએ અને
તે કાર્ય બદલ તે પણ આપણો આભાર માની શકે છે.
જીવનનું મૂલ્ય સંકટોથી અંકાય - સંકટો તેનાં કાર્યોથી જણાય.
જે આપણા ઉપર અપકાર કરે,
તેમને ધિક્કારવાના પાપથી બચવાનો એક જ માર્ગ છે:
અને તે માર્ગ છે તેમનું ભલું કરવાનો.
ભલમનસાઈથી જ ક્રોધને સારી રીતે જીતી શકાય છે.
સ્વાર્થ એ આપણામાં રહેલી પાશવવૃત્તિનું ચિહ્ન છે.

પરાર્થની સાથે જ ખરું મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે.
પાંગળાના પગ - આંધળાની આંખ - ઠુંઠાના હાથ બનીએ.
જે ગરીબોને આપણે આપીએ છીએ,
તેઓ પૃથ્વી ઉપરથી સ્વર્ગોમાં આપણા માલને લઈ જનાર
હેલકરી કે મજૂર સિવાય બીજું શું છે?
જે જે મનુષ્યો જગત પાસેથી કંઈ લે છે, તેને નહિ પણ
જેઓ જગતને પોતાનાથી બને તેટલું આપીને જાય છે,
તેને જ આપણે સૌ પૂજીએ છીએ.
જગતને ચાહનાર માટે આ જગત વિશાળ છે, કિન્તુ
જે જગતને ધિક્કારે છે, તેને માટે નહિ જ.
સ્નેહ વિષે મને લાગ્યું છે કે:
સ્નેહરાગમાં માગણી છે, સ્નેહભાવમાં લાગણી છે,
તેથી એક સ્નેહ અશુભ તો બીજો સ્નેહ શુભ છે.
સૂર્ય તેની ઉંચાઈ ખાતર નહિ, પણ
તેના સ્નેહથી કરાતા બાળની ખાતર પૂજાય છે.
સ્નેહ એ મહાન ગુરૂ છે, તે પથ્થરમાંથી ય દેવ બનાવી શકે.
સાચો સ્નેહ નમ્ર છે. દુઃખી કે દુઃખને સહાય ન આપવી એ
આપણને સુખ આપનાર પ્રત્યે એક પ્રકારની કૃતઘ્નતા છે.
જે સદ્જીવન ગાળે છે, તે જ શ્રેષ્ઠ ધર્મોપદેશક છે.

સ્નેહનું પૃથક્કરણ કરતાં મને તેમાં ૯ તત્ત્વો જણાયા છે:
(૧) ધૈર્ય (૨) માયાળુપણું (૩) વિનય (૪) નિષ્કપટતા (૫) નમ્રતા
(૬) પ્રામાણિકતા (૭) સદ્વૃત્તિ (૮) નિઃસ્વાર્થતા (૯) ઉદારતા.

આ ૯ તત્ત્વોમાં સંપૂર્ણ મનુષ્યત્વ,
કે જે ઈશ્વરની સર્વોત્કૃષ્ટ બક્ષિસ છે, તે ઉદ્ભવે છે.

Imp

જ્યાં જ્યાં સ્નેહ છે, ત્યાં ત્યાં ઈશ્વર છે.
સ્નેહ એ ઈશ્વર પોતે જ છે.
જે સ્નેહમાં વસે છે, તે ઈશ્વરમાં જ વસે છે.

ભાઈ - બહેનનો સ્નેહ તથા આનંદ
આ પૃથ્વી ઉપર સર્વથી વધુ નિઃસ્વાર્થ હોય છે.
તેઓ પરસ્પરના સ્નેહમાંથી પ્રાપ્ત થતાં આનંદ સિવાય
બીજા કશાની પણ અપેક્ષા કર્યા સિવાય એકબીજાને ચાહે છે.

કર્તવ્ય તરફ દુર્લક્ષ્ય એ પણ એક પ્રકારનું પાપ જ છે.
આમ તો સત્કાર્ય ન કરવું એ જ એક પ્રકારનું પાપ છે.
હાસ્ય એ પણ એક પ્રકારનું સત્કાર્ય છે.

શાસ્ત્રોમાં લખેલું મળે છે કે:
હૃદયમાં 'દહરાકાશ,' ચક્ષુમાં 'છાયાપુરુષ' :શ્રુતિ:
આંખથી સૌંદર્ય જોવાને બદલે હૃદયથી જોતાં શીખવું જોઈએ.
એક વિકારરૂપી વિષ છે, તો બીજું સ્નેહરૂપી અમૃત છે.

સ્નેહ એ સર્વથી મહાન વસ્તુ છે, કેમકે
સૌ કોઈ તેને એકસરખી રીતે ચાહે છે.

ફુવારામાંથી જે ઊંચે ઊડે, તે ફુવારા તરફ જ પાછું ફરે છે.

પ્રેમભરી ભાષા એ જ ધર્મની ખરી ભાષા છે.

ધર્મનો એક વિશિષ્ટ લેશ્યા - સ્નેહનો પરિણામ છે. સ્નેહથી પ્રેમ, પ્રેમથી સહિષ્ણુતા, સહિષ્ણુતાથી પરિષહો અને ઉપસર્ગો સહન કરવાની તાકાત અને નિશ્ચલતા પ્રાપ્ત થાય છે.

સહાય - દયા - સેવા : એ કૃતિમાં ઉતરેલો સ્નેહ જ છે.

દાનનું અર્ધું સ્નેહનું તત્ત્વ ત્યાગ છે.

નુકસાનમાં રહેલો લાભ, દુઃખમાં રહેલું સુખ કે
પ્રતિકૂળતામાં રહેલી અનુકૂળતા - કોઈ એકને પણ
આપણે સમજાવી શકીએ, તો તે મોટામાં મોટી સેવા ગણાશે.

## ધર્મ એટલે સ્નેહ

જીવ એ હંસ છે, શરીર એ સરોવર છે.

ધર્મ કરનારના અંતરમાં રહેલા સ્નેહપરિણામથી ધર્મમાં માતાની જેમ પુષ્ટિ કરવાનો, પિતાની જેમ પાલન કરવાનો, મિત્રની જેમ પ્રેમ કરવાનો, બંધુની જેમ સ્નેહ કરવાનો, ગુરુની જેમ ઉજ્જ્વલ ગુણો આપવાનો અને સ્વામીની જેમ પ્રકૃષ્ટ પ્રતિષ્ઠાને આપવાનો ગુણ સૌમાં આવે છે.

સ્નેહનો પરિણામ જ લેશ્યા-વિશુદ્ધિ છે. શુક્લ લેશ્યા, સંપૂર્ણ સ્નેહમય છે. જ્યાં સ્નેહ હોય છે, ત્યાં વૈર-ક્રોધ-ઈર્ષા-અસૂયા-માન-માયા-તીવ્ર લોભ વગેરે ટકતાં નથી.

કામ માંગે છે, જ્યારે સ્નેહ આપે છે,

તેથી સ્નેહપરિણામ કામનો પણ વિરોધી છે.

હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સાદિ સમસ્ત મોહ-પ્રકૃતિનો વિલય કરવાનું સામર્થ્ય સ્નેહપરિણામમાં છે.

તે વીતરાગભાવ સુધી પહોંચાડી વિલય પામે છે.

અન્યની જરૂરિયાતો આપણે માટે ઈશ્વરી આજ્ઞાઓ છે.
દાનની સાથે આપણી આખી જાતને પણ આપવી જોઈએ.

લોભ = સ્વસ્નેહ. તેનું રહસ્ય સંગ્રહ છે. દુનિયામાં ધર્મ અને પરલોક પરત્વે મતમતાંતર રહેવાના, પરન્તુ દયાના સિદ્ધાંતમાં સર્વ મનુષ્યો એકમત છે. બીજા સૌનાં દુઃખને આપણાં દુઃખ માનવા, એનું નામ જ 'દયા'. હૃદયની નમ્રતા અને ઉદારતામાં દયા રહેલી છે. તે જેનામાં છે, તે જીવ જ મુક્તિ મેળવી શકે. અનુકંપાના અણુની તોલે તો દ્રવ્યનો અખૂટ ભંડાર પણ ન આવે. દાતા તેના દાનથી નહિ પણ ભાવથી જ ઓળખાય છે. સ્નેહ હંમેશા દાતા છે. જે દાતા ન હોય તે સ્નેહી નથી. દાનથી જ સ્નેહ મપાય છે.

## સ્નેહપરિણામનો ચમત્કાર

નમસ્કાર એ સ્નેહનો પરિણામ છે. સ્નેહપરિણામ એટલે
ભાવ ભક્તિ અને ભાવ ભાવ અનુકંપામાં પરિણમે છે.
અનુકંપા તથા ભક્તિ પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ બનીને મન,
બુદ્ધિ, ઇંદ્રિયોને અગ્રાહ્ય, અકલ્પ્ય, અદૃશ્ય બનાવીને સર્જે,
તેને જ 'ચમત્કાર' કહેવાય છે.

પ્રભુ પ્રત્યે ભક્તિ હોય અને જીવો પ્રત્યે અનુકંપા ન હોય,
તો તે ભક્તિ સ્નેહપરિણામજન્ય નથી.

સ્નેહને કારણે જ સંસાર, જે રસમય છે, તેમાં
નવમો રસ શાંત છે અને દશમો રસ વાત્સલ્ય છે.

ભાવભક્તિ સ્નેહપરિણામની આર્દ્ર અપેક્ષા રાખે છે.
આર્દ્ર હૃદય પ્રભુ તરફ વળે, ત્યારે ભક્તિભીનું બને તથા
તે જીવો તરફ વળે છે, ત્યારે દયાર્દ્ર નીતરતું બને છે.

'ચમત્કાર ત્યાં નમસ્કાર' એ કહેવત લૌકિક છે.
'નમસ્કાર ત્યાં ચમત્કાર' એ વચન લોકોત્તર છે.

બેવકૂફ એ છે કે જે પોતાને બુદ્ધિમાન સમજે છે.

કામને જીતવા માટે કાયાને વશ રાખવા જોઈએ,
ક્રોધને જીતવા માટે વચનને વશ રાખવા જોઈએ અને
લોભને જીતવા માટે મનને વશ રાખવું જોઈએ.

કામને પ્રગટ થવાનું સ્થાન કાયા છે,
ક્રોધને પ્રગટ થવાનું સ્થાન વચન છે અને
લોભને પ્રગટ થવાનું સ્થાન મન છે.

'લલિત વિસ્તરા'ના હિન્દી અનુવાદ પૃ-૩૬૩માં કહ્યું છે કે:
મન, વચન, કાયા - ૩ ને વશમાં રાખનાર જ શ્રી નમસ્કારનો, નવપદનો કે ધર્મનાં અનુષ્ઠાનોનો સાચો અધિકારી છે. કામને જીતનારી દાંત, ક્રોધને જીતનારી ક્ષાન્ત અને લોભને જીતનારી શાંત બને છે, તેથી તે આરાધક બને છે. આ ગુણોના અભાવે વિરાધક બને છે, એમ શાસ્ત્રકારો કહે છે.

## ધર્મનું સ્વરૂપ

ભાવનાનો આધાર બુદ્ધિ છે, બુદ્ધિ સંસ્કારથી બને છે, સંસ્કાર કર્માનુસાર હોય છે, કર્મ આચરણથી થાય છે, આચરણ ધર્મથી બને છે, ધર્મવિશ્વાસ શ્રદ્ધાગમ્ય છે અને શ્રદ્ધા-વિશ્વાસ આત્મગમ્ય કે બોધિગમ્ય છે. આત્મા અનુભવગમ્ય છે, તેથી ધર્મ એ તર્ક કે વિવાદગમ્ય નથી,
કિન્તુ અનુભવ અને અંતઃપ્રેરણાગમ્ય છે.
અંતઃપ્રેરણા અનુભૂતિ માટે પ્રતીકો છે.
પ્રતીકો સ્વયં ઈશ્વર નથી પરંતુ
ઈશ્વર તરફ પ્રેરી જનાર સહાયક સાધનો છે.

પ્રાર્થના એ ઈશ્વરને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરવાનો
જીવનો એક નમ્ર પ્રયત્ન છે.
ઈશ્વર પાસે શક્તિ નહિ પણ ભક્તિ યાચવી જોઈએ.
પુણ્યનાં ફળ નહિ પણ પુણ્યને ઈચ્છવા જોઈએ.
મુક્તિ નહિ પણ શુદ્ધિ માંગવી જોઈએ.
પછી શક્તિ, પુણ્યફળ કે મુક્તિ તો સ્વયમેવ મળનારી છે.
'હું આત્મા છું, ઈશ્વરનો સજાતીય છું,
પોતાનો કર્તા-ધર્તા તથા સ્વયં પ્રેરક છું.'
ઈશ્વર પ્રતિ આ જાતની સજાતીયતાનું ભાન એ
પ્રાર્થનાના અધિકારી થવાનું પ્રથમ સોપાન છે.

Lord, teach us to pray.

ઈશ્વરની સાથે કલ્યાણકારક એકાત્મ બોધની પ્રાપ્તિના તાત્કાલિક શુભ પરિણામે વિચારીએ: 'જેવી રીતે સારી વસ્તુઓ ઈશ્વરમાં ભરી પડી છે, તેવી રીતે મારી અંદર પણ તે વિદ્યમાન છે. જ્યાં હું છું, ત્યાં ઈશ્વર છે. જ્યાં ઈશ્વર છે, ત્યાં હું છું. ઈશ્વરની સાથે તન્મય અથવા એક થઈ જવા બાદ યાચનાની કોઈ પણ આવશ્યકતા રહેતી નથી.' પ્રાર્થના મનુષ્યને ઈશ્વરના પૂર્ણ સાંનિધ્યમાં પહોંચાડે છે. તે વખતે મનુષ્ય દેશ અને કાળની ઉપર ચાલ્યો જાય છે.

નાની મોટી સર્વ વાતોની ચિંતા આપોઆપ મટી જાય છે.
પ્રાર્થનાનું તત્ત્વ કહે છે કે : 'આપના દ્વારા કૃપાપૂર્વક
આપેલી બધી સારી વસ્તુઓને પવિત્ર હૃદયથી આપને
સમર્પિત કરી દઉં છું.' પ્રાર્થનાની સફળતાનું એક રહસ્ય
એ છે કે પોતે પોતામાં સંપૂર્ણ દૈન્યનો અનુભવ કરવો.

પોતે પોતાને જ્યારે નિર્બળતમ સમજે છે,
ત્યારે જ તે પ્રભુના રાજ્યમાં મહાન તથા સશક્ત બને છે.
યતો ધર્મસ્તતો જયઃ | અર્થાત્ : જ્યાં ધર્મ છે, ત્યાં જય છે.

સ્તુતિ અને નિંદા કેવળ શબ્દરૂપ હોવા છતાં
તેની માનવીના મન ઉપર થતી અસરો પ્રત્યક્ષ છે.
પ્રાર્થના - પ્રણિધાન એકાર્થક છે. પ્રાર્થના કેવળ શબ્દોથી
વ્યક્ત થાય છે એવું નથી, એનું મૂળ સ્રોત હૃદય છે.

अच्युतानन्तगोविन्दनामोच्चारण-भेषजात् |
नश्यन्ति सकला रोगाः सत्यं सत्यं वदाम्यहम् ||

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

'જ્યારે ભગવાન આપે છે, ત્યારે છપ્પર ફાડીને આપે છે'
કહેવત અકબર રાજાના વખતથી શરૂ થઈ છે.
પ્રાર્થના દ્વારા અંતરાત્મામાંથી એક ગુપ્ત આધ્યાત્મિક
પ્રવાહ (Spiritual current) નીકળે છે.

# ઉત્કૃષ્ટ ભક્તિ

ઈશ્વરની પ્રાર્થના એક પ્રકારનો દિવ્ય આત્મસંતોષ છે.
જીવનમાં સંતોષ એ સૂચના જ દિવ્યત્વનું કારણ બને છે.
આપણે ચૂપચાપ આપણને જેવા કહીએ કે માનીએ છીએ,
તેવા જ નિરંતર બનતા જઈએ છીએ.
ઈશ્વર સંબંધી પ્રાર્થનાઓ પણ
એક પ્રકારની સૂચનાઓ અને સંતોષો જ છે.
આપણી પોતાની જ ભાવનાઓ આપણા મુખદ્વાર બહાર
નીકળીને આપણા ગુપ્ત મન-અંતરાત્માનું નવનિર્માણ કરે છે.
પ્રાર્થનાનો વિષય અંગત કામનાનો ન જોઈએ,
કિન્તુ 'બહુજનહિતાય, બહુજનસુખાય |' તેવો જોઈએ.
'તસ્મિન્ પ્રીતિઃ |' એ ભક્તિ છે.
'તસ્ય પ્રિયકાર્યસાધનં |' એ ભજન છે.
પ્રભુની યાદ નિરંતર બની રહે એ યાચના ઉત્કૃષ્ટ ભક્તિ છે.
એક ક્ષણ કે જેમાં પ્રભુનું સાચું સ્મરણ રહે,
તે લાખો સોનામહોરોથી પણ અધિક મહત્ત્વવાન છે.
પ્રાર્થનાનો ઉત્તર જો ન મળે, તો સમજી લેવું કે તે
ઉચિત મનોયોગથી થઈ જ નથી. વિફલતા ભગવાનની
ઉપેક્ષાના કારણે નહિ પણ ભક્તની શિથિલતાના કારણે છે.

'मनसश्चेन्द्रियाणां च ह्यैकाग्र्यं परमं तपः ।' અર્થાત્:
મન અને ઇંદ્રિયોની એકાગ્રતા તપ નહિ પણ પરમ તપ છે.
આ પરમ તપ દ્વારા નામ જપ કરતાં કરતાં મનુષ્ય શાન્ત,
દાન્ત, ઉપરત, તિતિક્ષુ, સમાહિત થઈને ભગવન્મય થાય છે
તથા ભક્ત અને ભગવાન - બંને એકત્વપણું બને છે.

## ભગવાનનું નામ

સમતા આવે તો સંસાર સાર છે, ન આવે તો ભાર છે.
પૈસાના નામનો મોહ દુઃખ આપે છે,
તેમાંથી છોડાવનાર ભગવાનના નામ ઉપરનો પ્યાર છે.
પ્રાર્થના = પ્ર + અર્થ. તે ઉત્કૃષ્ટ પ્રયત્નવાચક છે.
સર્વાર્થતા વડે સ્વાર્થતાને જતી પરમાર્થતા પ્રાપ્ત કરવી એ
ઉત્કૃષ્ટ પ્રયત્ન છે. નામના પ્રભાવે શેતાન કે હેવાન
પણ ઇન્સાન બનીને ભગવાનનો સાક્ષાત્કાર કરી શકે છે.
કુષ્ટ કે કનિષ્ઠ પણ શ્રેષ્ઠ બની પરમોષ્ઠ પદ પ્રાપ્ત કરે,
દુર્ધ્યાની ધર્મધ્યાની બની શુક્લધ્યાન સુધી પહોંચી શકે છે.
દુર્બલ-નિર્બલ પણ સબલ બની પ્રબલ ભક્તિ મેળવી શકે છે.
આર્ત-અર્થાર્થી પણ જિજ્ઞાસુ ભક્ત બની જ્ઞાનીપદ પ્રાપ્ત કરે છે.
નામનો 'ન' એ સૂર્યવાચક અને 'મ' એ ચંદ્રવાચક છે.
એ બંનેને જતી મધ્યનાડી પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય નામમાં છે.

## પ્રભુ નામની શક્તિ

તત્ત્વતઃ પાપની ઉત્પત્તિ સ્વરૂપના અજ્ઞાનમાંથી બને છે.
ભગવત્સ્વરૂપ ભગવન્નામથી સ્વરૂપ જ્ઞાનોત્પત્તિ દ્વારા
અજ્ઞાનની નિવૃત્તિ કરીને પાપોના બડને કાપી નાંખે છે.
જેમ અગ્નિમાં દાહકતા છે,
તેમ તે જ અગ્નિમાં પ્રકાશકતા પણ છે.
તેવી જેમ જ ભગવન્નામમાં પાપનાશક શક્તિની સાથે
પુણ્યોત્પાદકતા શક્તિ પણ રહેલી છે.

## ત્રિગુણાત્મક એટલે શું?

નિર્ગુણાત્મક = ગુણપર્યાયયુક્ત શુદ્ધ દ્રવ્ય - સિદ્ધપરમાત્મા.
સગુણાત્મક = શુદ્ધ ગુણપર્યાયયુક્ત દ્રવ્ય - તીર્થંકરપરમાત્મા.
અશુદ્ધાત્મક = અશુદ્ધ ગુણપર્યાયયુક્ત દ્રવ્ય.
દ્રવ્યથી સદૃશતા, ગુણથી એકતા, પર્યાયથી ભિન્નતાનું ભાવન
અનુક્રમે જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધિ કરનારા છે.
Imp. વર્તનનો વિવેક ભિન્નતાના વિચારથી રહે છે.
ભાવની વિશુદ્ધિ એકતાના વિચારથી રહે છે.
જ્ઞાનની શુદ્ધિ સદૃશતાના વિચારથી રહે છે.
ક્રિયમાણ કર્મને વિશુદ્ધ કરવા જ્ઞાનપૂર્વક ભક્તિપ્રધાન
નિષ્કામ કર્મ એ સાધન છે તેને ધારણ કરવું જરૂરી છે.

most important.

## નામાપરાધ

(૧) મહાપુરુષોની નિંદા કરવી તે. (૨) વિષ્ણુ-શિવ આદિ ઉપાસ્યમાં અંતર સમજવું. (૩) ગુરુના ઉપદેશ પ્રત્યે ઉપેક્ષાભાવ. (૪) નામ સંકીર્તનમાં અશ્રદ્ધા રાખવાવાળાઓ આગળ નામ કીર્તનના મહિમાનું કહેવું. (૫) શાસ્ત્ર નિયમોની બેદરકારી. (૬) શાસ્ત્રના સ્વાધ્યાય સાથે પ્રભુનામના સ્મરણની તુલના. (૭) નિત્ય-નૈમિત્તિક કૃત્યોનો ત્યાગ. (૮) નામમહિમાના લીધે પ્રભુના અનુગ્રહપાત્ર હોવાની અહંતા.

## નામસ્મરણથી પાપવિનાશ

ભગવાનના નામમાં પાપનો વિનાશ કરવાની જેટલી શક્તિ છે, તેટલી શક્તિ તો મનુષ્યમાં પાપ કરવાની ય હોતી નથી. મનુષ્ય પોતાના પ્રકૃત પાપોનો પ્રાયશ્ચિત દ્વારા ક્ષય અને પ્રકૃત પુણ્યનો પોતાના પાપકર્મો દ્વારા નાશ કરી શકે છે.

મનુષ્યનું ચિંતન શબ્દમય છે,
તેથી ઈશ્વરનું નામ લેવું તે ઈશ્વરનું ચિંતન જ છે.
નામોચ્ચારણનો આ મહિમા છે. જે નામમય છે, તે પ્રભુમય છે.
તેને માટે સમસ્ત વિશ્વ જ પ્રભુમય છે.
ઈશ્વર સ્વયં કોઈને સારું કે નરસું આપતા નથી.
જે જેવું ચિંતન કરે છે, તે તેવો બની જાય છે.

મન એ જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે.
સદ્વિચારોનો સાર એ ભગવાનનું નામ જ છે.
ભગવાનનું નામ એ જ સઘળી સફળતાની કુંચી છે.
સૌથી મોટી સમજ અને રચનાત્મક શક્તિનો
અજસ્ત્ર પ્રવાહ ભગવાનના નામમાં જ છે.
સાચી ભક્તની પ્રાર્થના નિષ્કૈવલ્યપણા માટે હોય છે.
ભક્તિની પ્રાપ્તિ પ્રભુકૃપાથી જ થાય છે.

न त्वहं कामये राज्यं न स्वर्गं नाऽपुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ॥ સદ્ઉક્તિ:

પરમેશ્વર હું રાજ્ય-સ્વર્ગ કે પુનર્ભવને પણ ઇચ્છતો નથી,
માત્ર દુઃખથી પીડાયેલા જીવોની પીડાનો નાશ ઇચ્છું છું.

## નામોચ્ચારણનું પ્રયોજન

આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી ભક્તની પ્રાર્થના સ્વને માટે હોય.
ભક્તિનું સરળતમરૂપ પ્રાર્થના - પ્રભુનું નામોચ્ચારણ છે.
પ્રભુની તરફ ઉન્મુખ થવું એ નામોચ્ચારણનું પ્રયોજન છે.

आत्मानं सर्वभूतेषु सर्वभूतानि चाऽऽत्मनि ।
समं पश्यन्नात्मयाजी स्वाराज्यमधिगच्छति ॥ સદ્ઉક્તિ:

સર્વ જીવોમાં પોતાને તથા પોતામાં સર્વ જીવોને સમાનપણે
જોતો આ રીતે આત્મસમર્પણ કરનાર સ્વર્ગના સુખોને પામે.

સાચી પ્રાર્થનામાં રક્ત સાધક પોતાના સ્વાર્થ તરફ નહીં;
કિન્તુ પરહિતમાં જ તે પોતાનું હિત જુએ છે.
સત્ય તો તે છે કે તેનામાં સ્વાર્થભાવ જ રહેતો નથી.

પૃથ્વીતત્ત્વ સ્તંભક છે, જળતત્ત્વ શાંતિકર છે,
અગ્નિતત્ત્વ દાહકર છે, વાયુતત્ત્વ ચાલક છે તથા
આકાશતત્ત્વ સંદીપક છે.

આકાશથી પૃથ્વી સુધી આવવામાં સૂક્ષ્મથી સ્થૂળમાં અવાય છે
અને પૃથ્વીથી આકાશ પર્યંત સ્થૂળથી સૂક્ષ્મમાં જવાય છે.
સુષુમ્ણાનો અધિષ્ઠાતા દેવ અગ્નિ, પિંગળા નાડીનો સૂર્ય,
ઈડા નાડીનો અધિષ્ઠાતા દેવ ચંદ્ર છે.

પ્રભુનામ અથવા રામનામ આ સર્વ દેવોને જાગ્રત કરી,
શ્વાસ - પ્રશ્વાસને સમ કરી
પ્રાણને સુષુમ્ણા નાડીમાં લઈ જઈને
સમાધિ સુખમાં પહોંચાડવાનું સામર્થ્ય ધરાવે છે.
અખિલ બ્રહ્માંડને ચલાવવાવાળી
અગ્નિ, સૂર્ય અને સોમ શક્તિઓ ઉપર
સ્વામિત્વ સ્થાપન કરવાની શક્તિ પણ રામનામમાં છે.
તેથી જ તુલસીદાસજી કહે છે કે:
વંદૌ રામનામ રઘુવર કે હેતુ કૃસાનુભાનુ હિમકરકે |

એક છત્ર એક મુકુટમનિ, સબ વરનનિ પર જોઉ,
તુલસી રઘુવર નામ કે, વરન વિરાજત દોઉ.

અંતર્યામી રામ ભગવાન ચરેલ નમ્રતાના સમ્રાટ.
'રામ' શબ્દમાં 'રેફસ્યોર્ધ્વગતિઃ।' 'મોઽનુસ્વારઃ।'
'ર' કાર જે રેફને સૂચિત કરે છે, તે છત્ર છે,
'આ' કાર તે 'અ'નું દીર્ઘ સ્વરૂપ બને છે તથા
'મ' કાર જે બિંદુને સૂચિત કરે છે, તે મુકુટમણિ છે.
રામનામનો ઉચ્ચાર તે ઓંકારનો જ ઉચ્ચાર છે.

અક્ષમાલિકોપનિષદ્ પૃ. ૨૪૨માં કહ્યું છે કે:
'ર' વર્ણ દાહકર - વિકૃતિકર છે.
'અ' સ્વર સર્વગત અને આકર્ષક છે.
'મ' વર્ણ વિદ્યુત - મોહનકર છે.

પ્રભુના નામસ્મરણથી માનસશક્તિમાં વિદ્યુત અને
સાધકની પ્રાણશક્તિમાં કંપન ઉત્પન્ન થાય.
(૧) ધ્વનિથી કંપન થાય. (૨) કંપનથી વર્તુળ બને.
(૩) વર્તુળથી વિશેષ આકૃતિઓ બને.
(૪) આકૃતિઓની સ્થૂલ-સૂક્ષ્મ દ્રવ્યો અને ઈથર પર અસર.
(૫) તેમાંથી સ્થૂળનું નિર્માણ થાય, ઈથરમાંથી પ્રભુતેજ અને
ઉષ્ણતા, ઉષ્ણતાનું ગ્રહણ ત્વક દ્વારા, તેજનું નેત્ર દ્વારા થાય.

વિશ્લેષણથી રામનામમાં ૫ અવયવ-કળાઓની પ્રાપ્તિ થાય:

(૧) તારક - સ્થૂળદેહનાં તત્ત્વો ⎫ અ
(૨) દંડક - સૂક્ષ્મદેહનાં તત્ત્વો ⎬ શુ
(૩) કુંડળ - કારણદેહનાં તત્ત્વો ⎭ દ્ધ
(૪) અર્ધચંદ્ર (◡) - મહાકારણદેહનાં શુદ્ધ સત્ત્વમય તત્ત્વો.
(૫) બિન્દુ (•) - કૈવલ્યદેહ, વિશુદ્ધ ચિત્સ્વરૂપ તથા જડ સંબંધથી રહિત, જાનકી. રેફ (ર) - રામચંદ્ર.

० हरि हरति पापानि दुष्टचित्तैरपि स्मृतः ।
अनिच्छयापि संस्पृष्टो दहत्येव हि पावकः ॥१॥

અર્થાત્

જેમ ઇચ્છા વગર પણ સ્પર્શાયેલો અગ્નિ નિશ્ચે બાળે જ છે, તેમ દુષ્ટચિત્તથી સ્મરણ કરાય, તો પણ હરિનું નામ પાપોને હરે છે.

સ્થૂળદેહમાં...

પૃથ્વીતત્ત્વ - અસ્થિ, ત્વક્ આદિ.
જળતત્ત્વ - મેદ, રક્ત, રેતસ્ આદિ.
અગ્નિતત્ત્વ - ક્ષુધા-તૃષાદિ.
વાયુતત્ત્વ - દોડવું, ચાલવું વગેરે.
આકાશતત્ત્વ - કામ, ક્રોધ, લોભ આદિ.

ह

## ૩ યોગ શેના ઉપાય?

કર્મયોગ = અશુદ્ધિ પર્યાય મલદોષ નિવારણનો ઉપાય.
ભક્તિયોગ = વિક્ષેપદોષના નિવારણનો ઉપાય છે.
જ્ઞાનયોગ = આવરણદોષના નિવારણનો ઉપાય છે.

કર્મયોગથી અંતઃકરણની શુદ્ધિ થઈ, સ્વરૂપની સ્મૃતિ જાગ્રત થાય, વળી જ્ઞાનાનંદમય થઈને પરબ્રહ્મ પરમાત્માથી અભિન્ન થઈ દુઃખ-શોકથી વિમુક્ત બની જવાય છે.

ભક્તિયોગ કે ઉપાસનાથી આસક્તિ મટે, વિરક્તિ જાગે અને પ્રભુચરણોમાં અનુરક્તિ વધે છે.

વિશુદ્ધ પ્રેમની ઉપલબ્ધિ કરી પ્રેમાસ્પદ પ્રભુની નિત્ય સેવાનું સૌભાગ્ય મળે છે અને સાહચર્યનું સુખ અનુભવાય છે.

## પરમાત્માના બે સ્વરૂપો

નિર્ગુણ (નિષ્કલ) અને સગુણ (સકલ).

સકલ પરમેશ્વરથી શક્તિ, શક્તિથી નાદ, નાદથી બિંદુ પ્રકટે.

બિન્દુથી પાછો નાદ અને બીજ (શક્તિ) પ્રકટે છે.

બિન્દુ શિવરૂપ અને બીજ શક્તિરૂપ છે.

બંનેનો સમવાય નાદ છે.

એનાથી રૌદ્રી આદિ શક્તિઓ પ્રકટે, જે રુદ્રાદિની જનની છે.

ભિદ્યમાન બિંદુથી જે નાદ પ્રકટે છે, તે જ શબ્દબ્રહ્મ છે.

## શબ્દબ્રહ્મ એટલે શું?

પ્રાણીઓની અંદર વ્યાપ્ત ચૈતન્યને 'શબ્દબ્રહ્મ' કહેવાય છે.
ચૈતન્યરૂપિણી નાદાત્મિકા શક્તિ પોતે જ કુંડલિની રૂપ થઈને
વર્ણોના રૂપમાં અભિવ્યક્ત થાય છે, તે જ મૂલાધારમાં પરા,
હૃદયમાં પશ્યન્તી, બુદ્ધિમાં મધ્યમા અને વાગિન્દ્રિયમાં
વૈખરી વાણી છે. અકાર આદિ સમસ્ત વર્ણો અને
બીજોનું આદિ કારણ પ્રણવ તેનું જ સ્વરૂપ છે. ચૈતન્યમય
હોવાથી જ ભગવન્નામોની શક્તિ અનિર્વચનીય કહી છે.

નામકીર્તનથી ન કેવળ પાપોનો ક્ષય થાય છે, અપિતુ
વાસના અને પ્રારબ્ધનો પણ નાશ થઈને
પરમ પુરુષાર્થ એવા મોક્ષની ઉપલબ્ધિ થાય છે.
તાંત્રિક દૃષ્ટિએ પ્રત્યેક શબ્દ અને વર્ણ
ચૈતન્યરૂપ છે, ભગવતી સ્વરૂપ છે.
નિંદા-સ્તુતિ, શાપ-વરદાન, કાવ્ય-ઈતિહાસઃ
એ સર્વ શબ્દરૂપ હોઈ કાર્યજનક છે.
શબ્દમાં અભિધા, લક્ષણા અને વ્યંજના-
એમ 3 પ્રકારની શક્તિ રહેલી છે.
અભિધા એટલે વૈખરી વાણી, લક્ષણા એટલે મધ્યમા વાણી
અને વ્યંજના એટલે પશ્યંતી વાણીરૂપ છે.

ભગવન્નામ એક વસ્તુ છે, તેથી વસ્તુસ્વભાવના કારણથી
ઉચ્ચરિત થવાની સાથે જ પાપનો ક્ષય કરે છે.
શ્રદ્ધા અને એકાગ્રતા સહિત હોય તો પૂછવું જ શું ?
કોઈપણ પદાર્થનો સ્વાભાવિક ગુણધર્મ પોતાને પ્રગટ કરે જ.
ભગવન્નામનો પણ પોતાનો ગુણ સ્વભાવ છે.
પ્રભુનામમાં સર્વ પાપોને સમૂળ નષ્ટ કરવાની અને
માનવ આત્માને અનન્ત આનંદના શિખરમાં પહોંચાડવાની
પ્રાકૃતિક અને પ્રચ્છન્ન શક્તિઓ રહેલી છે.

## પ્રગાઢ ભક્તિ

ભગવત્કૃપાની પ્રાપ્તિ પોતાના પ્રયત્નથી નહિ,
એ ઘેલછાને પ્રગાઢ ભક્તિ ઉત્પન્ન કરે છે.
ઋગ્વેદ ૧/૧૬૪/૪૬માં કહ્યું છે કે:
એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ । અર્થાત:
તે સત્ય પદાર્થ એક છે, વિદ્વાનો તેને અનેક નામોથી કહે છે.
આ દૃષ્ટિથી વેદમાં સેંકડો નામ છે:
વિષ્ણુ, રુદ્ર, ઈન્દ્ર, વરુણ, આદિત્ય, હિરણ્યગર્ભ, અગ્નિ, વાયુ,
ઉષા, ઈલા - સર્વ નામોનું વાચ્ય એક ભગવાન છે.
નામ બે પ્રકારના હોય છે: વર્ણાત્મક અને ધ્વન્યાત્મક.
વર્ણમાળાના અક્ષરોને જોડવાથી જે નામ બને તે વર્ણાત્મક.

દા.ત. રામ, કૃષ્ણ, શિવ, દુર્ગા ઇત્યાદિ.
વેદમાં આમાંથી કોઈ નામના જપનું વિધાન નથી.
ધ્વન્યાત્મક નામનો અનુભવ માત્ર યોગીઓને થાય છે.
જ્યારે યોગીઓનો પ્રાણ સુષુમ્ણામાં પ્રવેશ કરી અને
મૂલાધારની ઉપર ઉઠે છે, ત્યારે અન્ય અનુભૂતિઓની
સાથે સાથે દિવ્યનાદની પણ અનુભૂતિ તેને થાય છે.
એના માર્ગમાં જે મુખ્ય સ્થાન આવે છે, તેને 'ચક્ર' કહે છે.
તે એક પ્રકારે પ્રાણયાત્રાના માઇલસ્ટોન કહી શકાય.
પ્રત્યેક ચક્રમાં નાદનું એક વિશિષ્ટ રૂપ છે.
આ નાદોને સામૂહિકરૂપથી 'અનહદ' કે 'અનાહત' કહે છે.
સહસ્ત્રારમાં પહોંચીને નાદના સૂક્ષ્મતમ રૂપનો
જે અનુભવ થાય છે, તેને 'પ્રણવ' કહે છે.
અહીં સંપ્રજ્ઞાત સમાધિની અસ્મિતા ભૂમિકા રહે છે.
અસ્મિતા સમાધિમાં યોગીઓ ઈશ્વર સાક્ષાત્કાર કરી શકે છે.
એની ઉપર અસ્મિતાનો પણ લય થાય પછી
અને સંપ્રજ્ઞાત સમાધિનો ઉદય થતાં
ભવ અને ઈશ્વરનો સૂક્ષ્મ ભેદ પણ રહેતો નથી.
જે ભૂમિકામાં ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે, તેની સાથે
સંબંધ હોવાના કારણે પ્રણવ ઈશ્વરનો વાચક ગણાય છે,

તેથી પ્રણવ ૐ એ જ સાચા અર્થમાં ભગવાનનું નામ છે.

નીચેના સ્થાનોમાં પણ નાદનો જે અનુભવ થાય છે,

તે વસ્તુતઃ શબ્દોથી વ્યક્ત થઈ શકતો નથી.

તે સૂક્ષ્મ હોવાથી તેને વ્યક્ત કરવાની શક્તિ વાણીમાં નથી.

મહિમ્નસ્તોત્રમાં પુષ્પદન્ત મહેશ્વરના ધામ સંબંધે કહે છે કે:

ધ્વનિભિરનુસન્ધાનમણુભિઃ = સૂક્ષ્મ ધ્વનિઓથી અનુરૂપ છે.

પ્રણવનો પર્યાય બહુધા ઓંકાર મનાય છે,

અ, ઉ, મ - એ ૩ અક્ષરના મેળથી તે બને છે.

આ અક્ષરોના બ્રહ્મા - વિષ્ણુ - મહેશ, બ્રાહ્મી - વૈષ્ણવી - રૌદ્રી

આદિ અનેક અર્થ કરાય છે.

'પ્રણવ ઈશ્વરનું પ્રતીક હોવાથી બ્રહ્માદિ દેવોનું ય પ્રતીક છે'
એમ કહેવું તે ઠીક છે, પરંતુ મુખ્ય વાત એ છે કે તે
વર્ણાત્મક નહિ પણ ધ્વન્યાત્મક છે તથા અનુચ્ચાર્ય છે.
ૐ એ પરમનાદની એક સૂક્ષ્મ - અપૂર્ણ ધ્વનિમાત્ર છે.

એ નાદનો અનુભવ થઈ શકે, વર્ણન નહિ.

તે નાદને શબ્દો દ્વારા બીજા પાસે પહોંચાડી શકાતો નથી.

મહાકાલીની સ્તુતિ કરતાં સપ્તશતીમાં કહ્યું છે કે:

'ત્રિમાત્રા સ્થિતા |' તથા 'યાનુચ્ચાર્યા વિશેષતઃ |' ૐ
૩ માત્રાઓમાં સ્થિત છે પણ વિશિષ્ટરૂપથી તે માત્રા છે,

કે જે અનુચ્ચાર્ય છે, એ વાસ્તવિક ભગવન્નામ છે. તેનો
વર્ણન કે શબ્દોમાં કોઈપણ પ્રકારે લાવી શકાય તેમ નથી.
સર્વે વેદો જે પદનું મનન કરે, સર્વ તપસ્વીઓ જેની ચર્ચા કરે,
જેની ઈચ્છાથી બ્રહ્મચર્યનું પાલન કરે, તે પદ સંક્ષેપથી ૐ છે.

છાન્દોગ્યોપનિષદમાં કહ્યું છે કે:

દેવોને અંતિમ ત્રાણ પ્રણવમાં મળ્યું.

પરોક્ષપ્રિયા હિ દેવાઃ, પ્રત્યક્ષ દ્વિષિણઃ ।

ઈશ્વરવાચક પરાવાક ઈશ્વરથી અભિન્ન છે. જ્યાં વેદ છે,
ત્યાં વાક છે અર્થાત્ પરાવાક સમસ્ત વેદમાં વ્યાપ્ત છે.
પરાવાક, પ્રણવ, ભગવન્નામ - એ ત્રણે એકાર્થક જ છે.
વિશ્વની ઉત્પત્તિના પરમ વ્યોમમાં બધા વેદ સ્થિત છે,
જેમાં સર્વ દેવગણ આશ્રય મેળવે છે.
જે ૐને નથી જાણતો તે વેદને ગ્રંથથી ભણીને શું કરશે?
જે લોકો તે પરાવાકને જાણે છે,
તે અપુનરાવૃત્તિરૂપી પોતાના સ્વરૂપમાં સ્થિતિ પામે છે.
પરાવાક પરમનાદને અમુક પ્રકારે જાણવાથી જ
સ્વરૂપ સ્થિતિ કે મોક્ષની પ્રાપ્તિ થાય છે, અન્યથા નહિ.
મૂળનાદ સ્ફુરે છે, તેનાથી છૂટીને જગત નિકળ્યું છે.
આ દૃષ્ટ પ્રપંચ જેટલો પણ વર્ણ્ય છે,
તે બધામાં તેના અનંત-અપાર ગુણોની થોડી ઘણી ઝાંખી છે.

ह

એ કારણે વર્ષોના મોટા ધર્મોના રામ, કૃષ્ણ, શિવ જેવા
નામોમાં પણ કલ્યાણપ્રદ પ્રભાવ છે, છતાં તે વેદોક્ત
દિવ્ય ભગવન્નામ અથવા સત્સ્વાક્ષરાવાણીની તુલનામાં તો
ન આવે, તે કારણે વેદોક્ત ભગવન્નામનો જપ કરવાથી
ઐહિકામુષ્મિકસિદ્ધિ અને મોક્ષરૂપ પરમશ્રેયની પ્રાપ્તિ થાય છે.
જ્ઞાન અને કર્મયોગમાં ભક્તિઅનુસ્યૂત છે, તે પૃથક્ કરી નહિ.
ભક્તિશૂન્ય જ્ઞાન મિથ્યા છે, ભક્તિશૂન્ય કર્મ અફળ છે.
તેથી જ્ઞાન અને કર્મની સાથે ભક્તિ જોડાયેલ જ છે.

वाच्यवाचकमित्युदेति भवतो नाम स्वरूपद्वय-
पूर्वस्मात्परमेव हन्त करुणं तत्रापि जानीमहे
यस्तस्मिन् विहितापराधनिवहः प्राणी समन्ताद्भवे-
दास्येनेदमुपास्य सोऽपि हि सदानन्दाम्बुधौ मज्जति ॥६॥

- श्री गोस्वामीजी (परिशिष्ट-२)

Spiritual thoughts or spiritual truths are more than matters of mere fact. 'Guru' means the one who knows God and is one with Him. The qualification of true devotee of this path is practice, not dogmatic belief.

## ગુરૂ મહિમા

જે કોઈ પણ સાધકને જે કાંઈ પણ વિભૂતિની પ્રાપ્તિ
થઈ છે, થાય છે કે થવાની છે, તે ગુરૂકૃપાને કારણે.
મનુષ્યમાં જે બોધકિરણ છે, તે તેના ગુરૂત્વનું લક્ષણ છે.
તેનાથી કાં તો બોધિમાં જવાય છે અથવા તો મૂર્છામાં.
બોધની કિરણના આલંબને જ અંતરમાં ગતિ કરી શકાય.
એક જ નદીમાં બે વાર ઉતરવું અસંભવિત છે.
સ્વસ્મૃતિની જરૂર છે, જે જાગૃતિમાં સ્વયંનું સ્મરણ નથી,
તે જાગૃતિ નહિ પણ જાગૃત સુષુપ્તિ છે.
સ્વવિસ્મૃતિમાં જાગૃતિ એ નિદ્રા અને જીવન એ સ્વપ્ન છે.
મહાન વસ્તુની પ્રાપ્તિમાં જે આનંદ છે,
તેનાથી અધિક તેની અભિલાષા અને આશામાં છે.
મનુષ્યની પૂર્ણપણે વિકસેલી ચેતનાનું નામ 'પરમાત્મા' છે.
પરમાત્માની પ્રાપ્તિ માટે ખૂબ આશાવાદી દૃષ્ટિકોણ જોઈએ.
અપ્રાપ્તિ કરતાં નિરાશા વધુ દુઃખકર છે.
જે વસ્તુની ઇચ્છા છે પણ આશા નથી, તે વધુ પીડે છે.
તેથી જ ઇચ્છા કરતાં પણ આશા વધુ મૂલ્યવાન છે.
મનુષ્યનું સૌથી મોટું સર્જન પોતાને સમજવું, સ્વને શોધવું
નથી, પોતાના જીવનનો સમ્યક વિકાસ સાધવો તે છે.

સાધનાનું કેન્દ્ર આત્મા - પરિધિ શરીર છે. શરીર આત્માની
સાધના માટેનું અદ્ભુત સાધન છે, તેના પ્રતિ કૃતજ્ઞ બનો.

જે વ્યક્તિ જેવા વિચારોથી આંદોલિત થાય છે,
તેવું જ તેનું વ્યક્તિત્વ બને છે.

જગતમાં જેમ અશુભ વિચારોની તો આંધી છે,
તેમ શુભ વિચારોના દીવડાઓ પણ ટમટમે છે.
તેથી જ મંગલ વિચારો અને સત્પુરુષોની નજીક રહો.

અત્યંત જરૂર વિના બોલવું તે સાધકના જીવનમાં બાધક છે.
શક્ય તેટલું વધુ મૌન રહો - એકાંત માણો.

જોવાની દૃષ્ટિ ઉપર જ જીવનની ખીલવટનો આધાર છે.
જેમને સંપ્રાપ્ત થયું છે, તેમના તરફ જ દૃષ્ટિ જુઓ.
જે નથી પામ્યા, તેને ન જુઓ.

ધર્મ કોઈનો થઈ શકતો નથી, મનુષ્ય ધર્મનો થઈ શકે છે.

હૃદયમાં ઉત્તમ ભાવો જ પેદા થાય તેમ હૃદયને કેળવો.
જેવા ભાવોનું સ્મરણ કરો છો, તેવાં બી વાવો છો.

જો જીવનમાં શાંતિ, પ્રેમ અને આનંદ ન હોય,
તો જીવન ભયંકર અને દારિદ્ર્ય ભર્યું છે, એમ માનો.

જીવનની ચર્ચામાં વિચાર કરતાં પણ ભાવ બળવત્તર છે.
વિચાર પોતાને માટે છે, જ્યારે ભાવ બીજાને માટે છે.

વિચાર માંગે છે, જ્યારે ભાવ આપે છે.
જ્યાં સુધી ભાવમાં પરિવર્તન આવતું ન થાય,
ત્યાં સુધી વિચારશુદ્ધિનું ય જોઈતું પરિણામ આવતું નથી.
શુભભાવની ડીઝાઈનમાં ૪ રંગોનો સુમેળ છે:
મૈત્રી, મુદિતા, કરુણા અને પ્રસન્નતા.
વેર-વિરોધ મૈત્રીથી વિરુદ્ધ છે,
ક્રૂરતા-કઠોરતા કરુણાથી વિપરીત છે,
વિષાદ, સંતાપ, ચિન્તા તથા શોક મુદિતાથી વિપરીત છે
અને અપ્રસન્નતા એ પ્રસન્નતાથી વિરુદ્ધ છે.
શુદ્ધ ભાવ સ્થિતિ - અશુદ્ધ ભાવ વિકૃતિ - પ્રેમ સ્વભાવ છે.
ઘૃણા, શત્રુતા વિભાવ - બાહ્યભાવ છે, જે બહારે પેદા થાય છે.
જે ભાવ અંદરથી ઊઠે તે શુદ્ધ - બહારથી આવે તે અશુદ્ધ છે.
પ્રેમના ભાવો બહારની હવાને બદલવાની શક્તિ ધરાવે છે.
ચોવીસ કલાકમાં એક કામ એવું અવશ્ય કરો કે
જેના બદલામાં કાંઈ પણ જોઈતું ન હોય!
'સર્વ જીવો સાથે મારે મૈત્રી છે'
એ ભાવનો આનંદ કેટલો છે, તે એકદા જુઓ તો ખરા!
કોઈ ગાળ દે ત્યારે પણ કરુણા આવવી જોઈએ કે
ગાળ દેનાર લાચાર છે, કેમકે તે બીજું કરી શકતો નથી.

જીવન ૪ દિવસનું છે, તો પછી તેને કકળાટથી શા માટે છલકાવી દેવું જોઈએ નહિ? દુનિયા દુઃખથી ભરી છે, તેમાં દુઃખનો ઉમેરો ન કરવો, પણ બીજાનું સુખ વધારો.
એ રીતે વચનશુદ્ધિ, વિચારશુદ્ધિ અને ભાવશુદ્ધિ વધારો.
તે માટે શરીરશુદ્ધિ, આહારશુદ્ધિ, વિહારશુદ્ધિ પણ વધારો.

'મુદિતા' એટલે આનંદ, પ્રમોદ, પ્રસન્નતા.

સમગ્ર ભૌતિક વિષાદથી ભર્યું છે, ઉદાસ - ઉદ્વિગ્ન છે પણ
પરમાત્માની નજીક પહોંચેલો સદા પ્રસન્ન છે.

સારું જ જોવાની આદત હશે તો સદૈવ પ્રસન્નતા સાંપડશે.

જેટલા ઉંચે ચઢવું હોય, તેટલા હલકા બનવું જોઈએ.

ઉદાસીનતાનો બોજ નીચે મૂકી દેવાથી પ્રસન્નતા પ્રગટશે.

આ સદીમાં જો કંઈ ખોવાઈ ગયું હોય તો તે કૃતજ્ઞતા છે.

આ નાનું સરખું શરીર પણ એક અજાયબ ઘર જ છે.
વૈજ્ઞાનિકોએ મોટાં મોટાં કારખાનાઓ ઊભા કર્યા પણ એકેયમાં રોટલી કે ભાતનું લોહી અને માંસ બનાવવાની તાકાત નથી. આવડા નાના શરીરમાં આ ચમત્કાર થાય છે.

આવા અજાયબ શરીર પ્રત્યે કૃતજ્ઞ છો?

પૂર્વજોનો જે સાહિત્ય અને સંસ્કૃતિનો વારસો મળ્યો છે, તે પ્રતિ કૃતજ્ઞ રહો. કૃતજ્ઞતાથી જીવન ધન્ય બની જશે.

વિકારોનું દમન કરવાની અપેક્ષાએ તેની શુદ્ધિ કરવી જોઈએ.
કષાયોમાં પણ શક્તિ છે, એના દમનથી શરીરમાં વિકૃતિ થાય.
ક્રોધ પણ શક્તિ છે, તેનો સદુપયોગ કરવો જોઈએ. વિષય
વિકારોની શક્તિ પણ સર્જનમાં ઉપયોગી બનાવવી જોઈએ.

મનથી દૂર ભાગવાની જરૂર નથી પણ
મનની પ્રત્યેક ક્રિયાઓને પ્રેમથી સમજવાની જરૂર છે.
એ સમજ જ વ્યક્તિને મનથી બહાર લઈ જશે.

બુંદને સાગરમાં જવું હોય તો સ્વને સાગરમાં ખોઈ દેવું જોઈએ,
તેમ વ્યક્તિને વિરાટમાં જવું હોય તો
પોતાની બધી કૃત્રિમ સીમાઓને સમાપ્ત કરી દેવી જોઈએ.

गुणा गुणज्ञेषु गुणीभवन्ति ते निर्गुणं प्राप्य भवन्ति दोषाः।
आस्वाद्यतोयाः प्रभवन्ति नद्यः समुद्रमासाद्य भवन्त्यपेयाः॥
અર્થાત્: ગુણવાનને વિષે ગુણો ગુણસ્વરૂપ અને નિર્ગુણ
વિષે ગુણો પણ દોષસ્વરૂપ બને છે. જેમ મધુર નદીઓ
સમુદ્રને પામીને પીવાલાયક ન રહે એવા જળવાળી બને.

नाम्नोऽस्ति यावती शक्तिः पापनिर्हरणे हरेः।
तावत् कर्तुं न शक्नोति पातकं पातकी जनः॥ અર્થાત્:
પાપને હરવાની જેટલી શક્તિ હરિનામમાં છે, પાપી
મનુષ્ય તેટલા પાપો પણ કરવા માટે સમર્થ હતો નથી.

હે પ્રભો ! પાર્શ્વનાથ !

મારા જીવનની પ્રત્યેક પર્યાયમાં આપનું જ એક શરણ હો.
સંસારના સર્વ જીવોને પણ આપનું જ શરણ પ્રાપ્ત થાઓ.
જો મારું મન આપના ચરણોમાં છે, તો કોઈ ચિન્તા નથી.
આપને શરણે રહેલું મારું મન મૃત્યુને પણ મહોત્સવ બનાવશે.
હે ભગવન્ ! મારા ચિત્તમાં સદા આપનું જ એક ધ્યાન રહો.
મારે બીજું કાંઈ પણ જોઈતું નથી.

यथाऽर्को दिनचेष्टानां सांनिध्ये उपकारकः ।
तथा सांनिध्यमात्रेण विदधात्यखिलं शिवः ॥१॥ સદ્વૃત્તિ:

સંનિધિના કારણે દિવસે થતી પ્રાણીઓની ચેષ્ટાઓમાં જેમ સૂર્ય ઉપકારક છે, તેમ શિવ સંનિધિમાત્રથી બધું કરે છે.
કર્તૃત્વ બે પ્રકારનું હોય: (૧) સંકલ્પમાત્રથી (૨) કરણથી.
શિવ સંકલ્પમાત્રથી બધું કરે છે,
બાકી કોઈ વ્યાપાર વિશિષ્ટ નહિ, તેથી તે વિકૃત થતો નથી.

અધારની દૃષ્ટિ ભ્રાન્ત, મૂઢની દૃષ્ટિ શ્રાંત કે ભ્રાન્ત,
કવિ કે વિદ્વાનની દૃષ્ટિ કર્તૃત્વાભિમાનસહિત કાન્ત અને
મુનિની દૃષ્ટિ કર્તૃત્વાભિમાનરહિત શાંત-સમતામય હોય છે.

દોષોની ખાસ વિશેષતા એ છે કે તેઓ ક્ષાયિકભાવને ધારણ ન કરી શકે, માત્ર ગુણો જ ક્ષાયિકભાવને પામે.

અપકારરૂપ ઉપગ્રહ તે દોષ છે.

ઉપકારરૂપ ઉપગ્રહ તે ગુણ છે.

ઉપગ્રહ બહિરંગ લક્ષણ છે એટલે કે જીવ ઉપગ્રહ લઈ શકે અને કરી શકે, જે બંનેમાં જીવો પરસ્પર સંકળાયેલાં છે.

'अनन्तेन कार्येण भवमोचकः ।'

એ કાયિક ઉપગ્રહનું બહિરંગ લક્ષણ છે.

ઉપગ્રહ કરવાનું મુખ્ય બળ સિદ્ધોમાં છે, જ્યારે લેવાનું બળ જીવોમાં પોતપોતાની પાત્રતા મુજબ રહેલ છે.

દોષરૂપ ઉપકાર તે ઉપગ્રહશક્તિનો વિકાર છે.

ઉપકારરૂપ ઉપગ્રહ જીવનું સ્વાભાવિક બહિરંગ લક્ષણ છે.

ઉપગ્રહ એ વાત્સલ્યગુણનું કાર્ય છે.

પ્રકૃતિ કે ધર્મની મહાસત્તા પૃથ્વી, જલાદિની નિયામક છે, તેથી પ્રકૃતિ, પૃથ્વી આદિ સર્વ જીવોના હિતમાં વર્તે છે, તે સાથે જીવોને પણ સર્વ જીવોના હિતમાં પ્રવૃત્તિ કરાવે છે. તેનાથી વિરુદ્ધ કોઈ વર્તવા જાય તો તે દંડને પાત્ર બને છે.

દુઃખવિસ્મરણનો ઉપાય છે સ્વવિસ્મરણ તથા દુઃખનાશનો ઉપાય છે સ્વસ્મરણ.

સ્વસ્મૃતિ માર્ગ છે, સ્વવિસ્મૃતિ ઉન્માર્ગ છે.

સ્વના વિસ્મરણથી નહિ પણ વિસર્જનથી પ્રભુ ઉપલબ્ધ થાય.

પ્રભુના સ્મરણથી સ્વને ભૂલવું તે ભૂલ છે,
સ્વના બોધથી સ્વને મિટાવવું તે માર્ગ છે.
'સમાધિ' એટલે સ્વરૂપમાં સાવધાની.

<u>પાંચ અનિષ્ટો</u>

(૧) કુશીલ = આત્મસ્વભાવને તે બગાડનાર હોય છે.
(૨) કુકર્મ = કામ-રાગ જેવું અન્ય કોઈ કુકર્મ નથી.
(3) પશુકર્મ = મનુષ્ય પશુ જેવો બનીને કર્મ કરે તે.
(૪) અજ્ઞાન = જ્ઞાનનો - જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આદિ આત્મગુણોનો ઘાત કરનાર અનિષ્ટ છે.
(૫) વ્યભિચારી = વ્યવહાર શુદ્ધિથી ભ્રષ્ટ-ચલિત થાય છે.

<u>ધર્મ એટલે શું ?</u>

વસ્તુનો સ્વભાવ, ઉત્તમ ક્ષમાદિ ૧૦ ગુણો, રત્નત્રય સ્વરૂપ તથા જીવોની દયા-અહિંસા એ ધર્મ છે.

ક્ષમાદિ ૧૦ તથા જીવદયા એ આત્મસ્વભાવ છે, જ્યારે રત્નત્રય એ આત્મસ્વરૂપ છે. સંસાર, દેહ તથા ભોગ પ્રત્યે સંવેગ, વિરાગ, અણગમો, અરુચિ, અણરાગ હોવો જોઈએ. ધર્મ, ધર્મસાધન, ધર્મફળ પ્રત્યે રુચિ, રાગ હોવા જોઈએ. વસ્તુ = આત્મા. આત્માનો સ્વભાવ = કેવળજ્ઞાન-દર્શન. ધર્મમાં અનુરાગના પરિણામમાં લીન થવું એટલે સંવેગ છે.

## શેનાથી કોને હણવો?

(૧) મૈત્રીથી દ્વેષને હણવો.

(૨) વૈરાગ્યથી રાગને હણવો.

(૩) વિવેકથી મહામોહને હણવો.

(૪) શુદ્ધિરૂપી શસ્ત્ર વડે શોકને હણવો.

(૫) માર્દવની તલવાર વડે માનને હણવો.

(૬) ક્ષમા રૂપી કરવત વડે ક્રોધને હણવો.

(૭) ચિત્તના ધૈર્યરૂપી બાણ વડે ભયને હણવો.

(૮) બ્રહ્મચર્યરૂપી હસ્ત વડે કામરૂપી માંકડને હણવો.

(૯) આર્જવરૂપી દંડ વડે વૃક્ષ એવા માયાને હણવા.

(૧૦) સંતોષરૂપી અગ્નિ વડે જાળ એવા લોભને હણવો.

(૧૧) દમરૂપી ઇષુ (ધનુષ) વડે અનાદિવત્સલ રતિ-અરતિ, હાસ્ય, જુગુપ્સા અને પાંચ ઇંદ્રિયરૂપી સર્વ ભાંડને હણવા.

(૧૨) મોક્ષકારણભૂત ક્ષાન્તિ, સંતોષ, જ્ઞાન, સત્ત્વ, શમાદિ
પ્રથમ સ્વાભાવિક કુટુંબ વડે ભવના કારણભૂત
ક્રોધ, શોક, અરતિ, માન, માયા, ભય આદિ
દ્વિતીય વૈભાવિક કુટુંબને હણવું અને તે માટે
માતા-પિતાદિ પરિવાર રૂપ
આપણા ત્રીજા કુટુંબની સહાય લેવા.

## 'સમયસાર' શાસ્ત્રમાં આપેલા દોહરા મુજબ જીવના લક્ષણોનું વર્ણન

સમતા, રમતા, ઉરધતા, જ્ઞાયકતા, સુખભાસ:
વેદકતા, ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ.

(૧) સમતા = સમપણું, અસંખ્યાત પ્રદેશીપણું, ચૈતન્યપણું, અરૂપીપણું, ત્રણે કાળમાં વીતરાગ ભાવ.

(૨) રમતા = રમણીયપણું, સર્વાંગ સ્ફૂર્તિ, સુંદરતા તથા રમ્યતા, લલિતતા - જીવના લક્ષણો છે.

(૩) જ્ઞાયકતા = જડથી ભેદ પાડનાર, જીવનું જાણપણું, વળી જીવના સ્વસંવેદનનું મૂળ લક્ષણ.

(૪) સુખભાસ = વિષયસંબંધજનિત યા સમાધિજનિત સુખ, એ જીવધર્મ છે, જેમ કે નિદ્રાજનિત સુખ.

(૫) ઉરધતા = ઊર્ધ્વતા, ઉપર જવાનો સ્વભાવ, મુખ્યતા,

(૬) વેદકતા = વેદન ભાવ, અનુભવ ભાવ, સ્પષ્ટ ભાવ, હું સુખી, હું દુઃખી, હું રાગી, હું દ્વેષી, હું મોહી, હું અસાતાની ઇત્યાદિ વિવિધ સ્વાદ લેવા તે.

(૭) ચૈતન્યતા = સ્પષ્ટ પ્રકાશપણું, ઉપયોગ, શુદ્ધ ધર્મ સાથે બુદ્ધિ અને વૃત્તિનું ખરું સ્વરૂપ.

આ ૭ લક્ષણો સાથે જીવ દિવ્યતામય સ્વરૂપે પ્રકાશે છે.

ह

રાગના બે પ્રકારો: શુભ અને અશુભ.

'પ્રવચનસાર' શાસ્ત્રમાં કહ્યું છે કે:

રાગ, દ્વેષ અને મોહ એ બંધનાં કારણ છે.

મોહ એટલે મિથ્યાત્વ અને દ્વેષ. એ બે સવડી, ભેદ છે.
તે મોહ ભવભ્રમણના હેતુભૂત પાપ કર્મ બંધાવનાર છે.
વિષય, કષાય, મિથ્યાત્વ અને પરિગ્રહાદિકમાં અનુરાગ છે
તે મોહભાવ અને દ્વેષભાવરૂપ છે, નરક-નિગોદાદિનો હેતુ છે.
સમકીતિ જીવ અન્ય આત્માની, મિથ્યાદૃષ્ટિ કે પાપી જીવ પ્રત્યે
પણ દ્વેષભાવ કરતો નથી. મિથ્યાત્વ અને જ્ઞાનાવરણાદિ
કર્મને વશવર્તી જીવો આત્માને ભૂલી રહ્યા છે,
તેમની સાથે વૈરઝેર શું વળવાનું છે? તેમની વિપરીત
બુદ્ધિ જ તેમને મારી રહી છે, તેથી દયાભાવ જ રહે છે.

રાગ-દ્વેષરહિતને મધ્યસ્થ પરિણતિ ટકી રહે છે.
સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ રાખતો સમ્યગ્દૃષ્ટિ જીવ
કોઈના ઉપર પણ વેર ધરતો નથી.

રાગ એ ગુણ અને ગુણી ઉભય પ્રત્યે કેળવવાનો છે.
પ્રત્યનીક પ્રત્યે પણ તેની પ્રત્યનીકતા ઉપર દ્વેષ કરવાનો
છે, નહિ કે તે વ્યક્તિ પ્રત્યે. તેથી જ તો ધર્મના લક્ષણમાં
મૈત્રી એ અપરિહાર્ય છે, વૈરાગ્યનું ચિહ્ન એ પરિમિત છે.

અશુભ રાગ હેય છે કિન્તુ ધર્મ - તેનાં સાધનો - ધર્મી પ્રત્યેનો
શુભ રાગ પરંપરાએ તો મોક્ષનો હેતુ હોવાથી ઉપાદેય છે.
દ્વેષનો પ્રતિકાર મૈત્રીથી છે, તેથી મૈત્રીનું ક્ષેત્ર વ્યાપક છે,
વૈરાગ્યનું ક્ષેત્ર પરિમિત છે, કેમકે તે સર્વ પ્રત્યે કેળવવાનો
હોતો નથી. દ્વેષ દોષ પ્રત્યે હોય, દોષવાન પ્રત્યે નહિ.

અરિહંતાદિ પરમેષ્ઠિઓ
ઉત્તમ ક્ષમાદિ ધર્મ, સ્યાદ્વાદરૂપ આગમવચન,
વીતરાગના બિંબ, ચૈત્યાદિ પ્રત્યે અનુરાગ તે શુભ રાગ છે.
તે સ્વર્ગાદિની પ્રાપ્તિ કરાવનાર પુણ્યબંધનું અને
પરંપરાએ મોક્ષનું કારણ છે.

શાંતિ, શાંતિ, આશ્ચર્યજનક શાંતિ... તે સ્વર્ગસ્થિત પરમાત્મા
તરફથી નીચે અમારી તરફ સતતપણે પ્રવાહિત થાય છે.
તેમને પોતામાં ઉપરથી નીચે સુધી ડુબાડી દે, ગળાડૂબ કરી દે.
પ્રેમના અનંત સાગરની લહરીઓમાં
હું સતત ડુબકીઓ લગાવું એવી મારી આજની પ્રાર્થના છે.

o

If we live a life of prayer.
God is present everywhere.
who rises from prayer a better man,
his prayer is answered.

જે રીતે પર્વતોમાં પાણી રહેતું નથી,
એવી રીતે મહાન માણસોમાં વેરની ભાવના રહેતી નથી.
મહાન બનવા, મહત્તાને ભૂલી સત્યને મેળવવાનો પ્રયત્ન કરો,
તો એક દિવસ તમને જરૂર મળી જશે.
જીદમાં જડતા છે, જતું કરવામાં મહત્તા છે.
જે પોતાને ક્યાં જવું છે એ જાણે છે,
તેને રસ્તો આપવા આખી દુનિયા આઘી ખસી જાય છે.
આપણે જે મેળવ્યું છે, તેના કરતાં
જે નથી મેળવ્યું તે હંમેશા પ્રિય લાગવાનું.
સર્જનનો આનંદ માણવો હોય તો પ્રસવની પીડા સહવી જ રહી.
શ્વાસનો અંત એ જ મોત નથી, આશાનો અંત પણ મોત જ છે.
બાળકોની ભૂલોમાંથી શીખો, કારણકે
એ જ ભૂલો કરવાનો તમારી પાસે સમય નથી.
મનુષ્યે પોતાની ભૂલ કબૂલ કરવામાં કદી સંકોચ રાખવો
જોઈએ નહિ. બીજા શબ્દોમાં એનો અર્થ એ થાય છે કે
વીતી ગયેલા કાળ કરતાં આજ તે વધારે બુદ્ધિશાળી થયો છે.
શાસ્ત્રોમાં એ ઉપદેશ છે કે:
સિદ્ધમાં જે ભાવ હોય તે અતિસ્વભાવ ગુણ કહેવાય,
એવા સ્થિરતા છે માટે સર્વ પ્રકારે તેની સિદ્ધિ કરવી.

'જેમ સુતા સર્પને સુતા નહીં કહે,
તેમ મૂર્છા બંધાને મૂર્છા નહીં કહે!'
નિશ્ચયનયની દૃષ્ટિએ આવી કોઈ ભ્રાન્તિ નથી.
નિશ્ચયનયથી આત્મા લેપાયેલો કે કર્મથી બંધાયેલો નથી.
વ્યવહારનયથી લેપાયેલો આત્મા કર્મથી બંધાયેલો છે.
ભાવયોગી અલિપ્ત દૃષ્ટિએ શુદ્ધ થાય છે,
ક્રિયાવાળો લિપ્તપણાની દૃષ્ટિએ શુદ્ધ થાય છે,
તે લેપ ટાળવાના અભ્યાસને અવલંબે છે.

અત્ર સ્વરૂપે જે બહિરાત્મા હોય, તે શક્તિરૂપે અંતરાત્મા હોય અને વ્યક્તિથી અંતરાત્મા હોય, તે શક્તિથી પરમાત્મા હોય. વ્યક્તિ રૂપે પરમાત્મા હોય તે ભૂતપૂર્વ ન્યાયે 'બહિરાત્મા તથા અંતરાત્મા' ઈત્યાદિ. (પૃ-૮૮-૮૯)

પરને વિષે મન હોવું તે ચિન્તાસ્વરૂપ હોય અને આત્માને વિષે મન તે સમાધિસ્વરૂપ હોય. (પૃ-૯૭)

વ્યવહારનયે મુનિ સંસારના ભયથી જ સ્થિરતા પામે અને પોતાના આત્માની રતિરૂપ નિર્વિકલ્પ સમાધિમાં હોય, ત્યારે સંસારનો ભય પણ સમાધિમાં જ મગ્ન થાય. (પૃ-૧૨૮)

નિષ્કામ કર્મોમાં અકર્મને અને અનાસક્તિપૂર્વક અકર્મોમાં કર્મને જુએ તે બુદ્ધિમાન, યોગી અને સર્વ કર્મનો કર્તા છે.
(પૃ-૧૫૪)

નિશ્ચયનયે સર્વ સાધનને આત્માની તત્પરતાએ, નિરંજન
જ્ઞાનને કર્મ તથા તત્ફલાર્થીપણું અને કૃતને એકાન્તે જાણવા.
અકૃતકૃત્ય બુદ્ધિ તો મિથ્યાભાસના વિલસિત જ જાણવા.
ગૃહસ્થને ભાવનોપનીત માનસા નામે ભાવપૂજા હોય પણ
કાયિકી ભાવપૂજા તો ચારિત્રવંતને જ હોય, એ વિશેષતા છે.

તદંજનત્વ = અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ.

તાત્સ્થ્ય = અંતરાત્માને વિષે પરમાત્માના ગુણનો સંસર્ગારોપ.

એ ધ્યાનનું ફળ અતિ વિશુદ્ધ છે. (પૃ-૭૭૨)

તત્ત્વાનુશાસનમાં કહ્યું છે કે:

નવકાર મંત્ર એ પરમ સ્વાધ્યાય, જ્યારે
બાકી શાસ્ત્રો માત્ર સ્વાધ્યાય છે.

વીતરાગમાં મહોદય પદ પ્રાપ્ત કરાવવાની શક્તિ છે,
એવો એમનો સ્વભાવ જ છે.

સ્વપરાભાસિ જ્ઞાનં પ્રમાણં । અર્થાત્:
સ્વપર ઉભયને જાણનાર એવું જ્ઞાન એ પ્રમાણનું લક્ષણ છે.

વ્યવહારકાળમાં અર્થાભિમુખતાની પ્રધાનતા હોવાથી
અર્થનું જ્ઞાન થાય છે, જ્યારે
સાધનાકાળમાં સ્વાભિમુખ થવાનું લક્ષ્ય રહેવાથી
સ્વનું અથવા સાધકના જ્ઞાનનું જ્ઞાન થાય છે.

વિષયાભિમુખ રહેવાથી વિષયો સાથે એકતા થાય છે.
વિષયો અશુભ હોય તો તે એકતા બંધનનું કારણ બને છે.
આત્માભિમુખ કે ભગવાભિમુખ રહેવાથી વિષયાતીત સાથે
એકતા થાય છે. ભગવાન અને ભગવાનનો આધાર આત્માની
સાથે એકતા થવાથી સંવર - નિર્જરાનો હેતુ બને છે.

V. Imp.

## પ્રેમ - મનનો પરમ ગુણ

જગતમાં કાષ્ઠથી બળવાન લોખંડ, લોખંડથી બળવાન અગ્નિ છે,
અગ્નિથી બળવાન પાણી, પાણીથી બળવાન પવન છે,
પણ પ્રાંતે પવનથી ય બળવાન તો મનનો પ્રેમ જ છે.
મનને જગતના પદાર્થોથી ખેંચી લઈ આત્મસાક્ષાત્કાર કે
પરમાત્મદર્શન કરાવવાની વિદ્યા તે યોગવિદ્યા છે.
તેના અભ્યાસથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ તથા મત્સરાદિ
વૃત્તિઓ ઉપર કાબુ મળે, મન એકાગ્ર બને, ધ્યાનમગ્ન
રહેવાનું બળ વધે, શારીરિક વાસનાઓમાં પરિવર્તન આવે.
વળી યોગવિદ્યાના જ અભ્યાસથી
આપણી વૃત્તિઓ પરમાત્મમય બની જવાથી
જીવનમાં સાત્વિક ગુણોનો આવિર્ભાવ થાય છે,
મનની તંગ પરિસ્થિતિ દૂર થાય છે અને
ભય, ચિન્તા વગેરેની લાગણીઓ ઘટી જાય છે.

રોગાદિકોના અભાવથી અંતઃશરીર નિરોગી થાય, મન અલૌકિક શાંતિ અને ઉલ્લાસને અનુભવે, કામકાજમાં કાર્યદક્ષતા આવે, લાંબા સમય સુધી ધ્યાનમાં બેસવાથી

મન પરમાત્મતત્ત્વ તરફ આગળ વધે છે અને

પરમાત્મા સર્વત્ર બિરાજે એવી પ્રતીતિ મનમાં દૃઢ થાય છે. એમ આંખ જોવા તથા પગ ચાલવા જડવત ઇન્દ્રિયની આશા રાખતું નથી, તેમ મન પણ અપેક્ષા વિહીન બને છે. 'જ્ઞાનસાર' મૌનાષ્ટક શ્લોક૩ના ટબા, પૃ-૭૯માં કહ્યું છે કે:

વિષય પ્રતિભાસ વ્યાપારે જ્ઞાન,

આત્મપરિણામ વ્યાપારે તે જ દર્શન કે સમ્યક્ત્વ અને આશ્રવને રોકવાથી તત્ત્વજ્ઞાન વ્યાપારે તે જ ચારિત્ર.

એમ વ્યાપારના ભેદથી એક જ્ઞાન ત્રિરૂપ કહેવું.

જ્યાં જ્ઞાનને સમ્યક્ત્વ - અહિંસાદિ ગુણો માટે આવશ્યક માન્યું છે, ત્યાં 'જ્ઞાન' શબ્દનો અર્થ પણ વિશાળ થાય છે. જ્ઞાનની એમ મૈત્રી પણ અહિંસાદિ ગુણોના પાલન માટે

આવશ્યક, અનિવાર્ય, અપરિહાર્ય મનાય છે.

કેવળ જીવાદિને જાણવામાત્રથી અહિંસાદિ પ્રગટે નહિ પણ એની સાથે મૈત્રીનો સંબંધ બંધાયે જ અહિંસાદિ પ્રગટે અર્થાત્ મૈત્ર્યાદિ ભાવનાયુક્ત એવું જ્ઞાન જ અહિંસાદિમાં નિમિત્ત બને છે, અન્યથા મિથ્યાજ્ઞાન જ રહી જાય છે.

## ધર્મ શેમાં છે?

આત્માને પોતાને વશ કરવામાં ધર્મ છે.
પોતાના મનને આત્માની ઇચ્છા અધિકારમાં લાવી
અંતરાત્માને પ્રબુદ્ધ કરવામાં ધર્મ છે.
પ્રેમથી વાવવામાં અને કૃતજ્ઞતાથી લણવામાં ય ધર્મ છે.
અવનતિનો દોષ પોતાની ઉપર લેવામાં ધર્મ છે.
નમસ્કાર એ કૃતજ્ઞતાનું જ બીજું રૂપ હોવાથી
સ્વઉન્નતિનો યશ પોતા સિવાય બીજાને આપવામાં ધર્મ છે.

## વ્યક્તિવાદી V/S સમુદાયવાદી

જીવ કે વ્યક્તિ એ કેવળ વ્યક્તિ કે કેવળ સામુદાયિક નથી,
તે નિમિત્ત જગતમાં પ્રકૃતિ: સામુદાયિક અને
ઉપાદાન જગતમાં પ્રકૃતિ: વૈયક્તિક છે.
પાપકર્મ કરતી વખતે વ્યક્તિવાદી બનવું જોઇએ અને
પુણ્યકર્મ કરતી વખતે સમુદાયવાદી થવું જોઇએ.
વ્યક્તિ પોતાની સત્તાના જગતમાં પ્રકૃતિ: વ્યક્તિ છે અને
તે વિશ્વના જગતમાં પ્રકૃતિ: સામુદાયિક છે.

*Eloquence is the art of saying things in such a way that those to whom we speak may listen to them with pleasure.*

'नहि तद्रूपं' એટલે...

પશ્ચાતદર્શનથી તેઓ સમ ગુણ મુળમાં છે તે ઓળખાય.

એ ઓળખાણ થવામાં નિમિત્ત પ્રભુ થવાથી

અંતરંગ તેમના પ્રત્યે બહુમાન અને

બાહ્ય તરફ આત્મગુણ પ્રગટ કરવાની રુચિ પેદા થાય છે.

'स एवाऽहं' એવું ભાન થવાથી

વિષયતૃષ્ણા નિર્મૂળ થઈ આત્મગુણનો આવિર્ભાવ થાય.

જાતનું કલ્યાણ એ જાતિના કલ્યાણની અપેક્ષા રાખે છે.

તિર્યક્ સામાન્યેન।

દેહનું કલ્યાણ એ દેહીના કલ્યાણની અપેક્ષા રાખે છે.

ઊર્ધ્વતા સામાન્યેન।

ભક્તિનું ફળ ભક્તિ જ છે.

ભગવાનમાં આત્મા જોવો અને ભગવાનના સુખમાં

આત્માના સુખને પણ જોવું, એ પ્રથમ પ્રણિધાન છે.

એથી જ...

આત્મામાં આત્માના સુખને જોવાનો અધિકાર આવે છે.

સ્વામીના સુખમાં પોતાનું સુખ જોવું એ દાસત્વનું

મુખ્ય લક્ષણ છે. સ્વામીનું કાર્ય એ પોતાનું કાર્ય છે,

એમ માનવાથી દાસત્વ સાર્થક થાય છે.

## સ્વપરની એકતાનો વિચાર

સ્વની ગુલામીમાંથી છોડાવનાર પરના હિતનો વિચાર છે
અને પરના હિતના વિચારમાંથી છોડાવનાર
સ્વપરની એકતાનો વિચાર છે.

મૈત્રી-મુદિતાદિ ભાવો વડે થતા ધર્મ-ધ્યાનથી સ્વવિષયક
સકલ ઔત્સુક્યરૂપ આર્તધ્યાનની પીડામાંથી છુટાય છે.
સ્વપર ઉભયના વિષયક એકત્વના ધ્યાનથી થતા શુક્લ
પરિણામથી નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિનો લાભ થાય છે.

૦ ભક્તિથી દયા અને કરૂણાથી દુવા મળે છે.
પોતાની કૃતિને ઉપરથી દયા અને નીચેથી દુવા મળવા જોઈએ.
કરણ પોતાનું, કરાવણ પોતાથી હીનનું અને
અનુમોદન પોતાથી અધિકનું મળીને અનુષ્ઠાન પૂર્ણ બને છે.
કરણ 3 પ્રકારે થાય: મન - વચન - કાયા.
એ રીતે કરાવણ અને અનુમોદન પણ 3 પ્રકારે છે.
પોતાની કૃતિને મન, વચન, કાયાની એકાગ્રતા અપેક્ષિત છે,
તેમ અન્યની કૃતિની મન, વચન, કાયાથી અનુમોદના તથા
તદ્રહિત સકલ વિશ્વની મન, વચન, કાયાથી કરૂણા અપેક્ષિત છે.
કૃતિનાં એ બધાં ત્રણેત્રણ અંગો એકત્ર થઈને જ
કૃતિને સફળ, સાર્થક અને સિદ્ધ કરે છે.

આજે તો માણસ પ્રસિદ્ધિને જ ચાહે છે, સિદ્ધિને નહિ;
તે પ્રદર્શન તરફ આકર્ષાય છે, દર્શન તરફ નહિ.

## આજની મનોવૃત્તિ

'નમો સિદ્ધાણં !'ના જાપના સ્થાને
જાણે 'નમો પ્રસિદ્ધાણં !' મંત્રનો જાપ
કરતી હોય તેવું લાગે છે.

આ કાળમાં પવિત્ર જીવન અને વિશુદ્ધ ચારિત્રના આદર્શોને
તરીકે અમુક વ્યક્તિઓ જ સ્વીકારી શકે છે.
સામાન્ય જનતાને તો લૌકિક સુખની જ કામના હોય છે.

એકપણ જીવ જગતમાં હશે ત્યાં સુધી
તેના કલ્યાણ અર્થે વિભૂતિઓ જન્મતી જ રહેશે
એવો વિશ્વનો અટલ નિયમ છે.

તીર્થંકરવાદમાં માનવને મહામાનવ બનવાની વિધિ છે.
અવતારવાદમાં મહામાનવ કે ઈશ્વર
જન્મથી જ ભગવાન તરીકે અવતરે છે.

## પાંચ વસ્તુઓ

અહિંસા, સંયમ, તપ, અનેકાંત અને અપરિગ્રહ
એ પાંચ વસ્તુઓ જીવનને ઘડનારી છે;
ચારિત્રને ઉચ્ચ બનાવનારી અને પવિત્રતાને પ્રેરનારી છે.

સૌ મોક્ષસુખને ચાહે છે, એમાં નીચેનો શ્લોક પ્રમાણ છે:

सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखं ।
इति प्रोक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥

પ્રાણીમાત્ર સ્વવશતાને ચાહે છે, પરવશતાને નહિ, એ હકીકત પ્રત્યક્ષ સિદ્ધ છે, તેથી જાણ્યે - અજાણ્યે પણ જીવમાત્રની ચાહના તો મોક્ષના શાશ્વત સુખ માટે છે, માત્ર તેના સાચા ઉપાયનું ભાન કોઈ વિરલને થાય છે.

દેહબુદ્ધિ નષ્ટ કરવા માટે દેવબુદ્ધિ ઉત્પન્ન થવી જોઈએ.

હૃદય શુદ્ધ નહિ હોય તો કેવળ બુદ્ધિની કેળવણી વડે
સ્વાર્થની માત્રા અનેકગણી વધી જશે.

આત્મા માટે પણ રોજ ચિંતન કરો.

'કાયા વશ કરી રાખીએ, વચન વિચારી બોલ;
ધર્મ-ધ્યાન મનશું ધરો, રાખો ચિત્ત અડોલ.'

આત્મકલ્યાણ = આત્મા તરફ દૃષ્ટિ કરવાથી થતું કલ્યાણ.

आपो नारा इति प्रोक्ताः ।

સમુદ્રશાયી વિષ્ણુનું નામ 'નારાયણ' છે.

नराणां समूह इति नारः ।
तत्र अयनं शयनं इति नारायणः ।

મનુષ્યમાં રહેલ મનુષ્યત્વ એ નારાયણતત્ત્વ છે.

पोष-मह-ફાગણ-ચૈત્ર, સં. ૨૦૨૧

'आत्मनो मोक्षाय, जगतो हिताय ।' અર્થાત્:
(ધર્મ એ) આત્માના મોક્ષ તથા જગતના હિત માટે છે.

ષોડશક ૧૩ શ્લોક ૫ તથા ૬માં કહ્યું છે કે:

विहितानुष्ठानपरस्य तत्त्वतो योगशुद्धिसचिवस्य ।
भिक्षाटनादि सर्वं परार्थकरणं यतेर्ज्ञेयं ॥१॥
इति चेष्टावत उच्चैर्विशुद्धभावस्य सद्यतेः क्षिप्रम् ।
मैत्री-करुणा-मुदितोपेक्षाः किल सिद्धिमुपयान्ति ॥२॥

અર્થાત્: યતિનું બધું અનુષ્ઠાન પરાર્થકરણ-પરોપકારકરણ છે.
સાધુની સચ્ચેષ્ટાનું પાલન કરે એટલે મૈત્ર્યાદિ સિદ્ધ થાય જ.

અનુષ્ઠાનનો આશય પરાર્થકરણ છે અને
અનુષ્ઠાનનું ફળ મૈત્ર્યાદિની સિદ્ધિ છે.

સિદ્ધિ = અસંગ મૈત્ર્યાદિ. તે વિનિયોગનો હેતુ બને છે.

एकान्त-सन्निहितमीदृशमात्मतत्त्वम्
लोका विमूढमतयो बत नाद्रियन्ते ।
आकाश-गर्भपरमर्षि-जगत्प्रकाशम्
घूका न भास्करमुदीक्षितुमुत्सहन्ते ॥१॥ (परिशिष्ट-३)

o

more things are wrought by prayer than
this world dreams of. - Lord Tennyson

If you are capable of thinking
I am a man,
limited by my circumstances,
equally capable are you of thinking
I am divine and
I am master of my circumstances.
you are not the body or mind, there
is divinity within you & that you are.

John Ruskin says:

There are many religions in this
world, but only one morality.

Dr. Albert Einstein says:

The most beautiful & profound emotion
we can experience is the sensation of
the mystical. It is the sower of all
true Science. He to whom this emotion
is a stranger is as good as dead.
mystical = Something beyond the mind.
Emotion = Subjective experience.

## પાંચ વાયુના પાંચ સ્થાન

પ્રાણવાયુ = નાસિકાગ્રસ્થાન, અપાનવાયુ = પાયુસ્થાન,
સમાનવાયુ = નાભિસ્થાન, ઉદાનવાયુ = કંઠસ્થાન અને
વ્યાનવાયુ = શરીરમાં રહેલા સર્વ સ્થાન.

## શું શેમાં ઉપયોગી ?

નાગ = ઓડકાર ખાવા માટે, કૂર્મ = ઉન્મિલન કરવા માટે,
કૃકલ = ક્ષુધા લાગવા માટે, દેવદત્ત = જૃંભણ માટે તથા
ધનંજય = શરીરપોષણ માટે ઉપયોગી છે.

हंकारेण बहिर्याति सकारेण विशेत् पुनः ।
हंसेति परमं मन्त्रं जीवो जपति सर्वदा ॥१॥ स्मृतिः

'હં' કાર વડે બહાર નીકળે, 'સ' કાર વડે પાછો અંદર પ્રવેશે છે. 'હંસ' એ પ્રાણીનો પરમમંત્ર જપ સદા જપે છે.

## Simple Prayer by charles Filmore

The purpose of prayer is to change your thinking. God does not change. His will is always, only good. All that Keeps you from your good is your failure to unify yourself in thought with the source of all good, God.

## Faith in God
### - By charles Filmore

God is my help in every need,
God does my hunger feed:
God walks beside me, guides my way,
through every moment of the day.
I now am wise, I now am true,
Patient, kind and loving too.
All things I am, can do and be,
through god, the truth that is in me.
God is my health, I can't be sick,
God is my strength, unfailing quick:
God is my all : I know no fear,
since God and love and truth are here.
The Spirit of the Lord goes before me
and my health, happiness, prosperity
& success are assured.
I am child of god,
therefore I do not inherit sickness.

## A song by Sally DeFord

(1) Prayer is the soul's sincere desire,
uttered or unexpressed.
The motion of a hidden fire,
That trembles in the breast.

(2) Prayer is the burden of a sigh.
The falling of a tear.
The upward glancing of an eye.
When none but God is near.

(3) Prayer is the simplest form of speech,
that infant lips can try.
Prayer, the sublimest strains that
reach the majesty on high.

(4) Blest is that tranquil hour of morn,
And blest that solemn hour of eve,
When on the wings of prayer unborne,
The world I leave.

(5) Then is my strenth by the renewed,
Then are my sins by thou forgiven,

Then doesn't thou cheer my solitude,
With hopes of Heaven.
(6) No words can tell what sweet relief,
Here for every want I find,
What strength for warfare, balm for grief,
What peace of mind,
Hushed is each doubt, gone every fear,
my Spirit seems in Heaven to stay.
And even the penitential tear,
Is wiped away.
(7) Sweet hour of prayer,
Sweet hour of prayer,
That calls me from a world of care.
And bids me at my God's throne,
make all my wants & wishes known.
(8) In seasons of distress and grief,
my Soul has often found relief.
And oft escaped the tempter's snare,
By thy return, sweet hour of prayer.

## મંત્રજાપ

મંત્રાર્થં મંત્રચૈતન્યં યો ન જાનાતિ તત્ત્વતઃ ।
શતલક્ષપ્રજપ્તોઽપિ તસ્ય મંત્રો ન સિધ્યતિ ॥ (પરિશિષ્ટ-૪)

પ્રભુ ન રહેવાથી દેહ જેમ કાર્ય કરવાને અશક્ત છે, તેમ પ્રભુશક્તિનો ઉદ્‌બોધ ન થવાથી સેંકડો પુરશ્ચરણો કરવા છતાં મંત્રજાપ દ્વારા સિદ્ધિનો લાભ મળતો નથી. પ્રભુશક્તિથી જેમ મૃણ્મયમૂર્તિમાં ચિન્મય મૂર્તિનાં દર્શન થઈ શકે છે, તેમ મંત્રચૈતન્ય પ્રગટવાથી અક્ષરો ચિન્મય બનીને સ્વસ્વરૂપનો અનુભવ કરાવવા સમર્થ નીવડે છે.

## મંત્રચૈતન્યનું ગૂઢ રહસ્ય

વાણીનો મન સાથે, મનનો વ્યક્તિગત પ્રાણની સાથે અને વ્યક્તિગત પ્રાણનો સમષ્ટિ પ્રાણ સાથે સંબંધ છે.

પ્રાણનો નિરોધ થતાં મનનો નિરોધ થાય છે અને
મનનો નિરોધ થતાં પ્રાણનો નિરોધ થાય છે.

પ્રાણ અને મનનો નિરોધ થવાથી મંત્રચૈતન્ય પ્રગટે છે. પરમાત્મતત્ત્વની ભાવના કરવાથી ચિત્ત એકાગ્ર થાય છે. ઉચ્ચારણ કરાતા પ્રત્યેક વર્ણને વજન (Tone or Sound octave) કે પૃથ્વી આદિ પાંચમાંથી એક તત્ત્વની પ્રધાનતા હોય છે તથા ગ્રહ, નક્ષત્ર, રાશિ આદિનો

સંબંધ અને પરસ્પર અસરી રહે છે. એ જ દૃષ્ટિએ
Sound octave એ ૮ સ્વરોનો સમૂહ અથવા
અનાહતનાદનું જ બીજું નામ છે.

પરમાત્મા તરફની પુનઃપુનઃ ભાવના કરવી તે
આન્તરજાપ અથવા નાદની પ્રકટાવસ્થા છે.

નવકારના પ્રથમ પદ નમો અરિહંતાણં નો અર્થ
મૃત્યોર્માઽમૃતંગમય = મૃત્યુ નહીં, અમરતા પ્રાપ્ત કર.
એ મહામન્ત્ર જેવો ગણાય છે,
કારણ કે એ પદમાં આત્મસમર્પણનો ભાવ રહેલો છે.

વૈરાગ્ય ક૦લ૦ શ્લોક-૨૦૪માં કહ્યું છે કે:

સમાધિમાજાં વ્યવહારકાલે
મૈત્ર્યાદિરૂપાઽપિ હિ ચિત્તવૃત્તિઃ।
એકાન્તશુદ્ધિં ત્વચિરેણ સિદ્ધ-
જ્યોતિઃ સમાપત્તિમયી પ્રસિદ્ધા ॥૧॥ (परिशिष्ट-५)

વૈખરીજાપ કે કંઠજાપના ૩ ભેદ
(૧) વાચિક (૨) ઉપાંશુ (૩) માનસિક.
વાક્જાપ = વિકલ્પાત્મક સંજલ્પ.
કંઠરોધમાં કર્તૃત્વાભિમાન ચાલી જાય છે.
એને 'જાપ કરવો' નહિ પણ 'જાપ થવો' કહે છે.

સંનિયમ્યેન્દ્રિયગ્રામં પ્રોચ્ચરેન્નાદમાન્તરમ્ ।
એષ એવ જપઃ પ્રોક્તો ન તુ બાહ્યજપો જપઃ ॥ (परिशिष्ट-६)

૫ અવસ્થા = જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુર્ય, તુર્યાતીત.
બિન્દુનવક તુર્ય, તુર્યાતીતમાં સમાવેશ પામે છે.

૬ શૂન્ય = પ્રથમ ચક્રની સાથે મળવાથી ૧૨ અવયવમાં બીજો, ચોથો, છઠ્ઠો - એમ ૬ અવયવો શૂન્ય છે.
પહેલાં પાંચ અવાન્તર શૂન્ય છે, છઠ્ઠો મહાશૂન્ય છે તથા છેલ્લો બારમો અવયવ પણ મહાશૂન્ય છે.

૭ વિષુવો = (1) પ્રાણવિષુવ (પ્રાણ + આત્મા + મન) (2) મંત્રવિષુવ (નાદ + આત્મા) (3) નાડીવિષુવ (૬ ચક્રાકાર ગ્રંથિના ભેદથી મધ્યનાડીનો સ્પર્શ અથવા તો નાદસ્પર્શ) (4) પ્રશાન્તવિષુવ (નાદાન્તમાં લય થવો) (5) શક્તિવિષુવ (શક્તિ મધ્યસ્થિત નાદ + સમના) (6) કાલવિષુવ (કાલાતીત ઉન્મના સુધી ચિંતન) (7) તત્ત્વવિષુવ (ઉન્મનાભેદન - નાદમાં લીનતા, તત્ત્વબોધ - આત્મસાક્ષાત્કાર - ચૈતન્ય અભિવ્યક્તિ).

ચક્ર સ્તર

(૧) સકલ = મૂલાધારથી આજ્ઞાપર્યન્ત
(૨) સકલ નિષ્કલ = ઉન્મનાપર્યન્ત
(3) નિષ્કલ = ઉન્મનાથી પરદેશકાલાનવચ્છિન્ન.

एको नादात्मको वर्णः सर्ववर्णाविभागवान् ।
सोऽनस्तमितरूपत्वात् अनाहत इवोदितः ॥१॥

(પરિશિષ્ટ-૭)

૪ નાદભૂમિ = આરંભ, ઘટ, પરિચય, નિષ્પત્તિ.
વિશુદ્ધ નાદ = સ્વરગત, માત્રાગત, ગુરુગત આદિભાગ.
વિશુદ્ધ જ્યોતિ = શુક્લ પ્રકાશ, સવર્ણ પ્રકાશ, સવર્ણ રંગ.

<u>મોક્ષ</u>

અંશથી જીવનું કર્મોથી પૃથક્ થવું, તે 'નિર્જરા' કહેવાય
અને જીવનું સર્વથી પૃથક્ થવું, તે 'મોક્ષ' કહેવાય છે.
યોગનું સાધન = રત્નત્રયી, મોક્ષનું સાધ્ય = રત્નત્રયી.
મોક્ષનો આશય અન્ય પરાવર્તોમાં થતો નથી.
પુદ્ગલો ગ્રાહ્ય સ્વભાવવાળા છે.
આત્મા સર્જનના કારણે ગ્રાહક સ્વભાવવાળો છે.
ભ્રમબુદ્ધિ વિકારશક્તિયુક્ત બાળક જેમ
સ્થિરને ચલ અને ચલ એવા ચિત્તને સ્થિર દેખે છે,
તેમ સંસારપરિભ્રમણ શક્તિયુક્ત જીવ
ભેદમાં અભેદ અને અભેદમાં ભેદબુદ્ધિ ધારણ કરે છે.
ભ્રમણશક્તિના વિરામમાં
સ્થિરમાં સ્થિર તેમ અભેદમાં અભેદ બુદ્ધિ થાય છે.

શક્તિનો વિકાસ ક્રમિક થાય છે,
તેમાં અન્ય કારણો સહકારી હોય છે.
ચરમ પરિવર્ત એ ધર્મનો યૌવનકાળ છે.
એમાં ભોગરાગની જેમ જ ધર્મરાગ ઉત્પન્ન થાય છે.

<u>બંધ તથા મોક્ષની ઉપપત્તિ માટે આવશ્યક 3 વસ્તુઓ:</u>

(1) પરિણામી નિત્યતા.

(2) અર્થાન્તરભૂત વસ્તુ સત્તત્ત્વ
સ્વરૂપ અવિદ્યા - અદૃષ્ટ - સંસ્કારાદિ.

(3) અર્થાન્તરભૂત અવિદ્યાદિ સત્તત્ત્વની
આત્મા સાથે સંબંધ થવાની સ્વતંત્ર યોગ્યતા.

જો કર્મના સ્વભાવમાં પુદ્ગલગ્રાહકતા ના હોય,
તો કર્મનો સંબંધ ઘટે નહિ અને
જો તથાભવ્યત્વનું વૈચિત્ર્ય ન હોય,
તો તીર્થ સિદ્ધ - અતીર્થ સિદ્ધાદિ ભેદો પડે નહિ.
એ રીતે ભવ અને ભવવિગમમાં
કારણભૂત તરીકે પરિણામી આત્મા વાસ્તવ કર્મ અને
તથાભવ્યત્વાદિની વિચિત્રતા માનવા જોઇએ.
બંધહેતુ ભવનો સહજમલ છે અને
મુક્તિહેતુ ભવનું વિચિત્ર તથાભવ્યત્વ છે.

## શિવ-પાર્વતી

પાર્વતી દેવી જ્યારે શિવજીના ખોળામાં બેસે છે,
ત્યારે એ દિવ્ય આનંદનું રૂપક ગણાય છે.
એનો રહસ્યાર્થ એ છે કે:
પ્રકૃતિરૂપ પાર્વતી ચૈતન્યમય શિવના ખોળામાં ત્યારે જ
બેસી શકે, જ્યારે પ્રકૃતિ શિવ અને શિવ પ્રકૃતિ બને.
જીવ-શિવની પણ આ સ્થિતિ આવી શકે.
આ આનંદ નહિ સ્વકીય, નહિ પરકીય, છે અલૌકિક.
ભક્તિની ટોચ અલૌકિક આનંદરૂપ છે.
આ સ્થિતિમાં જીવ અને શિવ
અલગ રહેતા નહિ અને એક પણ થતાં નહિ.
આત્માનંદ અમૃતરૂપ છે, કોઈ દિવસ ઓછો થતો નહિ.
શરીર અને આત્મા જુદા છે.
આત્મા નિર્લેપ છે અને મનનો સાક્ષી છે.
આત્મકરૂણામાં અધ્યાત્મ, લોકકરૂણામાં નીતિ અને
ઈશકરૂણામાં ભક્તિ રહેલા છે.
ભક્તિમાં ઈશકરૂણા, નીતિમાં લોકકરૂણા, અધ્યાત્મમાં
આત્મકરૂણા અભિવ્યક્ત થાય છે. કરૂણા, મૈત્રી અને
પ્રજ્ઞા - એ ૩ આત્માની પરમ હિતકારિણી વધૂઓ છે.

## માયા અને તત્ત્વ

'માયા' એટલે જે કંઈ દૃષ્ટનષ્ટ થવામાં ચરિતાર્થ થાય તે.
માયાના અનુભવી શકાય તેવાં બે સ્વરૂપો છે:
એક વહાલ અથવા રાગ અને બીજું વેર અથવા દ્વેષ.

## માયા શું કામ કરે?

અહીં વહાલા વેરીનું કામ કરે - વેરી વહાલાનું કામ કરે.
માયાની આ જ તો અચિન્ત્ય શક્તિ છે!
રાગ-દ્વેષ સ્વરૂપે વર્તતી માયાની આવી શક્તિને
ઈશાનુગ્રહ વિના તરવી મુશ્કેલ છે.

'તત્ત્વ' એટલે પરોક્ષ સત્યનામ.
આપણી સન્મુખ ન હોય તે સત્યનું નામ એટલે તત્ત્વ
અને તત્ત્વ એ જ પરમાત્મા.
પરમાત્માનો અનુભવ કરવો = તે જેવા છે તેવા થવું.
ગુણ - ચારિત્ર - વર્તન - પ્રભાવથી
પ્રભુ સ્વરૂપે થવું, એનું જ નામ 'તત્ત્વાનુભવ'.
તત્ત્વાનુભવ મેળવવા માટેનાં સાધનો છે શાસ્ત્રાભ્યાસ,
સત્સંગ, યોગ, ભક્તિ, નામ, જપ, બ્રહ્મચર્ય આદિ.
એ સાધનો હશે તો તત્ત્વાનુભવ એક હકીકત બનશે.
તત્ત્વાનુભવની કસોટીનો પથ્થર છે સ્વજનો.

સ્વપ્નોમાં જ રાગ-દ્વેષ વગેરે તત્ત્વાનુભવનાં છિદ્રો છતાં થાય છે, તેથી ત્યાં જ એ છિદ્રોને જીતવા જોઈએ.

રાગ-દ્વેષ એ અજ્ઞાનનું ફળ છે.

રાગી દોષને દેખતો નથી તથા દ્વેષી ગુણને જોતો નથી.

રાગ-દ્વેષથી અજ્ઞાન-અજ્ઞાનથી રાગ-દ્વેષ ઉત્તરોત્તર વધે.

મનુષ્યનો મોટામાં મોટો દોષ પોતાને નિર્દોષ સમજવો તે છે.

## અનિત્યત્વાદિ ભાવનાનો વિભાગ

સાધનામાં આવશ્યક એવા તત્ત્વજ્ઞાનને લગતો છે અને

## મૈત્ર્યાદિ ભાવનાનો વિભાગ

તત્ત્વજ્ઞાનને જીવનમાં ઉતારવાના ક્રમ-પદ્ધતિને લગતો છે.

## સુખ-દુઃખ

આપણે સુખ અને દુઃખ-બંનેનો અતિરેક કરીએ છીએ.

આપણે કદી યે માનીએ તેટલા સુખી કે
માનીએ તેટલા દુઃખી હોતા નથી,
ફક્ત જાતનો પક્ષપાત તેમ કરાવે છે.

તેને જીતવા માટે જાતિનો પક્ષપાત કરતાં શીખવું જોઈએ.

કંચન એ સંગ્રહશીલતાનું પ્રતીક,
કામિની એ ભોગવાસનાનું પ્રતીક તથા
કીર્તિ એ દંભવૃત્તિનું પ્રતીક ગણાય છે.

'શમવું' એટલે કષાયરહિત થવું તે.
શમાવવું = બીજાને કષાયરહિત થવામાં આલંબન આપવું.
વિષયવૃત્તિ શમે એટલે આપોઆપ કષાયવૃત્તિ શમે જ.
વિષયવૃત્તિ એમ વિષયોમાં દોષદર્શનથી શમે છે,
તેમ આત્મામાં ગુણદર્શનથી પણ શમે છે.
દોષદર્શન દુઃખના હેતુને બતાવનાર થાય છે અને
ગુણદર્શન સુખના હેતુને બતાવનાર થાય છે.
જીવતત્ત્વ અનુગ્રહકારક છે, પુદ્ગલતત્ત્વ બંધનકારક છે.
સુખરૂપી ગુણને આપવાની શક્તિ પાંચે વિષયોમાં નથી,
કારણ કે તે પાંચે પાંચ વિષયો જડ છે - પરતત્ત્વ છે.
દુઃખરૂપી દોષને દેવાની શક્તિ જીવતત્ત્વમાં પણ નથી,
કારણ કે તે સજાતીય છે - સ્વતત્ત્વ છે.
આવી નિર્મળ બુદ્ધિ તેઓમાં જ જન્મે છે,
કે જેઓમાં તે જન્મી છે નહિ,
તેઓની ઉપાસનાને જેઓ પરમ કર્તવ્ય તરીકે સ્વીકારે છે.
ઉપાસના વડે અનુગ્રહ પ્રાપ્ત થાય છે અને
અનુગ્રહ વડે હૃદયમાં ધ્યાન અને
ઉદયમાં ઔદાસીન્યબુદ્ધિ સ્થિર થાય છે.
જડપ્રકૃતિ નાશગામ્ય છે, પુરુષસ્વભાવ ભાવગામ્ય છે.

## સુખ-દુઃખની સમજણ

દુઃખ એ મહાત્માનો ગુરુ છે અને તેને દીર્ઘદર્શી બનાવે છે. દુઃખનાં કડવા અનુભવો અરતિ અહીં માનવના ગુરુજનો. દુઃખ વારંવાર તે માર્ગે ન જવાની ચેતવણી આપે છે માટે તે ગુરુસ્થાને છે. દુઃખરૂપી સદ્‌ગુરુ સતત સાથે રહે છે, તેની અવગણના કરવી સર્વથા અયોગ્ય છે.

સુખ અને દુઃખના સંવેદનો ક્ષણજીવી છે,
તેથી હર્ષ-શોક કરવા કે રાગ-દ્વેષ કેળવવા લાયક નથી,
પણ તે સંવેદનો સમત્વ ધારણ કરવાને લાયક છે.

अधिष्ठानं तथा कर्ता, करणं च पृथग्विधम् ।
विविधाश्च तथा चेष्टा, दैवं चैवात्र पंचमम् ॥१॥

અર્થાત્: કાર્ય, કર્તા, સાધન, વિવિધ પ્રકારની ક્રિયા
અને ભાગ્ય - આ પાંચ કારણો છે.

કર્તૃત્વના મિથ્યાભિમાનથી પશ્ચાત્તાપ, ચિંતા, ગર્વ જન્મે. જીવાત્મા પરમાંશે વ્યાપક, અકર્તા અને અભોક્તા છે તથા પ્રકૃતિ અંશે પરિચ્છિન્ન, કર્તા અને ભોક્તા છે. જ્ઞાની ગુણોથી નિરન્તર દયા કરતા અને જેના દયાનો કદી અંત આવતો જ નથી એવા સુખ અને દુઃખ આદિની ચિંતા જ્ઞાનીઓ તો ક્યારેય કરતા જ નથી.

જ્ઞાનીઓ તો ક્યારેય સુખ-દુઃખાદિથી રાચતા નથી અને તેઓ કદાપિ સુખ-દુઃખાદિથી ખેદ પણ પામતા નથી.

### ૩ પ્રકારના સુખ

સાત્ત્વિક સુખ : આરંભમાં વિષ - પરિણામે અમૃતતુલ્ય.
રાજસ સુખ : આરંભમાં મધુર કિન્તુ અંતે વિષ જેવું.
તામસ સુખ : આરંભે - અંતે બુદ્ધિને મોહ પમાડનારું, ઉપરાંત નિદ્રા, પ્રમાદ અને આળસથી ઉત્પન્ન થયેલું.

આ ત્રિગુણાત્મક સુખ એ જ મહાદુઃખનાં કારણ છે. સુખનાં એ આમંત્રણમાં દુઃખને પણ આમંત્રણ છે જ. સુખ શોધવાથી નથી મળતું, તેને ઉત્પન્ન કરવું જોઈએ. તમારી પાસે શું છે તેની ઉપર તમારા સુખનો આધાર નથી, પરંતુ તમે શું વિચારો છો તેની ઉપર છે.

### ચિત્તવૃત્તિનિરોધ માટેની ૪ ભૂમિકાઓ

(૧) ચિત્ત સંચાર સાક્ષિત્વનો અભ્યાસ (૨) ચિત્ત સંચાલન નિરોધનો પ્રયત્ન (૩) તે માટે સદ્ગુરુ આલંબન (૪) અંતમાં આલંબન વિના પણ પ્રાપ્ત થતી શાંતિ અને સ્થિરતા.

દુઃખનું મૂળ પાપ અને પાપનું મૂળ કર્મ છે.
દુઃખ-પાપ-કર્મનો નાશ કરવાના ઈચ્છુકે મૈત્રીની ભાવનાને અંતરતમમાં વિકસાવવી જ જોઈએ.

બીજાને દુઃખ ન આપવાથી પોતાનું દુઃખ જાય છે.
'બીજા પાપ ન કરો' એવી ભાવના સતત રાખવાથી
પોતાની પાપ કરવાની વૃત્તિ દૂર થાય છે.
'બીજા સૌ જીવો કર્મના બંધનથી છૂટો' એવી ભાવનાથી
પોતાના સંવેગ કે મોક્ષાભિલાષા સુદૃઢ થાય છે.
પોતાના દુઃખ, પાપ અને કર્મનો નાશ જેઓને ઈષ્ટ છે,
તેઓએ બીજાનાં પણ તે નાશ પામે એવી ઈચ્છા રાખવી.
એવી ઈચ્છા જો ન હોય તો
'દુઃખત્વેન દુઃખ, પાપત્વેન પાપ, કર્મત્વેન કર્મ હેય છે'
એવી બુદ્ધિ કે આત્મજ્ઞાન ઉત્પન્ન થયું ગણાય નહિ.
'પાપ, દુઃખ કે કર્મ હેય છે' એવી શ્રદ્ધા તો જ સત્ય ગણાય
કે ત્રણે કાળ અને ત્રણે લોક માટે તે સ્થિર થયેલ હોય.
કોઈ ઘરના આપણા ઉપર જય ન પામી શકે, ત્યારે
આપણને જે સંતોષ થાય, તે જ સુખ અને આનંદ છે.
વેરના બદલે વેર
એ જગતના સુખ અને શાંતિ માટે સાચો ઈલાજ નથી.

°

*Prosperity is not without
many fears & disasters and
adversity isn't without comforts & hopes.*

## મનુષ્ય દેહમાં શું શું રહેલું છે?

મનુષ્ય દેહમાં જંબૂદ્વીપ આદિ ૭ દ્વીપ, લવણાદિ ૭ સમુદ્ર, સુમેરૂ આદિ ૭ પર્વત, ગંગા-ગોદાવરી-પ્રયાગાદિ ૭ તીર્થો, ૧૫ તિથિ, ૭ વાર, ૨૭ નક્ષત્રો, ૧૨ રાશિ, ૨૮ યોગ, ૭ કરણી, ૯ ગ્રહો તથા 33 કોટિ દેવતા આદિ રહેલાં છે.

(૧) દ્વિપ = અસ્થિસંધિ, ચર્મ, માંસ, નાલિ, લોમ, શિરાદિ.

(૨) સમુદ્ર = પ્રસ્વેદ, મૂત્ર, શુક્ર, મેદ, મજ્જા, રક્તાદિ.

(3) કુલાચલ પર્વતો = મેરૂદંડ, પીઠ, વામ-દક્ષિણ સ્કંધ, ડાબો તથા જમણો કાન, ભ્રૂમધ્ય-લલાટ મધ્ય, બ્રહ્મકપાટ.

(૪) પ્રણવ = મન, નાદ, બિન્દુ, કલા, જ્યોતિ ઇત્યાદિ.

(૫) ચક્ર = મેરૂદંડ, ઉડ્ડીયાન, જાલંધર, કામરૂપ, શ્રીહટ્ટ, પૂર્ણગિરિ, મહાપીઠાદિ તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશ, રૂદ્ર, ગાન્ધર્વ, કિન્નર, વિદ્યાધર, અપ્સરાદિ 33 કોટિ દેવતાઓ.

(૬) તીર્થ = ગંગા, યમુના, સરસ્વતી, પ્રયાગ, ગોદાવરી, સિંધુ, નર્મદા, કાવેરી, ચંદ્રભાગા, વિતસ્તા, ઇરાવતી ઇત્યાદિ.

ગંગા-યમુનાનો સંગમ થાય છે, તે પ્રયાગ તીર્થ છે. ત્યાં જે નહાય તે સ્વર્ગમાં રહને મરે તે મોક્ષમાં જાય છે.

ઇડા નાડી - ભાગીરથી, પીંગલા નાડી - યમુના (સૂર્યપુત્રી), સુષુમ્ણા નાડી - સરસ્વતી (બંને નાડીની મધ્યમાં).

પ્રયાગ - ત્રણ નદીઓનો સંગમ થાય છે, તે ભ્રૂમધ્ય.
એ ત્રણેનું ઉત્પત્તિ સ્થાન મૂલાધાર છે, જ્યાંથી નીકળીને
ત્રણેનો સંગમ આજ્ઞાચક્રમાં થાય છે, જ્યાં સોમેશ્વર મહાદેવ છે.
ઇડા-પીંગળા બહાર વહે છે, જ્યારે સુષુમ્ણાનાડી ગુપ્તપણે
સહસ્ત્રારમાં સમાય છે. ત્રણેનો સંગમ તે ત્રિવેણીસંગમ છે.
ત્યાં સ્નાન કરવું એટલે મન તથા પ્રાણને ત્યાં પહોંચાડવા.
તે જોને ત્યાં પહોંચાડનાર દિવ્યલોકના અધિકારી થાય
અને ત્યાં પ્રાણ ત્યાગ કરનાર જન મોક્ષને પામે છે.
આમ દેહમાં રહેલા પ્રયાગ તીર્થનું મળવું અતિ દુર્લભ છે.

શરીર બાહ્ય છે.

શબ્દાદિવિષયો બાહ્યતર છે અને તેનો આધાર આકાશાદિ
બાહ્યતમ છે. એ રીતે શરીરમાં ચિત્ત છે તે અંતર છે,
આત્મતત્ત્વ તે અંતરતર અને પરમાત્મા અંતરતમ છે.

શરીરને કારણે બહારનો સંપર્ક રહે છે.
ચિત્તને કારણે અંતરનો સંપર્ક રહે છે.

°

Science without religion is lame & religion without science is blind. Religion has provided the inspiritation to become good and God-minded to millions.

ઇ

## ઇંદ્રિયનિગ્રહ

ઇંદ્રિયનિગ્રહ એ નિગ્રહ માટે નહિ પણ સંગ્રહ માટે છે. ઇંદ્રિયનિગ્રહથી શક્તિનો સંગ્રહ થાય છે અને એ સંગ્રહ વિકાસમાં મદદગાર થાય છે. આંતરિક શક્તિના સંગ્રહ માટે ઇન્દ્રિયનિગ્રહ-મૌન-તપ-ત્યાગ વગેરે આવશ્યક છે. મિતાહાર, મિતભાષણ પણ શક્તિસંચયમાં સહાયક છે. કેટલીક વાર સંયમ કરતાં નિગ્રહ વધુ સહેલો પડે છે. જેમ ઉપવાસ થઈ શકે પણ મિતાહાર ન થઈ શકે, તેમ મૌન જરૂર રહી શકાય પણ મિતભાષણ ન કરી શકાય. કોઈ વખતે નિગ્રહની તો કોઈ વખતે સંયમની જરૂર છે. ઇંદ્રિયોનો અને આહારનો મિતોપયોગ અને હિતોપયોગ એ સંયમ છે, જ્યારે ઇંદ્રિયજય એથી જુદી ચીજ છે. કાચબો ભય જોઈને પોતાના અવયવો અંદર ખેંચી લે છે અને ભય દૂર થતાં જ વળી તે સહજપણે પ્રસારે છે. તાળું અને ચાવીની જેમ જ્યારે ઇચ્છીએ ત્યારે ચાવી વડે તાળું ખોલી પણ શકાય અને બંધ પણ કરી શકાય. બસ! ઇંદ્રિયો ઉપર એવો સહજ અંકુશ આવી જાય, તેનું જ નામ સર્વ શાસ્ત્રોમાં 'ઇન્દ્રિયવિજય' કહ્યું છે.

'યજ્ઞ' એટલે પરોપકારાર્થે શરીરનો ઉપયોગ.

ભક્તિમાં ઈંદ્રિયોને મોકળી મૂકી શકાય છે,
કેમકે પ્રભુભક્તિ તે ઈંદ્રિયો માટે સલામત રસ્તો છે.
ભજન, પૂજન, અર્ચન, શ્રવણ, કિર્તન અસંયમિત જોઈએ.
ધ્યાનમાર્ગમાં ઈંદ્રિયોનો પૂર્ણ નિગ્રહ, ભક્તિમાર્ગમાં પૂર્ણ
મોકળાશ અને સેવામાર્ગમાં નિગ્રહ - સંયમનો મધ્યસ્થમાર્ગ
આવશ્યક છે. ઈંદ્રિયજય સધાય ત્યારે એ રીતે
ત્રણે માર્ગમાં ઈંદ્રિયોનો યથાયોગ્ય ઉપયોગ થઈ શકે છે.

દેહો દેવાલયઃ પ્રોક્તો જીવો દેવઃ સનાતનઃ ।
ત્યજેદજ્ઞાનનિર્માલ્યં સોઽહં ભાવેન પૂજયેત્ ॥ (પરિશિષ્ટ-૮)

પ્રભાતમાં જ માનવદેહની અંદર મહાદર્શન થયું,
તે આરોગ્ય, ઐશ્વર્ય અને વૈરાગ્યનો રંગ છે.
આરોગ્ય એટલા માટે કે રસભોજનથી મળની દુર્ગંધમાં
ઘટાડો થાય અને નિરસ ભોજનથી સુગંધિતા વધે છે.
ચોથું સંયમ - સાદાઈ વધતાં તે આરોગ્યમાં પરિણમે છે.
મળરૂપી સુંદરતા માતરથી લક્ષ્મી અને ઐશ્વર્ય વધે છે
અને દેહની અશુચિતાના સતત ભાનથી આસક્તિ ઘટે છે.

## કર્મ

દુઃખ એ કલંક નથી, કેમકે દુઃખ તો કર્મનો વિપાક છે.
દીનતા એ કલંક છે, કેમકે તેમાં મોહનો ઉદય છે.

હજારો ગાયોમાં વાછરડો પોતાની માતા પાસે જ જાય,
તે રીતે કર્મ હંમેશા કર્તાને અનુસરે છે.

કર્મ જડ છે પણ કર્મને બાંધનારો ચેતન છે.

રાગ-દ્વેષમાં વર્તતો જીવ કર્મનો કર્તા છે.

સમતાભાવમાં વર્તતો જીવ કર્મનો કર્તા છે.

'અહંતા' એટલે 'કર્મનો કર્તા હું છું' એવી બુદ્ધિ.

'મમતા' એટલે 'કર્મફળનો અધિકારી હું છું' એવી બુદ્ધિ.

અહંતા-મમતાને નિવારવા એમ વિચારવું કે:

'કર્મનો કર્તા કેવળ હું નથી. કાળ, સ્વભાવ, અધિષ્ઠાન, પ્રકૃતિ અને ભવિતવ્યતાની સહાયથી કર્મ થાય છે. કર્મફળ પણ તે બધાની કૃતિનું પરિણામ હોવાથી તેના ઉપર મારા એકલાનો અધિકાર નથી પણ બધાનો છે.' આ પ્રમાણે વિચારવાથી કર્મફળની મમતા જતી રહે છે. નમસ્કારના આરાધકે પોતાના સઘળાં કર્મ અને એનાં ફળ, જેને નમસ્કાર કરે છે, તે નમસ્કાર્યને સમર્પિત કરવા, કેમકે મુખ્ય કે અધિષ્ઠાનકર્તૃત્વ તેમનું જ છે. તેમના આલંબનથી કર્મ-ફળ શ્રેષ્ઠ બને છે અને તેથી પ્રત્યેક શુભકર્મ અને તેનું શ્રેષ્ઠ ફળ, જેના આલંબનથી તે કર્મ શુભ અને ફળ શ્રેષ્ઠ બન્યું છે, તેના માલિકીનું છે.

'કર્મની ઉપર સ્વામિત્વ તો નમસ્કારનું જ છે.'
એવી વૃત્તિ વિકસિત કરવાથી અહંત્વ તથા મમત્વ ગળી જાય છે અને નમ્રત્વ, લઘુત્વ, આર્જવતા, ઋજુતા સંતોષ, સત્ય આદિ મૈત્રી વગેરે ગુણો આવે છે. કર્મ અને કર્મફળનો અધિકાર સંસાર તરફ લઈ જાય છે અને કર્મ તથા કર્મફળનો ત્યાગ આત્મા તરફ લઈ જાય છે. એક પ્રેય છે અને બીજું શ્રેય છે. અહંકાર-મમકાર સહિત દાન, અધ્યયન, પૂજનાદિ સ્વર્ગપ્રદ બને છે અને નિરહંકાર, નિર્મમકાર સહિત તે જ મોક્ષપ્રદ થાય છે. અહંકાર મમકારનો ત્યાગ કરવા માટે denial of self and acceptance of all are necessary and they two are obtained by the attitude of surrender to supreme.

કર્મ ટાળવાથી અકર્મ આવી મળતું નહિ.

તે કર્મને નિષ્કામ કર્મ બનાવવું અને તે નિષ્કામ કર્મને અમૃતમય તથા ગુણમય બનાવવું, તેમાં નિવૃત્તિની ખૂબી છે.

સત્સંગનું પ્રથમ ફળ પાપભીરુતા છે.

માટે નમસ્કાર મહામંત્રના સતત જાપ દ્વારા
શ્રી પંચ પરમેષ્ઠિનો સત્સંગ કરવો.

## સકામ પુરુષ - નિષ્કામ પુરુષ

સકામ પુરુષ કર્મ તરફ સ્વાર્થની દૃષ્ટિએ જોતો હોવાથી જો એમાં થોડો પ્રમાદ થાય તો નૈતિક દોષ માનતો નથી પણ એમાં તે વ્યવહારૂપણાંનો જ દોષ માને છે, જ્યારે નિષ્કામ પુરુષ સ્વકર્મમાં નૈતિક કર્તવ્યબુદ્ધિ રાખતો હોવાથી તેમાં જરાયે ખામી અથવા અપૂર્ણતા ન રહે, તેના પૂરતી કાળજી રાખતો હોવાથી એનું કર્મ પણ ખામી વગરનું નીવડે છે.

'પોતાનો ધર્મ પોતાને લાભ કરે છે'

એ માન્યતાથી જે કર્મ કે સત્કર્મ થાય છે, તેના કરતાં

'પોતાનો ધર્મ સર્વને લાભ કરે છે'

એ માન્યતાથી થતું સત્કર્મ વધારે ચાવટવાળું હોય છે.

પાપકર્મ કે પુણ્યકર્મ કરે છે પોતે,

પણ તેથી લાભ-હાનિ અનેકને થાય છે.

પાપકર્મની જવાબદારી પોતાની-પુણ્યકર્મની ઉપદેષ્ટાની. બસ, એટલો જ બન્ને બાબતના કર્મમાં ફરક છે પણ બંનેનું પરિણામ અનેકને ભોગવવું પડે છે, એ સત્ય છે.

કર્મફળના આનંદ કરતાં પણ

કર્મનો પોતાનો આનંદ અધિક છે, સ્વતંત્ર છે.

ફળ તરફથી નજર હઠે છે ત્યારે કર્મમાં તન્મયતા વધે છે.

'ઝાડને ફળ બેસે પછી
ફળને જાણું શું ફળ બેસવાનું હતું?'

તે રીતિએ હેતરૂપી વૃક્ષને નિષ્કામ કર્મરૂપી ફળ બેસે, અથવા સ્વધર્માચરણ રૂપી ફળ બેસે, તે જ બસ છે. એ પછી વળી બીજા શા ફળોની અપેક્ષા રાખવી? ઘઉં અથવા જુવાર કે કેળા વેચીને મરચાં કોઈ ખાય?

પાંચ કારણવાદ

જેમ જમણમાં કોળીયો લેવામાં પાંચે આંગળા નિમિત્ત છે, તેમ પ્રત્યેક કાર્ય નિપજવામાં પાંચ કારણ રહેલા છે:

કાળ: ગર્ભપરિપાક, બાળવૃદ્ધિ ફળ, ફૂલ-ફળાદિમાં ઋતુઓ, વળી દૂધમાંથી દહીં, દેહની બાલ્યાદિ અવસ્થાઓ વગેરે.

સ્વભાવ: અગ્નિમાં દાહકતા, જળમાં શૈત્ય, માટીથી ઘટ, તંતુથી પટ, ફળની વિચિત્રતામાં બીજનો ભેદ, ભવ્ય-અભવ્ય.

નિયતિ: આંબાના કેટલાંક ફળ મીઠાં અને કેટલાંક ખાટાં, શિકારી પુરુષ અને હિંસકપક્ષીનો સર્પના ડંસથી વિનાશ, પ્રત્યેકના ભોજનમાં ભિન્ન-ભિન્ન દાણાનું આવવું તે.

કર્મ: રામનો વનવાસ, સીતાનું હરણ, પંડિતને દારિદ્ર્ય, સતીને કલંક, દ્રૌપદીનું પાંચ પતિ સંગેનું જીવન આદિ.

પુરુષકાર: શિલ્પીનું મૂર્તિનિર્માણ, શમદમાદિ ગુણસાધના, રામનો વિજય, મુક્તિમાર્ગ વગેરે પુરુષકાર છે.

० अकृत्स्नकर्मक्षये कैवल्याभावात् । <u>અર્થાત્</u>:
સંપૂર્ણ કર્મક્ષયના અભાવમાં કેવલજ્ઞાનનો અભાવ છે.

આદિકરત્વનો વિચાર એ

અયોગવ્યવચ્છેદ અને અન્યયોગવ્યવચ્છેદ ઉભયથી છે.
જગત્ કર્તૃત્વની આદિ છે, તીર્થકર્તૃત્વની નહિ, કેમકે
સમસ્ત કર્મનો ક્ષય થયા વિના કૈવલ્યલાભ ન હોય.

રાગ-દ્વેષરહિત જયંત પુરુષનો અસંભવ છે.

પુરુષમાત્ર દોષપાત્ર છે, સદોષપુરુષનું વચન અપ્રમાણ છે.
મોહ આવર્ત-અજ્ઞાન, મૌઢ્ય, વ્યુદ્ગ્રાહિતા, કામ-વાસનાદિ,
જન્મ-મૃત્યુ, ઇષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ,
રોગ, શોક, દારિદ્ર્ય, પારવશ્ય, નિંદા, તિરસ્કાર, વધ, બંધ,
કુતર્કાદિ જલ, દુરાગ્રહાદિ જલજંતુ આદી છે. રાગ-દ્વેષનો
કોલ-આશા મનોરથની ભરતી જન્માદિ જલના સ્થાને છે.

જિનવચનાનુસાર તપ અને શ્રમ કરે,
તે ૪ પ્રકારનો શ્રમણસંઘ છે.

<u>૭ તત્ત્વો</u>

(૧) જીવ ચૈતન્ય લક્ષણ (૨) અજીવ એથી વિપરીત (૩) મોક્ષ-શુદ્ધ અવસ્થા (૪) બંધ-અશુદ્ધ અવસ્થા (૫) આશ્રવ-મિથ્યાત્વાદિ (૬) સંવર-સમ્યક્ત્વવ્રત ઉપશમ, સમિતિ-ગુપ્તિ-પરિષહાદિ (૭) નિર્જરા-૧૨ પ્રકારના તપથી.

## સમ્યગ્દર્શન

इति ध्यानरसावेशात् तन्मयाभावमागतः ।
जिनेदाता जिनोभोक्ता जिनः सर्वमिदं जगत् ॥१॥

અર્થ : ધ્યાનરસના આવેશથી આવેલ તન્મય ભાવ વખતે જિન અને આત્મા જો એક જ બને છે, તેથી દાતા, ભોક્તા અને સર્વસ્વ - જિન આત્મા જ ઘટે છે અને તેને 'જિન' શબ્દથી સંબોધેલ છે.

સમ્યગ્દર્શન શુભાત્મ પરિણામરૂપ છે.
આત્માનો તે પરિણામ સર્વના શુભને ચાહે છે, એટલે
તેમાં માયા, મિથ્યાત્વ અને નિદાન,
એ ત્રણ શલ્યોમાંથી એક પણ શલ્ય રહેતું નથી.
આશંસાના મૂળમાં કેવળ સ્વનો જ વિચાર રહેલો છે.
માયા અને મિથ્યાત્વના મૂળમાં પણ તે જ છુપાયેલ છે,
તેથી જ્ઞાનીઓએ સમ્યક્ત્વને શુભાત્મ પરિણામરૂપ માનેલ છે.
શુભાત્મ પરિણામના ગર્ભમાં
સર્વ જીવના શુભની ચિંતા રહેલી છે.

सण्णाणं वत्थुगओ सद्दंसणं तु तत्थरुई ।
सच्चरणमणुट्ठाणं विहिपरिसेहाणुगं तत्थ ॥१॥
- योगशतक गा० ३ (परिशिष्ट-९)

## નમસ્કાર મહામંત્ર

નમસ્કાર મહામંત્રમાં ૩ પ્રકારના આત્મા:
પ્રથમ પદના વિષયભૂત નમસ્કાર્ય પરમાત્મા છે.
ચૂલિકાના ૪ પદમાં નમસ્કારકર્તા અંતરાત્મા છે.
કરુણાના વિષયભૂત અન્ય જીવો બહિરાત્મા છે.
'નમો' પદ મોક્ષ પ્રત્યે મમતા અને
સંસાર પ્રત્યે સમતા અથવા તો નિર્મમતા કેળવે છે.
મોક્ષતત્ત્વ પ્રભુસ્વરૂપ છે, તેથી ગુણોની ખાણ છે.
સંસારતત્ત્વ એ કર્મનું સર્જન છે,
તેથી રાગ-દ્વેષ તથા દુઃખ-દોષની ખાણ છે.

V.V. Imp.

### ૩ નવકાર શા માટે?

કાયશુદ્ધિ માટે પ્રથમ નવકાર કુદરતને અનુકૂળ કરવા,
વચનશુદ્ધિ માટે બીજો નવકાર કાળને જીતવા અને
મનશુદ્ધિ માટે ત્રીજો નવકાર કર્મને ખપાવવા ગણવો.
આમ કુદરત, કાળ તથા કર્મને યાદ કરી ૩ નવકાર ગણવા.
અરિહંતોનો ઉપકાર ગુણપ્રકર્ષ વડે આદર્શરૂપ,
માર્ગદર્શકતાથી પ્રેરણારૂપ, માર્ગરૂપતાથી આલંબનરૂપ છે.
આલંબન માટે દર્શન-પૂજનાદિ,
પ્રેરણા માટે શાસ્ત્ર-આગમાદિ, આદર્શ માટે ઘોર તપશ્ચર્યાદિ.

માર્ગદર્શક પ્રભુ વડે ભેદરત્નત્રયની પ્રાપ્તિ
માર્ગરૂપ પ્રભુ વડે અભેદરત્નત્રયની પ્રાપ્તિ અને
ગુણપ્રકર્ષવાન પ્રભુ વડે અભયાદિ ધર્મોની સિદ્ધિ થાય છે.
નવકારમંત્રના પ્રથમ બે પદોમાં સામર્થ્યયોગનો, પછીના
ત્રણ પદોમાં શાસ્ત્રયોગનો અને છેલ્લા ચાર પદોમાં
ઇચ્છાયોગનો નમસ્કાર રહેલો છે, એવા સમજણપૂર્વક
ગણવામાં આવે તો તે લક્ષ્યને બાંધનાર બની શકે છે.
સમજણપૂર્વકનો with creative understanding,
લક્ષ્યપૂર્વકનો with creative awareness અને
અપ્રમાદપૂર્વકનો with creative movement નો
નમસ્કાર કરવામાં આવે તો શીઘ્ર ફળીભૂત થાય છે.
'નમો' એ ધ્યાન અને લય ઉભયસ્વરૂપ છે,

ઉક્તં

તેમાં आत्मसंस्मृतिर्ध्यानं । અને विषयविस्मृतिर्लयः ।
એ બંને લક્ષણો રહેલાં છે. 'નમો' પદથી એક બાજુ આત્માનું
ધ્યાન તથા બીજી બાજુ વિષયોની વિસ્મૃતિ સધાય છે.

°

Denial of self and acceptance of
all is the positive side of
Namaskar maha mantra.

વિષયવિસ્મૃતિ દુષ્કૃતગર્હાનું પ્રતીક છે.

આત્મધ્યાન સુકૃતાનુમોદનરૂપ છે.

અરિહંતાદિ પદોની સાથે જોડાણ તે શરણાગમનાત્મક છે.

અરિહંતાદિ પંચ પરમેષ્ઠિઓ નમસ્કાર ભાવોથી ભરેલા છે.

મનની બહિર્મુખ ક્રિયાને ઉલટાવી અંતર્મુખ બનાવવાની
કે ચેતનાને આત્મમુખ બનાવવાની પ્રક્રિયા નમસ્કાર છે.

એક ચેતનાના સ્મરણમાં જો
મન તલ્લીન બને તો દુઃખમાત્રનો અંત આવે છે.

મનને ચૈતન્યરૂપી મહાસાગરમાં ડુબકી મરાવવાનું કાર્ય
નવકાર મંત્રથી થાય છે.

નવકારશીના પચ્ચક્ખાણથી ૧૦૦ વર્ષનું પાપ જાય છે.

૧ નવકાર ગણવાથી ૫૦૦ સાગરોપમનું પાપ જાય છે.

અરિહંતાદિ પરમેષ્ઠિઓની નિર્મળ ચેતનાને નમવાનું
કાર્ય જે મન કરે છે, તે મન નિષ્પાપ બની જાય છે.

નમસ્કાર એ શબ્દ, જ્ઞાન અને ધ્યાનની ક્રિયારૂપ છે.

શબ્દ વડે થતું વાચ્યનું જ્ઞાન અને
જ્ઞાનથી થતું પરમેષ્ઠિઓનું ધ્યાન પાપક્ષયનો હેતુ બને છે.

નમ્રતાના માર્ગે જીવ તીર્થંકર, ગણધર અને મોક્ષપદ સુધી
પહોંચી શકે છે, જેનો કોઈ વચલો માર્ગ છે જ નહિ.

એ રીતે તો નમસ્કાર મંત્ર સૌથી મોટો મંત્ર ગણાત નહિ.

ગરદનને સદા ય નમેલી રાખવામાં જ હિત છે.

નમસ્કાર ભાવ એટલે ક્ષમાભાવ, દાંતભાવ, પ્રશાન્તભાવ.

ક્ષમાભાવ = કષાયોને નમાવવા. દાંતભાવ = વિષયો નમાવવા.

શાન્તભાવ = વાસનાઓને નમાવવા.

કષાયોને - વિષયોને કે વાસનાઓને ન નમવું પણ તેના

પ્રતિપક્ષ એવા આત્મભાવોને નમવું,

તે જ નમસ્કારભાવ કે ભાવનમસ્કાર છે.

દ્વાદશાંગીનો સાર નવકાર છે અને

નવકારનો સાર સ્નેહપરિણામ છે.

તે પરિણામ સર્વ જીવ વિષયક બને,

ત્યારે જ નવકાર સંપૂર્ણ થયો સમજવો.

દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ - એ ત્રણે

જીવરાશિ પ્રત્યે સ્નેહપરિણામથી ભરેલાં છે.

સર્વસત્ત્વહિતાશય એ સાધુધર્મનું લક્ષણ છે, કારણકે

દશવિધ યતિધર્મ તે આશય ઉપર જ ખડો થયેલો છે.

સર્વસત્ત્વહિતાશયની સિદ્ધિ માટે જ

અહિંસાદિ અને ક્ષમાદિ ગુણો આચરવાનાં છે.

દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપોમય ધર્મ અને એ

ધર્મને વરેલા અરિહંત-સિદ્ધ-આચાર્ય અને ઉપાધ્યાય
એ સાધુધર્મનાં જ ભિન્ન પ્રતીકો છે.

સ્નેહપરિણામ, હિતાશય, દુઃખાતદુઃખપ્રહાણેચ્છા અને
તદનુરૂપ આચરણ એ દેવ-ગુરુ-ધર્મ અને
દર્શન-જ્ઞાન-ચારિત્રનાં લક્ષણો છે.

એ સ્નેહપરિણામ જ જગતમાંથી
પાપ, દુઃખ, અજ્ઞાન અને ક્લેશનો સર્વનાશ કરે છે.

નવકારનું પ્રયોજન પાપનાશ-ધર્મમંગળનું આગમન છે.
તે બંનેને ઉદ્દેશીને નવકાર ગણવો જોઈએ.
તેના ફળરૂપે આલોક-પરલોકનાં સુખ મળવાનાં જ છે.

'પાપપ્રણાશ' એટલે પાપનાં બીજનો નાશ.
પાપનું બીજ છે 'આત્મસમઅદર્શિત્વ'.

મંગળનું આવાગમન એટલે પરમાત્મપદનું આગમન.
આત્મસમદર્શિત્વ = પરમાત્મસમદર્શિત્વનો આત્મલાભ.
તે લાભ જીવ આદિ ૯ તત્ત્વોનાં શ્રદ્ધાનમાંથી જન્મે છે.

નવકાર એ સર્વ પાપનો ભક્ષક, સર્વના પાપનો ભક્ષક,
સર્વ મંગળકારક તથા સર્વને મંગળરૂપ છે.

'નમો' એટલે નમ્રભાવ. પોતાનું લઘુત્વ-અપકૃષ્ટત્વ
મનમાં ભાવવું, ધ્યાનમાં લાવવું તે છે નમસ્કારભાવ.

પોષ સુદ ૧૪, શનિવાર

'જેને નમું છું, તે મારાથી મોટા તથા વધારે ગુણવાન છે,
હું તેમનાથી નાનો છું તથા તેમના કરતાં ઉતરતો છું'
એવું વિચારીને તેમના જેવા થવા માટે બે હાથ જોડી
માથું નમાવવું, તે સાચો નમસ્કારભાવ છે.

જેના તરફ પૂજ્યભાવ હોય, તેમના તરફ નમ્રભાવ હોય જ.
તે જાહેર કરવા મસ્તક નમાવવું, હાથ જોડવા તે નમસ્કાર.
આપણા હૃદયમાં નમ્રભાવ થયો છે, તેની સાવ પાકી
ખાત્રી બે હાથ જોડવા અને માથું નમાવવાથી થાય છે.

નમો = શક્તિ = કૃતજ્ઞતા = સાધન.
અરિહંતાણં = શિવ = પરોપકાર = સિદ્ધિ.

નવકારમાં વિનય-શરણાગમન, વિવેક-સુકૃતાનુમોદન,
વૈરાગ્ય-દુષ્કૃતગર્હા છુપાયેલાં છે,
તેથી જ નવકારમંત્ર દ્વાદશાંગના નવનીતરૂપ કહેવાયો છે.

o

'Namo' is the turning of the mind
towards the divine by the sense of
relation between man and divine.
man is divine potentially and
divine is man dynamically.

## અહિંસા તથા અનેકાંતવાદ

અહિંસા = સર્વ જીવો પ્રત્યે સદ્ભાવ.
અનેકાંત = સર્વ સદ્વિચારો પ્રત્યે સદ્ભાવ.
અપરિગ્રહ = સર્વ પદાર્થો પ્રત્યે નિરાદરભાવ.
અહિંસાના બે રૂપ : સંયમ અને તપ.
સંયમ સંકોચ (સંવર) રૂપ છે અને તપ નિર્જરારૂપ છે.
સંયમ પરભાવવિરમણરૂપ - તપ સ્વભાવરમણરૂપ છે.
એ બે મળીને જ અહિંસા પૂર્ણ થાય છે.
અહિંસાના પાલન માટે આચારમાં અનેકાન્ત જોઈએ તથા
સાચા સાધકના દરેક વિચારમાં અનેકાંત જોઈએ.
બીજાના સત્ય વિચારને પણ અસત્ય માનવા,
એ હિંસાનો જ એક પ્રકાર છે,
આથી અહિંસકને અનેકાંતવાદી થવું અનિવાર્ય છે.
અહિંસાથી ફલિત થતું દર્શન તે અનેકાંત અને
અનેકાંતથી ફલિત થતો આચાર તે અહિંસા.
સત્યના કોઈ એક અંશનો પણ અન્યાય ન થઈ જાય,
તે ખાતર જ જૈનદર્શને
સકલ દર્શનો અને નયોના સમૂહરૂપ કહ્યું છે.
o 'रागद्दोसविउत्तो जोगी असठस्स होइ जयणा उ ।'

આકૃતિ: 'અહિંસા' એટલે જીવમાત્ર પ્રત્યે પૂર્ણ પ્રેમ.
આશયનો રાગદ્વેષરહિત યોગ એ યતના છે.
યતનાથી કરે એને દ્રવ્યહિંસા થાય, તો પણ
ભાવથી હિંસા ન કહેવાય અને ફળરૂપે દ્રવ્યહિંસાનું પણ
નિવર્તન થાય છે, માટે 'અહિંસા' કહેવાય.
સામાયિકાદિ નિરવદ્ય અનુષ્ઠાનની જેમ જ વિહિત હોવાથી
દાનાદિની જેમ પૂજાદિ પણ આચરણીય છે.
વિહિત હોવાનું કારણ વર્તમાન મહારંભોથી નિવર્તન
કરાવનાર અને ભાવિ પરમ અહિંસામાં પરિણમનાર છે.

## નિશ્ચય - વ્યવહાર

ક્રિયામાં અદ્ભુતતા નહિ પણ તેને કરવાની ભાવનામાં
અદ્ભુતતા છે, તેથી તેને વિધિસર સારી પેઠે કરવા જોઈએ.
પ્રવૃત્તિ એ વ્યવહાર છે અને વૃત્તિ એ નિશ્ચય છે.
પદાર્થનું બાહ્ય (વર્તમાનકાલીન) સ્વરૂપ એ વ્યવહાર છે
અને આભ્યંતર (ત્રૈકાલિક) સ્વરૂપ એ નિશ્ચય છે.
ગુણ-પર્યાય એ વ્યવહાર છે અને દ્રવ્ય એ નિશ્ચય છે.
ઉત્પાદ-વ્યય એ વ્યવહાર અને ધ્રૌવ્ય એ નિશ્ચય છે.
સાચો એકડો આવડવાનું જે લક્ષ્ય છે, તે માત્ર જાણવાથી
નહિ પણ એકડો ઘૂંટવાનો વ્યવહાર કર્યે જ સફળ થાય.

આવા ચિત્રની કે આવા એકડાની આવડત એટલે એનું દર્શનમાત્ર નહિ પણ સાધની કસોટીમાં પરિણત થવું, તે છે. નિશ્ચયદૃષ્ટિનો ધર્મ એ પણ માત્ર ચિત્તમાં પ્રકાશ થવારૂપ નહિ, પરંતુ આત્મામાં પરિણત થવારૂપ છે.

સર્વજ્ઞ ઉચિત વ્યવહાર એ

જીવનમાં નિશ્ચયનય પરિણામની કસોટી અને સર્વજ્ઞ મધ્યસ્થભાવ એ વ્યવહારનય પરિણામની કસોટી છે.

સર્વજીવેષુ कर्तृत्वं ज्ञातृत्वं हरि सम्मतं ।

આ જૈનમતે જ્ઞાતૃત્વ એ કર્તૃત્વના પર્યાયવાચક છે.

પ્રભુનું જ્ઞાન વિશ્વરૂપે પરિણમે છે.

નિશ્ચય = Negative force.

વ્યવહાર = Positive force.

શાસ્ત્રોક્ત વિધિનિષેધનું અનુસરણ અંતે કાયાદિક પરિણામની નિવૃત્તિરૂપ નૈશ્ચયિક ચારિત્રને અનુલક્ષીને જ હોય છે. વ્યવહારનયની વાસના જાગ્યા વિના નિશ્ચયનયની વાસના ફળે નહીં. ભૌતિક કે આધ્યાત્મિક વસ્તુનો લાભ પરના નિમિત્તે છે, એથી કૃતજ્ઞ રહેવાથી ભાવવિશુદ્ધિ થાય તથા અંતરમાં પ્રેમ પ્રગટે એટલે સર્વજ્ઞ પરમાત્મસ્વરૂપ દેખાય છે, ઉપરાંત તેનાથી જ વ્યવહાર શુદ્ધ થાય છે.

## યોગીનું ચિત્ત કેવું હોય?

(૧) ખેદાદિ ૮ દોષોથી રહિત (૨) શાન્તોદાત્ત અને ધીર-ગંભીર ભાવવાળું (૩) સદા પરાર્થપરાયણ (૪) સંક્લેશરહિત (૫) સુસ્વપ્ન દર્શને પ્રવૃત્ત (૬) ગુણસમૂહ પ્રત્યાભિલાષી (૭) કલ્પવૃક્ષના બીજ જેવું શુભોદયવાળું (૮) પ્રવૃત્તચક્ર.

પ્રવૃત્તચક્ર = રાતદિનના અનુષ્ઠાન સમૂહમાં પ્રવર્તમાન હોય.

આવા યોગીનું ચિત્ત જ ધ્યાન માટે યોગ્ય છે.

ચિત્તના ૮ દોષરહિત આત્માઓ તો યોગીકુળમાં હોય.

(૧) ખેદ: થાક, આગળ ચાલવા માટે ઉત્સાહનો અભાવ. ખેદના દોષને કારણે આગળ વધવા માટે તન્મયભાવ નથી, એકાગ્ર પ્રણિધાન આવી શકતા નહિ, જે બન્ને દરેક ધર્મસાધનાને ઉત્કૃષ્ટ બનાવવામાં કૃષિક્રિયામાં જળની જેમ અતિવ આવશ્યક હોય છે.

(૨) ઉદ્વેગ: 'ક્રિયા કષ્ટસાધ્ય છે' એવી બુદ્ધિથી પ્રથમથી જ ક્રિયા કરવામાં ઉત્સાહ પ્રગટ ન થવો તે.

ક્રિયા કરે તો પણ કષ્ટ, ધનવ્યય કે દીર્ઘ સમય વગેરેના કારણે કંટાળો - ઉદ્વેગ - વેઠ ઉતારવાની જેમ ક્રિયા કરે, તેનો ક્યારેય યોગીના કુળમાં જન્મ ન થાય.

પ્રભુ પ્રત્યે પ્રીતિ - ભક્તિથી આ ઉદ્વેગ ટાળી શકાય છે.

(૩) ક્ષેપ: આમાં ખેદ કે ઉદ્વેગ નહિ પણ વચ્ચે વચ્ચે ચિત્ત બીજે ચાલ્યું જાય છે. ડાંગરના રોપાને એક ક્યારામાંથી ઉખેડી બીજામાં અને બીજામાંથી ઉખેડી ત્રીજામાં રોપે, તો ફળ બેસે નહિ, એ રીતે ચાલુ ક્રિયાને છોડી બીજે ચિત્ત ફેરવ્યા કરવાથી ચિત્તની ધારા સળંગ ચાલી શકતી નહિ, તેથી અધ્યવસાયની ધારા વધવી જોઈએ, તે અટકી પડે છે, તેથી યોગનિષ્પત્તિ શીઘ્રપણે થઈ શકતી નહિ.

(૪) ઉત્થાન: અપ્રશાન્તવાહિતા. અસ્વસ્થતા, ખેદ, ઉદ્વેગ કે પછી ક્ષેપનો દોષ ન હોવા છતાં રાગાદિ કે રોગાદિના કારણે ચિત્તમાં અશાંતિ-અસ્વસ્થતા-ઉદાસીનતા રહે છે. ક્રિયા કરવા છતાં નહિ કરવા જેવા થાય કે છૂટી જાય છે.

(૫) ભ્રાન્તિ: ભૂલકણું ચિત્ત, જે નહિ તેની કલ્પના થાય.

(૬) અન્યમુદ્: ચાલુ ક્રિયાને છોડી અન્ય ક્રિયામાં અધિક રાગ એ અંગારવૃષ્ટિતુલ્ય અનાદર છે. એક અનુષ્ઠાનના આદરના ભોગે બીજા અનુષ્ઠાન પર આદરભાવ રાખવો, એ આજ્ઞાવિરુદ્ધ થવાથી શુભ ભાવ રહેતો નહિ. આજ્ઞા તો શાસ્ત્રોક્ત સર્વ યોગો પર સમાન આદર રાખવાની છે.

(૭) રોગ: શરીરનો નહીં, ચિત્તનો. ચિત્તપીડા, ચિત્તભંગ. ભાવનાં બળથી ચિત્તનો આ દોષ સહેજે ટાળી શકાય છે.

(૮) આસંગ: આસક્તિ. કોઈ એક ધર્મવ્યાપાર ઉપર એવી આસક્તિ ન જોઈએ કે તેથી બાકી ધર્મવ્યાપારને બાધ કરનારી નિવડે. આસંગના ત્યાગથી જ અસંગ આવે. આવશ્યક ધર્માનુષ્ઠાનો પણ અસંગાસક્તિને યોગ્ય છે, અન્યથા ઉચ્ચ, ઉચ્ચતર ગુણસ્થાનકો કેમ પ્રાપ્ત થાય?
૮ દોષ ટાળીને પવિત્ર એકાંત સ્થાને ધ્યાન-અભ્યાસ કરે, આસન બાંધી નિર્મળ ચિત્તે જિનેન્દ્રપ્રભુમાં ચિત્ત સ્થાપી સિદ્ધ યોગીઓના સ્મરણપૂર્વક કરેલું ધ્યાન સિદ્ધ થાય.

## યોગ

હઠયોગ, તપયોગ, જપયોગ, કર્મયોગ તથા મંત્રયોગ
આદિ મન, ઇંદ્રિય અને શરીરથી થાય છે.
ઉપાસનાયોગમાં ધારણા, ધ્યાનાદિ કેવળ મનથી થાય છે.
આત્મજ્ઞાન બાદ કેવળ બુદ્ધિ કે પ્રજ્ઞાથી થાય તે જ્ઞાનયોગ છે.
ચિત્તમાં ચંચળતા વિક્ષેપરૂપે છે.
મનના વિકાર કામ-ક્રોધ છે, ઇંદ્રિયોના વિકાર રાગ-દ્વેષ છે,
હૃદયના વિકાર આશા-તૃષ્ણા છે, બુદ્ધિના વિકાર સંકીર્ણતાદિ
અને અહંકારના વિક્ષેપ ભેદબુદ્ધિ - જુદાઈ આદિ છે.
ઉપરના દરેક રોગ અને વિક્ષેપો
ઉપાસના અને જ્ઞાનાદિ યોગથી દૂર થાય છે.

નિષ્કામ કર્મયોગ સાધકના મનને નિર્મળ બનાવે છે.
ઉપાસના અને ભક્તિયોગ મનમાં સ્થિરતા લાવે છે.
રાજયોગાદિ મનનો લય અને સમાધિ સધાય છે.
મન કર્મયોગાદિ શુદ્ધ અને રાજયોગાદિ શાન્ત બને છે.
મૈત્રી-મુદિતાનો અભ્યાસ નિષ્કામ કર્મયોગને પુષ્ટ કરે છે.
એથી બાહ્ય-આંતર મલિન વાસનાઓનો ત્યાગ, નિર્મળ
વાસનાઓનું ગ્રહણ, અપર-પર રાજવાસનાની પુષ્ટિ થાય.

બ્રહ્મા = creative power.

વિષ્ણુ = The power that developes.

મહેશ = The power that exploits.

પ્રાણ = સૂર્ય, અપાન = ચંદ્ર.

શ્વાસ બહાર આવે = ઉષ્ણ, અંદર આવે = અપાન-શીત.

બાહ્યકુંભક નિર્વિકલ્પ સ્થિતિની રક્ષા
આંતરકુંભક પરમપદની પ્રાપ્તિ થાય છે.

જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ, એ 3 અવસ્થાની સાક્ષી તે તુરીય.
જે દેખાય છે તે માયા, અવિદ્યા, ત્રિગુણ છે.
લૌકિક જાગૃતિ એ એક પ્રકારે દીર્ઘકાલીન સ્વપ્ન છે.
અન્વય = Synthesis, વ્યતિરેક = Analysis.
પ્રપંચ = 5 ભૂતને પ્રસરાવવા કે 5 ઇંદ્રિયોનો વ્યાપાર.

પંચીકૃતભૂત અપંચીકૃતભૂતોનું કાર્ય છે.
અંતઃકરણ બધાં ભૂતોના સત્વગુણનું કાર્ય છે.
પાંચ કર્મેન્દ્રિય રજોગુણના અંશનું કાર્ય છે.
પાંચ જ્ઞાનેન્દ્રિય સત્વગુણના અંશનું કાર્ય છે.
ઋષિઓના સમાધિલબ્ધ જ્ઞાનને વ્યાધિસંકુલ શરીર,
અસંસ્કૃત મન અને અપરિમાર્જિત બુદ્ધિ
પૂરી રીતે સમજી શકે નહિ, તેથી તેને સમજવા માટે તો
યોગાભ્યાસથી જ મનને સંસ્કૃત કરવું જોઈએ.

दह्यते ध्मायमानानां धातूनां यथा मलः ।
तथेन्द्रियाणां दह्यन्ते दोषाः प्राणस्य निग्रहात् ॥ (પરિશિષ્ટ-૧૦)

तपो न परं प्राणायामात् ।

અર્થાત્: પ્રાણાયામથી શ્રેષ્ઠ કોઈ તપ નથી.

જ્ઞાનપૂર્વકનો ભક્તિપ્રધાન નિષ્કામ કર્મયોગ
એ શાસ્ત્રોનો અપરધ્વનિ છે.

યોગનાં ૩ લક્ષણ

(૧) ચિત્તવૃત્તિ નિરોધ - યોગ (૨) કુશલ પ્રવૃત્તિ - બૌદ્ધ
(૩) મોક્ષનો સંયોગ - જૈન. એ ત્રણે લક્ષણો એકાર્થક છે.

सिद्धान्तकथा सत्संगमश्च मृत्युपरिभावनं चैव ।
दुष्कृत-सुकृत-विपाकालोचनमथ मूलमस्यास्मिन् ॥
(પરિશિષ્ટ-૧૧)

સર્વ યોગમાર્ગનાં મૂળ કારણ આશ્રય છે.
યોગ તે છે કે જે કોઈથી જોડાતો નથી.
'યોગ' શબ્દ વિધાયક છે, જ્યારે
'નિરોધ' શબ્દ નકારાત્મક છે.
યોગમાં જોડવાનું કે સંપર્ક પ્રાપ્ત કરવાનું છે, જ્યારે
નકારાત્મક એવા નિરોધમાં તોડવાનું છે, તેમાં
નાટક કલ્પનાઓ - વ્યર્થ વિચારોનો ત્યાગ કરવાનો છે.
ખ્યાતિ, સાંખ્ય, જ્ઞાન એ ત્રણે શબ્દો એકાર્થક જ છે.
યોગમાં ચિત્ત એ મધ્યબિંદુ છે.
તેની આસપાસ ક્રિયા, ધ્યાન વગેરે ગોઠવાયેલાં છે.
બ્રહ્મવિદ્યા વિના નિરપવાદ સત્ય ટકી શકતું નથી.
કરુણામૂલક બ્રહ્મચર્ય જેટલું સરળ બને છે,
તેટલું તે જ્ઞાનમૂલક બનતું નથી.
અંતરાત્મા બધાના એક જ છે.
સાધનાનું બાહ્યસ્વરૂપ કર્મયોગ છે અને
ભક્તિ, ધ્યાન, જ્ઞાન વગેરે સાધનાના આંતરિકસ્વરૂપો છે.
યોગશાસ્ત્રમાં કર્મયોગને ગૌણસ્થાન છે, કિન્તુ
મનોયોગ તથા ધ્યાનયોગને પ્રધાનસ્થાન છે.

Love thy neighbour as thyself.

## અષ્ટાંગ યોગ (પ્રવચન માતા)

અજ્ઞાન એ જ દુઃખ અને અજ્ઞાન એ જ ભય, પણ કોનું?
આત્માનું અને કર્મના કાયદાનું અજ્ઞાન.

અસત્ને સત્, જડને ચેતન અને દુઃખને સુખ માનવું, આ એકમાત્ર ભૂલ બીજી હજારો ભૂલોને કરાવે છે.
રાગ-દ્વેષ એ અશાંતિ, ક્લેશ, કર્મપરંપરાને વધારે છે.
'દુક્ખી હિ સાસદો માયા।' જૈન ભાખો શાશ્વત છે.
પ્રવચન માતા ચતુર્વિધ સંઘનું રક્ષણ કરનાર અથવા શ્રી જિનેશ્વરોનાં વચનોનું રક્ષણ કરનાર માતાના સ્થાને આઠ માતા છે. 'અષ્ટાંગયોગ' તેનું જ બીજું નામ છે.

°

'પરો હિ યોગો મનસઃ સમાધિઃ।'
'સર્વે હિ યોગા મનોનિગ્રહાન્તાઃ।'

°

Yoga is the transformation of the thinking principle. 'યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ।'
The word 'Yoga' has been used, misused & abused.
Man is the only animal, who has the hunger & thirst for perfection.

## પ્રતિષ્ઠા તત્ત્વ

ભાવપ્રતિષ્ઠા = દેવોદ્દેશથી સ્વાત્મામાં સ્થાપના ભાવની પ્રતિષ્ઠા.
ભાવપ્રતિષ્ઠાનું મહત્ત્વ એટલા માટે છે કે ભાવરૂપી રસેન્દ્રથી
જિનવચનરૂપી અગ્નિ એ કર્મરૂપી કચરાને બાળી નાંખે છે
અને આત્મા શુદ્ધ સુવર્ણત્વ રૂપ સિદ્ધત્વને પામે છે.
વચનનો આશ્રય એ અગ્નિક્રિયા છે.
વચનાનુસાર શુભ વ્યાપાર એ ઈંધન પ્રક્ષેપ તુલ્ય છે.
પ્રતિષ્ઠા વિધિ એ વચન ક્રિયારૂપ છે માટે સફળ છે.
વીતરાગત્વાદિ સર્વ ગુણોથી 'સ એવ અહં' હું તે જ છું
એ પ્રણિધાને સ્વાત્મામાં પરમાત્મા સાથે પરમ સમરસ
અને સમત્વ ગુણનું અવસ્થાપન એ મુખ્ય સ્થાપનરૂપ છે.
સ્વાત્મામાં મુખ્ય સ્થાપન છે અને
બિંબ વગેરેમાં પરમાત્માનું ઔપચારિક સ્થાપન છે.
ઔપચારિક સ્થાપનના વિધિવિધાનથી પ્રતિષ્ઠિત તત્ત્વનું
ભાન થાય છે, તેથી ભક્તોને પૂજાની પ્રેરણા મળે છે
અને પૂજાનું ફળ પ્રાપ્ત થાય છે. બાહ્યપ્રતિષ્ઠા એ રીતે
ભક્તોને ભક્તિવિશેષ ઉત્પન્ન કરવાને લીધે સફળ છે.
આમ બાહ્યપ્રતિષ્ઠા એ વચનક્રિયારૂપ હોઈ
દેવાધિદેવનો ભાવ આત્મામાં પેદા થવામાં કારણભૂત છે,

પૂર્વાચાર્યોએ તેનો ભવ્યજીવોના હિતાર્થે આચરી છે.
મોક્ષમાંના સિદ્ધ પરમાત્મા જેમ કેવળજ્ઞાનાદિ શક્તિયુક્ત
છે, તેમ બિંબમાં પણ મંત્રથી તેમની સ્થાપના કરવી.
આ ભાવપ્રતિષ્ઠા મુક્તિમાં સદ્અંતઃકરણ સ્થાપવાનો કારણ
પુણ્યાનુબંધી પુણ્ય આ સમ્યક્ત્વનાં બીજના સ્થાપનરૂપ છે.

એ ભાવ અલ્પ છે, તો પણ તેને
ક્ષમાદિ અને મૈત્ર્યાદિ વડે વૃદ્ધિ પમાડવી.

પ્રતિષ્ઠાગત ભાવવૃદ્ધિ નિરપાય - સિદ્ધાર્થ - સ્વાત્મસ્થ -
મંત્રરાજ - અસંગ - આનંદનો હેતુ - જ્ઞાનરસ છે તથા
તત્ત્વજ્ઞ પુરુષોની બુદ્ધિ છે અને અવિસંવાદ સ્વરૂપ છે.

જ્ઞાન એ સત્ત્વ, તપ અને શીલરૂપ છે.
બુદ્ધિ હિતોપદેશરૂપ છે.

કલ્યાણસંપન્ન સત્પુરુષોના દર્શન, એમને પ્રણામાદિ
ક્રિયા અને એ જ વડે નિયમા સાનુબંધ ફળની પ્રાપ્તિ,
એ ત્રિવિધ અવંચક યોગ છે.

બીજન્યાસથી ઉપરના ત્રણે અવંચકો પ્રાપ્ત થાય છે.

'શુભભાવાર્થં પૂજા।'

પુષ્પાદિથી થતી પૂજા શુભભાવ નિમિત્તે છે.
તેમાં સ્તોત્રથી થતી પૂજા વિશેષ શુભભાવનું કારણ બને છે.

ભગવાનનાં અદ્ભુત ગુણોત્કીર્તનથી સમરસ
અર્થાત્ સમભાવનો રસ અથવા અભિલાષા પ્રગટે છે.
પરમાત્માનાં સ્વરૂપ અને ગુણોમાં ચિત્તોપયોગ
એ સમરસાપત્તિસ્વરૂપ છે.

પૂજા 3 પ્રકારે છે:

વિઘ્નોપશામની, અભ્યુદયસાધની, નિર્વાણસાધની.

પૂજામાં કાયયોગની પ્રધાનતા સર્વ વિઘ્નોને શમાવે છે,
વચનયોગની પ્રધાનતા આત્માભ્યુદયને આપે છે અને
પૂજામાં મનોયોગની પ્રધાનતા નિઃશ્રેયસને સધાવે છે.
નિખિલ ગુણાધિક એવી અદ્ભુત પ્રવૃત્તિઓના ફલસ્વરૂપ
પરમાત્મસ્વરૂપનું પૂજન અખિલ ગુણાધિક પૂજોપકરણ
વડે અતિ હર્ષોલ્લાસથી કરવું, કરાવવું, અનુમોદવું જોઈએ.

કાયાથી પુષ્પાદિનો પ્રયોગ,
વચનથી ક્ષેત્રાન્તરથી આનયન અને મનથી નંદનવન
વગેરેના ત્રૈલોક્યસુંદર ચંદન-પુષ્પાદિ કલ્પી માનસપૂજા કરી.

સ્નાનાદિમાં જીવવધ છે અને
પૂજાથી પ્રભુને કોઈ લાભ નથી, તો પછી પૂજા શા માટે?
કૂપ દૃષ્ટાંતથી પૂજા લાભદાયી છે. શ્રમ, તૃષા, મળને દૂર
કરવા કૂપખનન છે, છતાં ખોદતી વખતે તૃષાદિ વધે છે.

કૂપખનન ક્રિયાદિ જ કૂપજલની પ્રાપ્તિ થાય છે અને
તે વડે શ્રમ, તૃષા, મલાદિ- એ ત્રણે ત્રણ દૂર થાય છે.
માટે પરિણામે અતિશય લાભ પહોંચાડનાર જિનપૂજામાં
થતો અલ્પવધ પણ દોષરૂપ નથી, કિન્તુ ગુણકારી છે.
મંત્રસ્મરણ, અગ્નિસેવન કે વિદ્યાપાઠાદિ મંત્ર, અગ્નિ કે
વિદ્યાને કોઈ ગુણ કે ઉપકાર નથી, છતાં પણ કરનારને
વિષાપહાર, શીતાપહાર અને વિદ્યાસિદ્ધિનો લાભ મળે છે.

જિનપૂજાદિ પૂજ્યને ઉપકાર નથી,
છતાં પૂજકને વિશિષ્ટ પુણ્યલાભ થાય છે.

ભગવાન કૃતકૃત્ય છે માટે જ ઉત્કૃષ્ટ ગુણવાળા છે,
તેથી એમની પૂજાનો આરંભ, શરીર-સ્વજન-ગૃહાદિના
અસદારંભમાં પડેલા નિર્મળ બુદ્ધિવાળા અને વિમલ
વિવેકવાળા ગૃહસ્થોને સાર્થક છે, સ્વરૂપ છે, ઉપકારક છે.
જિનપૂજાદિ ભવાન્તરમાં-પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન
અને પ્રભુભક્તિ થકી પ્રશાંતવાહી સુસંસ્કાર જન્મે છે,
તેથી સદનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે.

અનુષ્ઠાન ૪ પ્રકારે છે: પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ.
વચનાનુષ્ઠાન મુનિને હોય અને ઉપચારથી (વચનથી
પ્રવર્તમાન) અપુનર્બંધક માર્ગાનુસારી વગેરેને હોય.

અસંગ અનુષ્ઠાન જિનકલ્પિક મહામુનિને હોય.
તે નિરતિચાર હોય, ચોથામાં ક્વચિત સૂક્ષ્મ અતિચાર હોય,
પહેલા ત્રણ ક્રમમાં સ્થૂલ નિરંતર અતિચાર હોય.
વચનાનુષ્ઠાન આગમના જ્ઞાન વડે ૩ પ્રકારે જ્ઞાન થાય:
Imp શ્રુતમય, ચિંતામય અને ભાવનામય.
પહેલું શ્રુતમય જ્ઞાન શુશ્રૂષાસહિત આગમ શ્રવણથી થાય.
બીજું ચિંતામય નયપ્રમાણ સૂક્ષ્મયુક્તિના ચિંતનથી થાય.
ત્રીજું ભાવનામય જ્ઞાન હેતુ, સ્વરૂપ, ફળના ભેદથી ત્રૈકાલિક
તથા તે પૂર્વ કારણ, વર્તમાન સ્વરૂપ અને ભાવિફળના
વિચારપૂર્વક હોય. ત્રણે જ્ઞાન વિધિના ઉપયોગવાળા હોય છે.
શ્રુતમય જ્ઞાનમાં જ્યારે ગુરુભક્તિ - વિનયાદિ ભળે,
ત્યારે ચિંતા - ભાવનામય બને છે. ત્રણે જ્ઞાન ક્રમશઃ
સ્વાદુપથ્ય જલરસ, દુગ્ધરસ અને અમૃતરસના જેવો
આસ્વાદ આપીને વિષયોના રસને શમાવનાર થાય છે.

स्वनिरूपकस्थाप्यालंबनत्वसंबंधेन।

स्व = प्रतिष्ठाजनिता आत्मगताशक्तिः।

निरूपकस्थाप्य = 'स एव अहं' इत्याकाराधीः

आलंबन = પ્રતિમા, કારણકે પ્રતિમાના દર્શનથી એ બુદ્ધિ
પેદા થાય છે. 'प्रतिष्ठितं पूजयेत्।' એ વાક્યની
કલ્પના શિષ્ટાચારથી - શિષ્ટપુરુષોની પ્રવૃત્તિથી થાય છે.

સોઽહંની ભાવના એ તાત્ત્વિક પ્રતિષ્ઠા છે.
તાત્ત્વિક પ્રતિષ્ઠા પ્રતિમામાં જરૂર છે.

## દીક્ષા, શિક્ષા, ભિક્ષા

(૧) દીક્ષા - નામાદિનું સ્થાપન તે દીક્ષા છે.
શ્રેયનું દાન અને અશિવનું ક્ષપણ કરે તેનું નામ 'દીક્ષા'.
તે કીર્તિ, આરોગ્ય, ધ્રુવ અને પદની પ્રાપ્તિરૂપ શ્રેય કરે છે
તથા અપકીર્તિ, રોગ, અસ્થૈર્ય અને અપદવાનો
વિનાશ કરી સંસારના સર્વ અશ્રેયને હરે છે.

(૨) શિક્ષા - શિક્ષા બે પ્રકારની છે:
સૂત્રાર્થગ્રહણ રૂપ અને તદુક્ત અનુષ્ઠાનસેવન રૂપ.
શિક્ષાથી નિરૂપમ એવા ઉપશમ સુખની પ્રાપ્તિ થાય છે.
ઔદયિક સુખની અપેક્ષાએ ઉપશમ સુખ તે ઉત્તમ છે.
પરમમંત્ર સ્વરૂપ માનીને સૂત્રનું ગ્રહણ કરે.
જીવનને મધુર બનવા યોગની જેમ આ શિક્ષાયોગ છે.
ગુરુ પાસે કાલગ્રહણપૂર્વક ઉદ્દેશાદિ ક્રમસહિત સૂત્રગ્રહણ
કહ્યું છે. અતિશય ચારિત્રયુક્ત ગુરુ પાસે ભાવથી પર્યાય
મુજબ અર્થને ગ્રહણ કરે. મંડલિ નિષદ્યા, વંદન, ઉપયોગ,
કાયોત્સર્ગ, સંયોગ સ્થાને પ્રશ્ન ઇત્યાદિ વિધિ કહી છે.
યથોક્ત સૂત્રાર્થનું આસેવન વિધિયુક્ત પ્રત્યુપેક્ષણાદિ ક્રિયા

વડે કરે. આસેવન વિનાનું ગ્રહણ ઉપકારક નથી જ.
રોગીને દુષ્કર એવા પણ ચિકિત્સા જેમ ક્રિયાપરિણામે તો
સુખકર જ છે, તેવું સૂત્રોક્તદુષ્કર અનુષ્ઠાનઆસેવનનું છે.

## અનુષ્ઠાનસેવનના ૪ પ્રકાર

પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગઅનુષ્ઠાન.
આહાર, ઉપધિ અને શય્યાદિને વિષે સંયમ
એ ઘણા જ મહત્ત્વની આસેવનશિક્ષા છે.

(૩) ભિક્ષા - ભિક્ષાના ૪૭ દોષ છે.

૧૬ ઉદ્‌ગમદોષ: આધાકર્મ, ઔદ્દેશિક, ક્રીત, પ્રાદુષ્કરણ,
પૂતિકર્મ, સ્થાપના, પ્રાભૃતિકા, પ્રામિત્ય, આચ્છેદ્ય, અભ્યાહૃત,
પરિવર્તિત, ઉદ્ભિન્ન, માલાપહૃત, અનિસૃષ્ટ, અધ્યવપૂરકાદિ.
૧૬ ઉત્પાદનદોષ: ધાત્રી, દૂતી, ચિકિત્સા, નિમિત્ત, આજીવ,
વનીપક, ક્રોધ, માન, માયા, લોભ, વિદ્યા,
પૂર્વપશ્ચાતસંસ્તવ, મંત્ર, ચૂર્ણ, યોગ, મૂળ કર્મપિંડ.
૧૦ એષણા દોષ: શંકિત, મ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, દાયક,
સંહૃત, અપરિણત, ઉન્મિશ્ર, લિપ્ત તથા છર્દિત દોષ.
આ દોષોથી રહિત પીંડ મુનિઓને કલ્પ્યો છે.
એનો ઉપભોગ - સંયોજનાદિ દોષરહિત કલ્પ્યો છે.
ગ્રહણૈષણાના ૪૨ દોષ અને ગ્રાસૈષણાના પાંચ દોષ છે:

ગ્રાસૈષણાના ૫ દોષ: (૧) સંયોજના = સ્વાદવૃદ્ધિ માટે મિશ્રણ (૨) પ્રમાણ = ૩૨ કવલથી અધિક (૩) ઇંગાલ = રાગસહિત (૪) ધૂમ = દ્વેષસહિત (૫) કારણ = વેદન, વૈયાવૃત્ય, ઇર્યા, સંયમ, પ્રાણધારણ, ધર્મચિન્તા. ગ્રાસૈષણા આદિ ગોચરીની જેમ બીજી પણ ૩ એષણા છે: વસ્ત્રૈષણા, પાત્રૈષણા, શય્યૈષણા (સ્ત્રી-પશુપંડકરહિત એવી શય્યા).

o સંસર્ગારોપ - તાત્સ્થ્ય, ગુણસમાપત્તિ.
અભેદારોપ - તદંજનતા, દ્રવ્ય - ગુણસમાપત્તિ.

પ્રકૃતિની દૃષ્ટિ વિરક્તિ અપાવે છે જ્યારે
ઉત્કૃષ્ટતાની દૃષ્ટિ ભક્તિ અને મૈત્રીને વિકસાવે છે.

પાપથી મુક્ત બનો એટલે ક્રોધને તજો.
દુઃખરહિત થાઓ એટલે અસંયમને તજો.
કર્મરહિત થાઓ એટલે વાસનાને જીતો.

'સાંખ્ય' એટલે સદ્-અસદ્ વિચાર અને
તે વડે આત્મ-અનાત્મ વસ્તુનો વિવેક.

o દ્વૌ ક્રમૌ ચિત્તનાશસ્ય યોગો જ્ઞાનં ચ રાઘવ ।
યોગસ્તદ્વૃત્તિરોધો હિ જ્ઞાનં સમ્યગવેક્ષણમ્ ॥૧॥

o વાસનાક્ષય-વિજ્ઞાન-મનોનાશા મહામતે !
સમકાલં ચિરાભ્યસ્તા ભવન્તિ ફલદાયિનઃ ॥૧॥

(પરિશિષ્ટ-૧૨)

તત્ત્વજ્ઞાન માટે શ્રવણાદિ, મનોનાશ માટે યોગાભ્યાસ અને વાસનાની નિવૃત્તિ માટે મૈત્ર્યાદિ એ સાધન છે.
સુખ અથવા સ્તુતિ ગમે તેટલાં મળે તો પણ દ્રવ્યદૃષ્ટિથી ઓછાં જ માનવાં. દુઃખ કે નિંદા ગમે તેટલાં પ્રાપ્ત થાય તો પણ પર્યાયદૃષ્ટિએ તેને અલ્પ જ ગણવાં, કેમકે સાંસારિક પર્યાય અશુદ્ધ છે અને દ્રવ્ય સદા શુદ્ધ છે
સ્ત્રીસંગ એ નરકનું જ્યારે સત્સંગ એ મોક્ષનું દ્વાર છે.

પ્રભુપ્રસન્ન કરવાનાં 3 ઉપાયો : અહિંસા, સંયમ તથા તપ.

(૧) પ્રાણીદયા (૨) ઇંદ્રિયોનું દમન (3) પ્રાપ્તમાં સંતોષ.
અહિંસા એટલે પ્રાણીદયા, ક્ષમા - તેનાથી પાપ બળે છે.
સંયમ એટલે ઇંદ્રિયોનું દમન - તેનાથી જીવનું દુઃખ બળે છે.
તપ એટલે પ્રાપ્તમાં સંતોષ - તેનાથી જીવના કર્મ ટળે છે.
પ્રભુની નજર જીવના ટૂંકા સુખ-દુઃખ ઉપર નહિ પણ જીવના લાંબા સમયના હિત તરફ છે.

માતૃતત્ત્વ = પ્રેમાળપણું, પિતૃતત્ત્વ = મક્કમપણું, દૃઢપણું
ગુરુતત્ત્વ = પવિત્રપણું.

શરીરનું સ્નાન જળ અથવા માટીઆદિથી થાય,
મનનું સ્નાન ભક્તિ અને સત્કાર્યતાથી થાય અને
બુદ્ધિનું સ્નાન સ્વાધ્યાય અને વિચારોથી થાય.

અગ્નિમાં પ્રેમ છે, મક્કમતા છે, પવિત્રતા છે,
તેથી આત્મવિદ્યાને અગ્નિની ઉપમા છે.

વીરતા અને ક્રૂરતામાં ફરક છે.

ક્રૂર તે છે કે જે સ્વાર્થ માટે બીજાનો સંહાર કરે છે,
વીર તે છે કે જે માનવતાના રક્ષણ-ન્યાય માટે મરી ફીટે.

જેવા વિચાર તેવી વાણી, જેવી વાણી તેવું વર્તન,
જેવું વર્તન તેવી ટેવ અને જેવી ટેવ તેવું ભાગ્ય.

ભારતીય સંસ્કૃતિ સૌથી પ્રથમ વિચારોને તથા એના કારણભૂત મનને શુદ્ધ-સ્થિર કરવાની આજ્ઞા કરીને તે માટે અભ્યાસ-વૈરાગ્ય એવા બે સાધનોને ઉપદેશે છે.

અભ્યાસ તથા વૈરાગ્યની ગેરહાજરીમાં તો
દુઃખમાં સાંભરે રામ અને સુખમાં સાંભરે સોની જેવું થાય.

જે તર્ક આપણી વિચારધારાને સમાધિના માર્ગે લઈ જાય, તે સુતર્ક. જીવો પ્રત્યે ઉપકારી રહેવાનો વિચાર સૌને સમાધિ તરફ વાળે છે, માટે તે સુનય, સદ્દષ્ટિ છે.

તમામ વ્યક્તિઓને પોતાના અંતરાત્માના અવાજ પ્રમાણે પોતપોતાના ઈશ્વરને ભજવાનો સંપૂર્ણ અધિકાર છે.

તનની ભૂખ મટાડવાવાળા ઘણાય છે, કિન્તુ
અંતરની ભૂખ મટાડવાવાળો તો માત્ર એક પ્રભુ જ છે.

## નવકાર એ શ્રેષ્ઠ નાવ

તાણં અણ્ણં તુ ણો અત્થિ, જીવાણં ભવસાયરે ।
બુડ્ડંતાણં ઇમં મુત્તું, ણમોક્કારં સુપોયયં ॥૧॥
ભવસાગરમાં ડુબતા જીવોને
નવકાર રૂપી શ્રેષ્ઠ નાવને છોડી બીજું કોઈ ત્રાણ નથી.

## ષડ્દર્શનમાં આત્મા અને કર્મબંધ

નાસ્તિક - આત્માને દેહરૂપ માને છે.
વૈશેષિક - ધર્માધર્મને અમૂર્ત ગુણ માને છે.
ન્યાય - આત્માને એકાન્ત નિત્ય માને છે.
બૌદ્ધ - આત્માને એકાન્ત અનિત્ય માને છે.
સાંખ્ય - આત્માને એકાન્ત અબદ્ધ માને છે.
બૌદ્ધ+વેદાંત - કર્મબંધને કાલ્પનિક વાસનારૂપ માને છે.
અભવ્ય - આત્મા કે ભવને કર્મ મોક્ષ માનતો નથી.
હિંસા - અહિંસાદિ અનુક્રમે બંધ અને મોક્ષના હેતુ છે.

'હિંસયા દૂયતે ચિત્તાદ્ ઇતિ હિંદુઃ ।'
અર્થાત્: હિંસાથી જેનું ચિત્ત દુઃખી થાય, તે હિંદુ કહેવાય.

o

The true civilisation is where
every man gives to every other
every right that he claims for himself.

ભર્તૃહરિકૃત વાક્યપદીય મંગલાચરણમાં કહ્યું છે કે:

अनादिनिधनं शब्द-ब्रह्म तत्त्वं यदक्षरम्
विवर्ततेऽर्थभावेन प्रक्रिया जगतो यतः ॥ भर्तृहरि:

જે અનાદિ અનંત, બ્રહ્મ શબ્દસ્વરૂપ તે અક્ષર છે,
કારણ કે જગતની પ્રક્રિયા અર્થભાવ વડે વાસ્તવિક છે.

°

He drew a circle that shut me out,
Herotic, rebel, a thing to flout.
But Love and I had the wit to win,
We drew a circle that took him in.
- Edwin Markham

It is really important in this world that we individuals get along with all, try to understand and help each other as best as we can. If for us physicians it is natural, why should it not also be possible for all people of the world? Don't tell me this to be utopia! Every discovery was considered utopian.
-Gerhard domagk, સલ્ફા દવાના શોધક, ૧૯૩૨.

o યાદ રાખવાની શક્તિ વધારવી
જેટલું કઠિન અને જરૂરી છે, તેથી વધુ કઠિન અને જરૂરી
ભૂલી જવાની શક્તિ વધારવી તે છે.
જ્ઞાનમાં અધ્યયન અને જીવનમાં યોગ સહાયકારક છે.
ચમત્કારમાં હિંસા છે, તેમાં મહાપુરુષની બુદ્ધિનું મૂલ્ય નથી.
તે ધર્મ ચમત્કાર ઉપર નિર્ભર ગણાય છે કે જે ધર્મમાં
ઈશ્વરનિષ્ઠા અથવા મૂલ્યોની નિષ્ઠા નથી.
'ઈશ્વરનિષ્ઠા' એટલે ઘૃણા વિરુદ્ધ કરુણા આપીએ,
આસક્તિ વિરુદ્ધ પ્રેમ તથા ક્રોધ વિરુદ્ધ મૌન પાળીએ.
ભોગથી રોગ, ત્યાગથી વૈરાગ્ય તથા સંયમથી વીતરાગતા મળે.
સંયમ એ ત્યાગ નહિ, વાસનાનું વિસર્જન છે.
ક્રોધ કરે તે તથા ક્રોધ દબાવે તે ભૂલ કરે છે.
ક્રોધ ઉઠે ત્યારે તટસ્થ થઈ સંયમી દૃષ્ટા બની જાય,
તો તે આત્મા વીતરાગ બને છે.
વિચાર બહારથી અંદર - જ્ઞાન અંદરથી બહાર આવે છે.
જ્ઞાન તો પોતાનું જ સ્વરૂપ છે,
ફક્ત તે મેળવવા માટે વિચારોના જ્ઞાતાથી શૂન્ય થવાનું છે.
જો મનમાં આવતાં સર્વ વિચારોનું તટસ્થ નિરીક્ષણ થાય,
તો જ એ મનને વિચારશૂન્ય બનાવી શકાય.

વિચારોની જેમ મનમાં ઉઠતા વિવિધ પ્રકારના ભાવોનું
જો તટસ્થ નિરીક્ષણ થાય, તો તે ભાવ સંયમમાં પરિણમે.
જે સાધક ભાવને સંયમ કરે તથા વિચારોને શૂન્ય કરે,
તે સાધકનું બાહ્યાંતર આચરણ શુદ્ધ થાય.
ભાવોના નિરીક્ષણથી વિચારોની જે શૂન્યતા આવે અને
વિચારોની શૂન્યતા થવાથી આચરણની જે શુદ્ધિ થાય છે,
તે અંદરની શુદ્ધિનું પરિણામ છે.
ભાવસંયમ, વિચારશૂન્યતા અને આચરણશુદ્ધિ - ક્રમ છે.
માત્ર પૂજા - પ્રાર્થના - ઇચ્છા નહિ, સાથે સાધના જરૂરી છે.

## કર્મ અને ઉપાસના

જે વસ્તુ સર્વદા એકરસ કે સ્થિર છે;
જે વસ્તુ નિર્વિકાર, દેશકાળપરિચ્છેદરહિત, ત્રિકાળાબાધ્ય,
અગાધ અને સત્સ્વરૂપ હોય, તે વસ્તુ જ સ્થિર હોય.
'હું પુણ્યપાપનો કર્તા, સુખ-દુઃખનો ભોક્તા અને
તેના ફળસ્વરૂપ જન્મ-મરણનો ધર્તા એવો સંસારી છું'
આમ વિચારવું તે આવરણનું સ્વરૂપ છે.
'હું નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વરૂપ છું.'
તે ભાન અંતઃકરણમાં થવા અંતઃકરણ શુદ્ધ થવું જોઈએ.
અંતઃકરણની શુદ્ધિ માટે કર્મ અને ઉપાસના આવશ્યક છે.

પોતાને ખરા સ્વરૂપે જાણ્યા પછી જ
સર્વ શાસ્ત્રો, ગુરૂઓ અને દેવોને જાણી શકાય છે.
પોતાના ઉપર વિશ્વાસ અને શ્રદ્ધા ઉત્પન્ન કરવાથી
દેવ-ગુરૂ અને શાસ્ત્ર ઉપર પણ શ્રદ્ધા બંધાય છે.

## ષટ્કારક

ક્રિયામાં કારણભૂત છ વસ્તુ છે, તેને 'ષટ્કારક' કહે છે.
અધિકરણકારક એ સંબંધકારક છે.
એનો સંબંધ નામની સાથે છે ક્રિયાની સાથે નહિ,
તેથી તે કારક વિભક્તિ કહેવાતી નથી.

फलार्थी यः स्वतंत्रः सन् फलायारभते क्रियाम्।
निर्योक्ता परतन्त्राणां स कर्ता नाम कारकम्॥१॥

અર્થ: સ્વતંત્ર થકો જે ફળનો અર્થી ફળ માટે
ક્રિયા આરંભે છે અને પરતંત્ર પદાર્થોને
જે જોડે છે, તે કર્તા નામકારક છે.
કર્માદિ કારક ફળેચ્છાશૂન્ય અને પ્રયત્નરહિત છે તથા
સ્વયં અન્ય કારકોના નિયોક્તા નથી,
જ્યારે કર્તાકારક અન્ય સર્વ સાધનોનો પ્રવર્તક છે.
અન્ય કારકોની પ્રવૃત્તિ-નિવૃત્તિ એને આધીન છે.
કર્તા વિના કોઈપણ સાધન ક્રિયાજનક થઈ શકતું નથી.

શુદ્ધિ = નૈતિક, બુદ્ધિ = વૈજ્ઞાનિક, સિદ્ધિ = આધ્યાત્મિક.
જીવનમાં જેમ નૈતિકતા અને કરૂણાની ભૂમિકા છે,
તેમ વૈજ્ઞાનિક અને બૌદ્ધિક ભૂમિકા પણ છે.
ભક્તિની ભૂમિકા એથી પણ ભિન્ન છે,
તેમાં આંતરવિશ્વની સાથે સંબંધ છે.
વૈજ્ઞાનિક વિશ્વનું ક્ષેત્ર, વિશાળ માનવતાનું ક્ષેત્ર, નીતિનું
ક્ષેત્ર તથા સેવાનું ક્ષેત્ર જેટલું પણ ઉદાર દેખાય છે,
તેથી પણ અધિક પ્રેમનું એક વિશાળ વિશ્વ અંદર છે.
તેના પણ અનન્ય - સ્વતંત્ર અનુભવો છે.

ભક્તિ છે ભાગીરથી

સેવાથી શુદ્ધિ, વિજ્ઞાનથી બુદ્ધિ પણ સિદ્ધિ ભક્તિથી છે.

પરમાત્મચેતનાનો અનુભવ સ્વતંત્ર છે અને
તે ફક્ત ભક્તિથી જ સાધ્ય છે.
સ્વપ્ન, જાગૃત કે સુષુપ્તિમાં જે નિજ ચેતના છે, તેમાં
જ્યારે પરમાત્મચેતનાના આવિર્ભાવનો અનુભવ થાય છે,
ત્યારે મનુષ્યને પોતાના જીવનની પૂર્ણતાનું ભાન થાય છે.
કર્મ કે સેવાથી ચિત્તને સમાધાન તો છે,
કિન્તુ તેનાથી ચિત્તમાં પૂર્ણતા કે સિદ્ધિ અનુભવાતા નથી.
તે તો માત્ર ભક્તિથી જ અનુભવાય છે.

## ધ્યાનની પ્રક્રિયા

(૧) ચિત્ત સંસ્કાર સાક્ષિત્વ (૨) ચિત્ત સંસ્કાર નિરોધ.
તે બન્ને માટે સદ્ગુરુ આલંબન આવશ્યક મનાય છે.
(3) આલંબનરહિત શાંતિ અને સ્થિરતા.
ધ્યાન તથા મૌન માટે પ્રારંભમાં એક ઘટિકા જ પુરતી છે.

## 'કલ્યાણ પામો' એટલે શું ?

(૧) કલ્પનાની બાધા ન આવો. (૨) અહંકારનો લગારે ય સ્પર્શ ન પામો. (3) અનન્ય જ્ઞાનધારા વહેતી જ રહો.

## સંતોનું Kingdom of kindness

સંતોના હૃદયના પરિવર્તનની ક્રિયા શુદ્ધિ માટે કરી છે.
આચાર્યોના વિચાર પરિવર્તનની ક્રિયા તત્ત્વપ્રચાર માટે છે.
રાજાઓની સમાજપરિવર્તનની ક્રિયા સમૃદ્ધિ માટે છે.

0 સુખ વહેંચવાથી વધે છે - દુઃખ વહેંચવાથી ઘટે છે.
0 ભૂતદ્રોહ એ સ્વાર્થની વિરુદ્ધ છે.
0 બ્રહ્મવિદ્યા એ બોલવાની વિદ્યા નથી પણ પ્રત્યક્ષ આચરવાની અને અનુભવવાની વિદ્યા અથવા

મૃત્યુ બાદની દીર્ઘ નિદ્રા કે સ્વપ્ન છે.
'સુસ્વપ્ન' એટલે સ્વર્ગ, 'દુઃસ્વપ્ન' એટલે નરક.
'સુષુપ્તિ' એટલે બ્રહ્મલીનત્વ, 'જન્મ' એટલે મનુષ્ય જન્મ.

વેદાંત = શાસ્ત્રનો અંત = આત્મનિષ્ઠા,
વિજ્ઞાન વિશ્વને નિકટ લાવે છે - વિશ્વાસ પણ.

વેદાંતો વિજ્ઞાનં વિશ્વાસશ્ચેતિ શક્તયસ્તિસ્ત્રઃ ।
યસ્યાં સ્થૈર્યં નિત્યં શાન્તિઃ સમૃદ્ધિઃ ભવિષ્યતાં જગતિ ॥

(પરિશિષ્ટ-૧૩)

૦ માનવદેહ મળવો એ મોટું સદ્ભાગ્ય છે,
કારણકે ઈશ્વરદર્શનની શક્યતા માનવદેહમાં જ છે.
સમત્વની સ્થાપના એ ભક્તિ અને એ જ આત્મયોગ.
બુદ્ધિનો નિર્ણય થયા પછી તે પ્રમાણે વર્તન ન થાય, તો સમજવું કે જીવનમાં આળસ અથવા પ્રમાદનું જોર છે.

Imp. શુભ સંકલ્પો માત્ર ઈશ્વરના છે,
તેથી તે મુજબ વર્તન કરવું તે ઈશ્વરેચ્છાનું અનુસરણ છે,
બાકી એમ માનવું કે પરિસ્થિતિવશ જવતર રીમચ્યા કરવું, તે ઈશ્વરેચ્છાવશ નહિ પણ જડતાને વશ છે.
શુભ સંકલ્પ કરશો તો ઈશ્વર અવશ્ય મદદ કરશે.
શુભ સંકલ્પ અવશ્ય ફળે છે, તેમાં મુખ્ય કારણ છે સંકલ્પની ઈશ્વરેચ્છાનુસારિતા.

૦ ટ્રેન જડ છે અને કીડી ચેતન છે, તેથી ટ્રેનથી બચી જવા માટે કીડી પાટા પરથી ખસી શકે છે.

## સંકલ્પશક્તિ ઉપર શ્રદ્ધા અને નિષ્ઠા કેળવવાનું કારણ તેમાં ચૈતન્યનું બળ છે.

નિષ્ઠા ન કેળવવી તે ચૈતન્યના બળનો અવિશ્વાસ છે.

ઈશ્વરતત્ત્વને માનવું એટલે 'ઈશ્વરતત્ત્વનો આવિર્ભાવ આપણા દ્વારા થશે' એની સતત જાગૃતિ - ભાન રાખવું. આપણે ચેતન છીએ, ચેતનના અંશ છીએ, જડ નહિ. ઈશ્વરની ઈચ્છા પુરી કરવા માનવનો જન્મ છે, તેથી ઈશ્વરનો સંકલ્પ અને પરિસ્થિતિવશ જન્મેલો સંકલ્પ, એ બે વચ્ચેના તફાવતને સમજવા પ્રયાસ કરવો જોઈએ. શુભ સંકલ્પ માત્ર ઈશ્વરના છે અને અશુભ સંકલ્પ પરિસ્થિતિવશ જન્મેલા છે, તેથી ઈશ્વરતત્ત્વમાં શ્રદ્ધા રાખનારાઓએ શુભ સંકલ્પમાં નિષ્ઠા કેળવવી જોઈએ.

સર્વનાશે સમુત્પન્ને અર્ધં ત્યજતિ પંડિતઃ। અર્થાત્: સર્વનાશ થશે એવું લાગે ત્યારે પંડિત પુરુષ અડધું છોડી દે.

'બ્રહ્મચર્યના પાલનથી બ્રહ્મદર્શન અને બીજા આધ્યાત્મિક લાભો તો થશે જ પરન્તુ તેથી શારીરિક અને માનસિક સામર્થ્ય પણ વધશે' એવો ઉપદેશ આપવામાં શો દોષ? ધાર્મિકક્રિયાનું કાર્ય પારલૌકિક ચિંતન, ચિત્તશુદ્ધિ માટે ઉપાસના અને આધ્યાત્મિક વિચારોનું મનન કરવાનું છે.

(१) ઈશ્વરનિષ્ઠા = પરમેશ્વરનો આશ્રય.

ભક્તિ, સત્ય, પ્રેમ, કરુણાનો આશ્રય.

(२) આત્મનિષ્ઠા = આત્માનો આશ્રય.

સદ્ઇચ્છા, સત્પ્રયત્ન, પ્રેમ-કરુણાના આંદોલન.

(3) શ્રાદ્ધ = શ્રદ્ધાપૂર્વક કરેલું સ્મરણ.

વ્યક્તિગત જીવનનું શ્રેય જીવનનિર્વાહ,
કુટુંબપાલન તથા (વ્યક્તિગત) શિક્ષણ અને આરોગ્ય છે,
જ્યારે સામાજિક કાર્યનું શ્રેય
શિક્ષણ, સ્વચ્છતા, ખેતી તથા દેશભક્તિ છે.

પશુનો સંસાર દ્વૈતરૂપ, શિવનો સંસાર અદ્વૈતરૂપ છે અને
પરમશિવનો સંસાર દ્વૈતાદ્વૈતરૂપ છે.

V.V. Imp.

## સકલ મહાબિન્દુ

'મહાબિન્દુ' એટલે અનુત્તર પરમધામ.
સર્વ સંસારની એકમાત્ર વિશ્રાન્તિ તુરીય છે, તેને 'સકલ
મહાબિંદુ' કહે છે. 'નિષ્કલ મહાબિંદુ' તુરીયાતીત અવસ્થા છે.
શિવશક્તિ એ પ્રકાશવિમર્શનું પરિણામ એ જગત છે.
પ્રકાશનો અંશ ચેતના અને વિમર્શનો અંશ બોધ છે.
વિમર્શનો જન્મ અને લય ઉભય પ્રકાશમાં છે.
સ્ફુરણા પ્રકાશને આધીન છે.

જેમ આકાશનું નાભિબ્ય શબ્દ છે,
તેમ પ્રકાશનું નાભિબ્ય વિમર્શ છે.
જ્ઞાન પ્રકાશ યા શિવ છે, ક્રિયા વિમર્શ યા શક્તિ છે.
જ્ઞાનનું બાહ્યરૂપ ક્રિયા અને ક્રિયાનું વાસ્તવિકરૂપ જ્ઞાન છે.
યામલ એટલે યુગપત સિદ્ધ. જ્ઞાન અને ક્રિયામાં યૌગપદ્ય છે.
બોધ - બિંદુ, પુરુષ - પ્રકૃતિ, દેહ - આત્મા તથા
શબ્દ - અર્થની જેમ જ્ઞાન - ક્રિયા યુગપત સિદ્ધ છે.

o ઈન્દ્ર = અનૈશ્વર્ય, ચિત્ = જ્ઞાન,
ચૈત્ય = ક્રિયા અને માયા = વિપર્યયજ્ઞાન.
શબ્દઅધ્વા = વર્ણ, પદ, મંત્ર.
અર્થઅધ્વા = કલા, તત્ત્વ, ભુવન.

o જો મનુષ્ય એકત્ર મળે ત્યારે દશ ગણી શક્તિ પેદા થાય છે, તે શક્તિ માનુષી નહિ, પણ ઈશ્વરીય છે.
જાતિ, કુલ, રૂપ, દ્રવ્ય, ગુણ અને પર્યાયથી
મનુષ્યનું પરમાત્મા સાથે સામ્ય રહેલું છે.

o

'This man has overcome two of the greatest failings of human nature: he has neither fear nor hatred.'
- Winston churchill on Gandhiji.

o જે સમત્વ ગુમાવે છે, તે અદ્વૈત જ ગુમાવે છે.

સાવધાન વાસ્તવવાદ અને કોલરહિત આદર્શવાદ,

એ બંનેની આજે તાતી જરૂરિયાત છે.

આપણે સહુનાં હૃદયને જોડનારા છીએ.

માનવીને તોડનારી જે દિવાલો છે, તેને તોડનારાં છીએ.

સહુ મહારાજ અહીં મંદિરમાં પોતાના શુદ્ધસ્વરૂપના દર્શન માટે આવે છે. મહારાજનું વિકૃત દર્શન ચારેકોર દુનિયામાં દેખાય છે. મહારાજનું જે શુદ્ધ સ્વરૂપ છે, એનાં દર્શન સારુ આવા મંદિરો પહેલાંના લોકોએ ઉભાં કર્યાં છે.

(૧) દેવ - દમન - દાન્ત - સંયમ.

(૨) દાનવ - દયા - ક્ષાન્ત - અહિંસા.

(૩) માનવ - દાન - શાન્ત - તપ.

સંયમથી દુઃખનાશ, અહિંસાથી પાપનાશ, તપથી કર્મનાશ છે.

સંપૂર્ણ જીવનશાસ્ત્ર એટલે...

નિર્ગુણ સાંખ્યબુદ્ધિ + સગુણ યોગબુદ્ધિ + સાકાર સ્થિતપ્રજ્ઞ.

તેમાંથી જીવનનિર્વાહ અર્થાત્ મોક્ષ ફલિત થાય છે.

ફળત્યાગથી અનંતગણું ફળ મળે છે.

લક્ષ્મીનો સ્વયંવર સંકલ્પ:

'જેને મારી ઇચ્છા નહિ હોય, તેને હું વરવાની છું.'

સ્વધર્મ એ સાધ્ય અને ખોરાક એ સાધના છે. કર્મ કરતાં કર્મની પાછળની ભાવનાનું મૂલ્ય-વજન વધુ છે.

કુવ્યસનનો ત્યાગ કરવા છતાં મળનારાં ફળો અનંત છે:
૧) શરીર નિર્વ્યસન ૨) તીક્ષ્ણ બુદ્ધિ ૩) સમાજને સુખશાંતિ
(૪) ચિત્તને શુદ્ધ કેમ કરવું તેના સમજણની પ્રાપ્તિ
(૫) દંભને દેશવટો અને જીવનનો પવિત્ર આદર્શ મળવો.

દેહ શણગારવાને બદલે મનને શણગારવું,
બુદ્ધિનો વિકાસ કરવો, હૃદયને સુંદર બનાવવું તે કર્તવ્ય.
કર્મયોગમાં ૫ ઇંદ્રિયોના રાગ અને દ્વેષ અંતરાયરૂપ છે.

'તત્ત્વમસિ।' દેહ તે તું નહિ, તું આત્મા છે.
'તું ઘાસ નહિ, તું ફૂલ છે.' આ ઘણો ઉદાત્ત વિચાર છે.
'આ દેહ હું નહિ, તે પરમાત્મા હું છું.'
આ વિચાર જે કોઈ અંતઃકરણમાં સ્ફુરે છે,
તે કોઈ મનમાં એક અનનુભૂત આનંદ પેદા થાય છે.

## અધ્યાત્મ માટે શું જોઈએ?

(૧) તીક્ષ્ણ બુદ્ધિ: વિકારો કે વિચારો લેવા કે ન લેવા એનો નિર્ણય બુદ્ધિ કરે છે. બુદ્ધિ કેટલી વાસનાને બહાર ફેંકી દે છે, કેટલા વિકારોને ઉંબરાની અંદર આવવા દેતી નથી, તેના ઉપર તેની સૂક્ષ્મતાનો આધાર રહે છે.

(૨) <u>દૃઢ શ્રદ્ધા</u>: પોતાના કર્તૃત્વ ઉપર વિશ્વાસ અને
સામેના માર્ગદર્શન ઉપર વિશ્વાસ.

(૩) <u>પ્રબળ ઇચ્છા</u>. (૪) <u>અલૌકિક કાર્યશક્તિ કે પ્રયત્ન</u>.

બુદ્ધિ, વિશ્વાસ, ઇચ્છા અને પ્રયત્ન.

બુદ્ધિ એ objective knowledge છે, જ્યારે
આત્મજ્ઞાન એ તો subjective knowledge છે.

બુદ્ધિ વિષયસ્થ અને વાસનાનિષ્ઠ હોવાથી
વિષયો તરફ જતી જ નથી.

objective pleasure અથવા happiness
એ મનુષ્યના હાથની વાત નથી.

વિષયો તરફથી મળતો આનંદ લાચારી, પરાવલંબિતા અને
અસહાયતા ભોગવ્યા બાદ મળે છે.

આ ત્રુટિ વસ્તુ જ્યારે સાલવા માંડે,
ત્યારે આધ્યાત્મિક શિક્ષણનો પ્રારંભ થાય છે.

<u>બુદ્ધિમાં નમ્રતા, જિજ્ઞાસા, શાસ્ત્રાનુસારિતા હોવા જોઈએ.</u>

સમર્પણ બુદ્ધિવાળો મનુષ્ય જ અધ્યાત્મમાં પ્રવેશી શકે છે.

'નિરાશ થવું' એટલે નાસ્તિક થવું. 'નાસ્તિક' એટલે...
પરમેશ્વર જેવો સંભાળવાવાળો છે, છતાં તેમની ઉપર
શ્રદ્ધા-વિશ્વાસ ન રાખતાં ઇચ્છા મુજબ પ્રયત્ન કરે તે.

અગ્નિ એ કર્મની સંજ્ઞા છે, સૂર્ય એ બુદ્ધિનો સંકેત છે,
ચંદ્ર એ ભાવનાનો દેવતા છે,
આકાશ એ અનાસક્તિનું ચિહ્ન છે.

પ્રભુનામસ્મરણના તત્ત્વનું રટણ ફરીફરીને કરવું જોઈએ.

અંદર ઈશ્વરસ્મરણ અને બહાર સ્વધર્માચરણ કરવું.

'જીવન' એટલે સંસ્કારનો સંચય.

કૃતઘ્ન માનવ કરતાં કૃતજ્ઞ કુતરો ય વધુ સારો છે.

o नमस्यतामप्यधिकस्त्वां नमस्यन्ति ये सदा ।
वरिवस्यन्ति ये तु त्वां योगिनामपि तेऽधिकाः ॥१॥
स्वामिंस्त्वमेको जगतां समं चेतः सुवर्तसे ।
पीयूषदीधितिः सर्वजलाशयजलेष्विव ॥२॥
त्वं देव! दुःखदावाग्नितप्तानामेकवारिदः ।
मोहान्धकारमूढानामेकदीपस्त्वमेव हि ॥३॥
रोराणामीश्वराणां च मूर्खाणां गुणिनामपि ।
साधारणोपकारी त्वं छायाद्रुम इवाध्वनि ॥४॥
-त्रिषष्टि सर्ग ४, श्लोक ८११, ८१५, ८१६, ८१७

(परिशिष्ट-१४)

o प्रवृत्तिजनकत्वेन प्रयोजनं ।

સમજૂતિ: પ્રવૃત્તિ ઉત્પન્ન કરનાર હોવાથી 'પ્રયોજન' કહેવાય.

क्रियाजन्यत्वेन फलम् । <u>અર્થાત્</u>:
ક્રિયા ઉત્પન્ન કરનાર હોવાથી તે ફળ કહેવાય.
उद्देश्यतया इच्छाविषयत्वं प्रयोजनम् । <u>અર્થાત્</u>:
ઉદ્દેશ્યપણાથી ઈચ્છાનું વિષયપણું તે પ્રયોજન.
विधेयतया इच्छाविषयत्वम् फलम् । <u>અર્થાત્</u>:
વિધેયપણાથી ઈચ્છાનું વિષયપણું તે ફળ.
त्यागाच्छान्तिरनन्तरम् । <u>અર્થાત્</u>:
ત્યાગથી તરત જ શાંતિ થાય છે.
व्रणादेस्तु यथा पूयमूत्रादेर्निर्गमात् सुखम् ।
पामकण्डूतिसौख्यं वा तत्तुल्यं सुरतेः सुखं ॥
<u>અર્થાત્</u>: જેવી રીતે ઘામાં થયેલું પરૂ કે મૂત્રાદિ નીકળી
જવાથી અથવા ખરજવાવાળાને ખણવાથી સુખ થાય છે,
તેના સમાન મૈથુનનું સુખ હોય છે.
o यावतः कुरुते जंतुः संबंधान् मनसः प्रियान् ।
तावन्तोऽस्य निखन्यन्ते हृदये शोकशंकवः ॥
o यतो यतो निवर्तते ततस्ततः सुखी भवेत् ।
निवर्तनाद्धि सर्वतो न वेत्ति दुःखमण्वपि ॥
जीर्यन्ति जीर्यतः केशाः दन्ता जीर्यन्ति जीर्यतः ।
चक्षुः श्रोत्रे च जीर्येते तृष्णैका निरुपद्रवा ॥
(પરિશિષ્ટ-૧૫)

## ૫ મહાવ્રતભંગના પરિણામો

(૧) <u>પ્રાણાતિપાત</u>: સંકલ્પિત હિંસા આચરનારો હિંસક કે ઉદ્વેગનીય છે. હિંસાના પરિણામે તેનો ધર્મ નાશ થાય છે. તેને પંગુત્વ, કુણિત્વ, કુષ્ઠિત્વ જેવા દેહરોગ થાય છે.

(૨) <u>મૃષાવાદ</u>: સમાજમાં અસત્યવાદી અવિશ્વસનીય બને છે. વચનભંગ કરવાને કારણે તેનો મોક્ષનાશ થાય અને મન્મનત્વ, કાહલત્વ, મૂકત્વ જેવા મુખરોગ થાય છે.

(૩) <u>અદત્તાદાન</u>: સમાજમાં ચોર એ અદયનીય અવસ્થાને પામે છે. સ્વામીઅદત્ત વસ્તુઓનું હરણ કરવાથી અર્થનાશ થાય અને દારિદ્ર્ય, દૌર્ભાગ્ય, દાસ્ય જેવા ધનરોગ પામે.

(૪) <u>મૈથુન</u>: વ્યક્તિ અનભિગમનીય વર્તન આચરે ત્યારે પરદારાગામી હોવાને લીધે તેનો કામનાશ થાય છે અને તે ઇંદ્રિયચ્છેદ, નપુંસકત્વ જેવા ઇંદ્રિયરોગ પામે છે.

(૫) <u>પરિગ્રહ</u>: પરિગ્રહી વ્યક્તિ અશામનીય દુ:ખ પામે. તે સર્વસંચયી હોવાના પરિણામે સર્વનાશ નોતરે છે અને તિર્યક્ત્વ તથા પશુત્વ જેવા મનોરોગ પામીને અજ્ઞાનને કારણે પાપ કુલકત્વ વધારતા-વધારતા તે કર્મબંધન કરતાં-કરતાં જન્મોજન્મ સુધી ચાલતું રહે તેટલું અનંત દુ:ખ પામીને અત્યંત દયનીય બને છે.

o આત્મા પદાર્થ નિગ્રહાનુગ્રહ સામર્થ્યવાન્ છે.
આત્માની સિદ્ધિ નિગ્રહથી થાય છે,
ઉપરાંત અનુગ્રહના સામર્થ્યથી પણ થાય છે.

o Hurry, worry and curry.

→ હરી (hurry) એટલે ઉતાવળ.
તેણે જ શાંતિ હરી (છીનવી) લીધી છે,
ઉતાવળને હરિ જ એક બચાવે તો બચે.

→ વરી (worry) એટલે ચિંતા કે ઉપાધિ.
સુખી થવું હોય તેણે ચિંતા કરવાની ટેવમાંથી મુક્ત થવું.

→ કરી (curry) એટલે કઢી.
મસાલેદાર કઢીના વઘારે પડતા ચટકાનો ત્યાગ કરવો.
તે કર્યા વિના શરીર - મનનું નિરોગીપણું દુર્લભ છે.
એ 3 ચીજોનો ત્યાગ થશે, તો જ જીવન સુખે જીવાશે.

स्वस्ति प्रजाभ्यः परिपालयन्तां
न्याय्येन मार्गेण महीं महीशाः।
गोब्राह्मणेभ्यः शुभमस्तु नित्यं
लोकाः समस्ताः सुखिनो भवन्तु॥ (પરિશિષ્ટ-૧૬)

અહંકાર એ ૨૪ તત્ત્વોને ચિંતન આપનાર valuator.
'હું' 'તું' 'સમષ્ટિ' એ (cosmos) ૨૪ તત્ત્વોના અંશમાત્ર.

બ્રહ્માંડ કે સમષ્ટિ = પિંડ (માટં) અને ૨૪ તત્ત્વોના સર્વાંશ.
બ્રહ્માંડ = ૩ ગુણ-શક્તિઓની ક્રિયા-પ્રતિક્રિયાનો ખેલ.

એ ૩ શક્તિઓના ગરબાનો ઉદ્ભવ
બ્રહ્મશક્તિ અથવા આત્મશક્તિમાંથી થાય છે.

જ્યાં ૩ની સામ્યતા - સમતોલપણું છે, ત્યાં અક્રિયતા છે.

<u>શરીરની તમામ પ્રવૃત્તિ પ્રાણને જ આભારી છે.</u>

પ્રાણથી અંતઃકરણ થાય છે. અંતઃકરણ વડે જાગવાપણું, વિચારવાપણું, જાણવાપણું, નિશ્ચય કરવાપણું થાય છે. યોગશાસ્ત્ર મનુષ્ય શરીરને શોધવા - શુદ્ધ કરવા અને વિકસાવવાની રીત તથા પ્રાણને જગાડવું વિજ્ઞાન શીખવે છે.

પ્રાણ વડે જ સર્જનશક્તિ પણ જાગે છે.

<u>ચરકસંહિતા કહે છે તેમ...</u>

(૧) દ્રવ્યસામાન્ય વૃદ્ધિકર છે. (૨) દ્રવ્યવિશેષ હ્રાસકર છે.
(૩) ગુણસામાન્ય અભિવૃદ્ધિકર છે. (૪) ગુણવિશેષ પૃથક્કરણ છે.
(૫) કર્મસામાન્ય તુલ્યતાર્થકર છે. (૬) કર્મવિશેષ વિપર્યયાર્થકર છે.

o भये च हर्षे च मतेरविक्रिया ।
सुखेऽपि दुःखेऽपि च निर्विकारता ॥
स्तुतौ च निन्दासु च तुल्यशीलता ।
वदन्ति तां तत्त्वविदो ह्यसंगतां ॥

(પરિશિષ્ટ-૧૭)

## સુનય અને સુતર્ક

તર્કો યોગાંગમુત્તમમ્ = યોગના અંગોમાં તર્ક ઉત્તમ છે.

શાસ્ત્રોમાં અષ્ટાંગયોગ કહ્યાં છે.

ચડિયાતું યોગાંગ તર્કને માનેલું છે.

સમાધિ અને ધ્યાન દ્વારા માત્ર પોતાને લાભ થાય છે,
સુતર્કથી થતી સમજણ સ્વ-પર ઉભયને લાભદાયી થાય છે.

સ્વધર્મનું ગૌરવ જાળવવા માટે અને
ખોટું ખંડન અટકાવવા માટે તર્ક ઉપયોગી છે.

તર્ક એ મનનાત્મક ઈશ્વરભક્તિ છે.

માર્ગાનુસારી તર્ક રાગ-દ્વેષને શમાવવા ઉપકારક થાય છે. જેમ દુઃખ વખતે પોતાના પાપકર્મનો ઉદય આગળ કરવો અને સુખ વખતે સુખમાં ઉપકારક થતા નિમિત્તોને આગળ કરવા, એ શાસ્ત્રાનુસારી નય વ્યવહાર અને અધ્યાત્મનો સદુપયોગ છે, એ રીતે જીવોની અંદર રહેલ તાત્ત્વિક સિદ્ધત્વને આગળ કરવું અને એને પ્રમોદનો વિષય બનાવવો તથા વ્યવહારનય સિદ્ધ અસિદ્ધત્વને આગળ કરી, તેના ઉપર કરુણાદિભાવ વિકસાવવા. તે શાસ્ત્રાનુસારી તર્ક વડે સમત્વભાવ વિકસે છે અને તેથી તર્ક રત્નત્રયને પણ ઉપકારક બને છે.

## બ્રાહ્મી સ્થિતિ

'બ્રાહ્મી સ્થિતિ' એટલે પરબ્રહ્મ પરમાત્મ સ્વરૂપની જેમ વિશ્વના ઉત્પત્તિ-સ્થિતિ અને લયના અનુભવ વખતે પણ રહેલી અસંગ-તટસ્થ-નિર્મમ-નિરહંકાર સ્થિતિ. પોતાની જાત સહિત જગતની આ ત્રણે સ્થિતિમાં અભંગ નિર્વિકારતા જોવા - જાણવા અને માણવા, તેને જ બ્રાહ્મી સ્થિતિ અથવા તો બ્રહ્મનિર્વાણ કહે છે. જીવ પોતે બ્રહ્મ ન હોય તો બ્રહ્મમાં નિર્વાણ કેવી રીતે પામે?

જીવ પારમાર્થિક દૃષ્ટિએ મૂળમાં શિવ જ છે.

આ બ્રહ્મનિર્વાણ જ મોહમાયાનો નિરાસ કરવા સમર્થ છે.

જેણે પોતાનું બ્રહ્મપણું ન જાણ્યું,

તે સંસારમાં કે જગતમાં શું માણવાનો?

જીવ તરીકે જે માણે છે, તે ખરી રીતે માણતો નહિ

પણ સંસારનો તાંતણો તાણ્યા કરે છે.

પોતાની અપરિમિત બ્રહ્મસત્તા સમજને જ માણવાનો આનંદ અનુભવી શકાય છે; પછી તે આનંદનો કદી ય અંત આવતો નહિ પણ નિત્ય વૃદ્ધિને પામ્યા કરે છે.

જીવ એ શિવ સિવાય બીજું કશું હોઈ શકતો નહિ.

એથી જ બ્રાહ્મી સ્થિતિની ઓળખ અને સ્થિરતા માટે

આપણાં સર્વ શાસ્ત્રો પ્રેરણા આપે છે.

## શોકાંત અને સુખાંત

'જગતમાં હું રહું' એવું માનવાવાળા મરી ગયા અને
'જગતમાંથી હું ભૂંસાઈ જાઉં' માનનારા અમર થઈ ગયા.
વાળ, નખ, દાંત આદિ સ્થાન ઉપર છે, ત્યાં સુધી શોભે છે,
જીવે પણ યોગ્ય સ્થાન શોધી લેવું જોઈએ અને તે
પ્રભુના ચરણ - ખોળા સિવાય
જીવ માટે વધુ યોગ્ય સ્થાન બીજું કયું હોઈ શકે છે?
ઊંઘમાં તો બધા જીવો પ્રભુના ખોળામાં રહીને જ જીવે છે.
ગ્રીક સાહિત્ય માને છે કે જીવન શોકાંતિક છે, જ્યારે
ભારતીય સાહિત્ય માને છે કે જીવન સુખાંતિક છે.
જીવનમાં શોક આવે પણ એ શોક કંઈ અંત નથી,
એ તો વચ્ચે વચ્ચે આવતા જીવનકિતાબના પ્રકરણો છે.
ગ્રીક સાહિત્ય એવું માને છે કે ગમે તેટલા સાત્વિક
વિચારો ધરાવનાર પણ માનવ એ નિયતિનું રમકડું છે.
વાસના, સંસ્કાર કે સંકલ્પ કે પ્રબળ ઇચ્છા અનર્થક છે.
સ્ત્રી ફક્ત યુવાનને જ આકર્ષણનું કારણ બને છે પણ
સોનું તો બધાને જ આકર્ષે છે. પૈસો ન મળે તો માતા
નિંદા કરે, પિતા ગુસ્સો કરે, મિત્ર-પત્ની કે નોકર પણ ચિડાય.
તેથી સંસારે 'ધન એક મહાન શક્તિ છે' એમ સાબિત થાય છે.

० आमवातगजेन्द्रस्य, एरण्डगजकेसरी। - चरकसंहिता

સ્ફુટિ: આમવાતરૂપી ગજેન્દ્રને (મારવા)
એરંડીયું એ કેસરી સિંહ સમાન છે.

રાઈના દાણા જેવડા વડના બીજમાં વિશાળ વૃક્ષ રહેલું છે, તેમ જ રીતે માંસના પિંડમાંથી બનેલા માનવશરીરમાં જડ જગતને નિયમમાં રાખનાર ચૈતન્યમય બુદ્ધિ રહેલી છે.

ઇંદ્રિયોને અગોચર એવા મનમાં
ઇંદ્રિયોને ગોચર એવું સમગ્ર વિશ્વ રહેલું છે.

શક્તિનો વિનાશ કે ઘટાડો થતો નથી,
માત્ર તે ગુપ્ત કે વ્યક્ત ભાવે રહે છે.

ઇંદ્રિય, મન કે બુદ્ધિ - જે કાંઈપણ કાર્ય કરે છે,
તે શક્તિની મદદથી જ કરે છે.

આધ્યાત્મિક શક્તિના ઉદ્બોધનથી બ્રહ્મચર્ય, સત્ય, સંતોષ, શમદમાદિ સાધન સંપત્તિ, સર્વક્લેશથી વિનિર્મુક્તિ વગેરે સિદ્ધ થાય છે. માનસિક શક્તિના વિકાસથી મનોવિલાસ, કવિત્વ, સંયમ, સભ્યતા, નીતિ આદિ મળેલ છે તથા જડ શક્તિના સંશોધનથી શરીરવિલાસ, ભૂતવિલાસ, રોગ-મરકી વગેરે અનેક રોગનો સામનો, ધનપ્રાપ્તિ, આહારાદિની વ્યવસ્થા, બહુઉપયોગી શાસ્ત્રો પ્રાપ્ત થયા છે. જેટલા પ્રમાણમાં શક્તિની ઉપાસના, તેટલા પ્રમાણમાં ફળ મળે.

## કર્મબંધના ૪ કારણો

(૧) ક્રોધાદિ પરિણામ તે કષાય.
(૨) વિપરીત દૃષ્ટિ તે મિથ્યાત્વ.
(3) મન-વચન-કાયાનો વ્યાપાર તે યોગ.
(૪) ઇચ્છા અને પ્રવૃત્તિનો અનિરોધ તે અવિરતિ.

o આ નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી |
વિષયો જ્યાં અંધકાર જુએ, સંયમીઓ ત્યાં પ્રકાશ દેખે.

o નામનિક્ષેપ દ્રવ્યને ઓળખાવે છે, જ્યારે સ્થાપનાનિક્ષેપ ભાવને ઓળખાવે છે.

નામ વ્યક્તિને બતાવે છે, આકૃતિ ગુણને બતાવે છે.
લબ્ધિભાવ શક્તિરૂપ અને ઉપયોગભાવ સ્ફુરણારૂપ છે.
લબ્ધિ યા બોધ એ કાર્ય છે અને ઉપયોગ એ કારણ છે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન : સસરો જમાઈ બે - લાડવા ૩ છે. બધા વચ્ચે સરખે ભાગે વહેંચી દો, જેથી બધાના ભાગે એકેક આવે.

જવાબ : સસરો એક અને તેના જમાઈ બે છે, એટલે વ્યક્તિ ૩ જ થયા, તેથી બધાના ભાગે એકેક લાડુ આવે.

પ્રશ્ન : બે બાપ - બે દીકરા વચ્ચે ૧૫ રૂપિયા એવી રીતે વહેંચો કે બધાને સરખી રકમ અને આખા રૂપિયા મળે.

ઉત્તર: કુલ માણસો ૩ છે - દાદાજી, બાપા અને દીકરો.
બે બાપ અને બે દીકરા થયા પણ માણસ તો ૩ જ થયા,
તેથી દરેકને આખા નહીં સરખા કેરિયા પાંચ-પાંચ મળે.

ખરા સાધકના ગુણો

(૧) જિજ્ઞાસા (૨) મૂલાન્વેષણ (૩) ફલપ્રધાનારંભ
(૪) નિપુણારંભલાભ (૫) સામાન્ય વિશેષબોધ
(૬) વિશેષસ્વરૂપ - ઉપાદેયસ્વરૂપ
(૭) આત્મતુલ્ય પરફલ પ્રવૃત્તિ - ગંભીરોદાર
(૮) પ્રધાનગુણ, પ્રધાનફલ, અભય, દીર્ઘદર્શી

સ્તુતિકાર સફલારંભી છે અથવા પ્રધાન ફલારંભી છે.

૦ ધાર્મિકતા વસ્તુલભ્ય નહિ પણ ભાવનાલભ્ય છે.

ચિત્ત શૂન્ય, શાંત અને નિર્વિકાર થાય,
ત્યારે જ તત્ત્વનું દર્શન થાય છે.

દર્શન અને વિચાર એક નથી, વિચારમાત્ર પર વસ્તુ છે.

લઘુરાજસ્વામીની આત્મભાવના

(૧) સહજાત્મ સ્વરૂપ પરમગુરુ.
(૨) પરમગુરુ નિર્ગ્રન્થ સર્વજ્ઞ દેવ.
(૩) આત્મભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન.
(૪) સ્વઅજ્ઞાન સંસાર છે, જ્યારે સ્વઆત્મજ્ઞાન મોક્ષ છે.

## 3 પ્રકારના ઉપાયો

(૧) શાક્તોપાય (૨) શાંભવોપાય (૩) અણુપાય.

0 જપઃ પ્રાણ સમઃ કાર્યઃ ।

સ્ફૂર્તિ: જપને પ્રાણ (શ્વાસોશ્વાસ) સમાન કરવો.

શૂન્યની ઊંડાઈમાં જ પૂર્ણની ઊંચાઈ જન્મ પામે છે.
સ્વનું નિર્વાણ એ જ પરમાર્થ - સ્વની ઉપલબ્ધિ છે.

0 સરણં ભએ ઉવાઓ રોગે કિરિયા વિસમ્મિ મંતોત્તિ ।

સ્ફૂર્તિ: ભયમાં શરણ, રોગમાં ચિકિત્સા અને વિષમાં મંત્ર એ ત્રણે ઉપાય અથવા પ્રતિકાર કહેવાય છે.

0 વિસ્રોતસિકા = સ્રોત = પ્રવાહ, સાધનામાર્ગ.
વિસ્રોત = વિરાધના, ઉત્પથ.

0 વિધિસમાસાદનેનેતિ ।
વિધિસમાસાદિતોહ્યર્થોઽવ્યભિચારિતયા
વર્દ્ધકો ભવતિ, ન્યાયોપાત્તવિત્તવદ્ ।

સ્ફૂર્તિ: ન્યાયપૂર્વક મેળવેલા ધનની જેમ જે વિધિ-પૂર્વક મેળવેલું હોય તેનાથી અવશ્ય ફળ પ્રાપ્ત થાય છે.

આત્મવત્સર્વજીવેષુ કલ્યાણાગમચિન્તનમ્ ।
તત્કદુઃખજિહાસા ચ ધર્મબીજમનુત્તરમ્ ॥૨૮॥
-શ્રી જિનમંડનગણિકૃત ધર્મપરીક્ષા પૃ૦૨૧

(પરિશિષ્ટ-૧૮)

## દ્રવ્ય-પર્યાય

જેમ સુવર્ણના સ્વભાવમાં ભારીપણું - પીળાશ - ચીકાશ છે,
જેમ દીપકના સ્વભાવમાં પ્રકાશકત્વ - દાહકત્વ છે તથા
રત્નમાં સ્વભાવગત કાંતિ, નૈર્મલ્ય, શક્તિ સમાયેલા છે,
તેમ દરેક વસ્તુ દ્રવ્ય-રૂપથી એક સ્વભાવ છે અને
જેમ સુવર્ણના કડા, કંઠી, કંદોરા રૂપે અનેક પર્યાયો છે,
તેમ દરેક વસ્તુઓ પર્યાયરૂપથી અનેક સ્વભાવી છે.

## નામ - સ્વભાવ - સંબંધ

પુત્રત્વ નામ માટે અન્યમાં પિતૃત્વ સ્વભાવની અપેક્ષા છે,
તે સ્વભાવ જ સંબંધ બને છે.
વસ્તુ એકાનેક સ્વભાવ છે, કેમકે તે અન્ય વસ્તુઓના
સંબંધથી અભિવ્યક્ત થતા અનેક સંબંધારૂપવાળી છે.
પિતા એવો વ્યવહાર એટલે
પિતા એવું નામ, શબ્દ અને પ્રવૃત્તિ.
પિતા, પુત્ર ઇત્યાદિ વ્યવહાર એના વિષયભૂત પુરુષમાં
પિતૃરૂપતા, પુત્રરૂપતા આદિ ધર્મને આધીન છે,
જેમકે એવી પ્રતીતિ થાય છે.
એ સમ્યક્ પ્રતીતિને અપ્રમાણ ન કહી શકાય.
અધિક કહેવા જતાં સર્વત્ર અવિશ્વાસ આવે.

બૌદ્ધમત પ્રશ્ન કરે છે કે...

વસ્તુ નિરંશ એક સ્વભાવવાળી અને
પ્રતિક્ષણ વિનાશશાળી છે.

વસ્તુમાં સ્થિરત્વ અને અનેક સ્વભાવત્વ દેખાય છે,
તે તો ફક્ત આપણી વાસનાવશ જ છે.

વચનમાત્ર = અર્થશૂન્ય માત્ર શબ્દ, નમસ્કાર = અનુભવ.

રૂપદર્શનમાં કારણરૂપ છે: પ્રકાશ, નમસ્કાર તથા ચક્ષુ.
અગ્નિની ઉત્પત્તિમાં કારણરૂપ છે: સૂર્યકાંતમણિ, સૂર્યકિરણ
અને ગોબર. નમસ્કાર = પૂર્વની જ્ઞાન ક્ષણ ઉપાદાન છે,
જ્યારે રૂપ, પ્રકાશ અને ચક્ષુ - એ સર્વ નિમિત્ત છે.
એક વસ્તુ અનેક સ્વભાવવાળી કરી કે અનેક કાર્ય
કરવાના સામર્થ્યવાળી કરી, બંને એક જ વસ્તુ છે.
સ્વભાવભેદ વિના અનેક કાર્યો ઉત્પન્ન થઈ શકે નહિ.

सति विवेके नियतभाविनोऽस्वभावभावसिद्धेः
परकृतानुमोदनस्वपरसुकृतस्य ।

o

કલ્પના = નિર્વિષય - પ્રતિભાસરૂપ બુદ્ધિ

In conception & perception, the concept may be false, but perception may be right or false.

## नमस्कार - माहात्म्य

विषहर-ज्वरहर-शाकिनीग्रह-सुरासुरविद्रववैरिणां।
दलितविप्लवमाप्तकृतस्तवं जयति पञ्चनमस्कृतिवैभवं॥
(परिशिष्ट-१९)

आकर्षत्युक्तिकान्तां सुरपतिकमलां दुर्विधस्यापि वश्यं,
कुर्वन्ति उच्चाटनं श्चाशुभमघरचयम् द्वेषमन्तर्द्विषां च ॥१॥
तन्वानः सम्यगुच्चैर्भवभवविपदां किं च मोहस्य मोहं,
पुंसस्त्रीश्रेशलक्ष्मीमुपनयति नमस्कार मन्त्राधिराजः॥२॥
पुष्प-प्रदीपाक्षत-धूप-पूगीफलैर्जिनेन्द्रप्रतिमां प्रपूज्य।
ये लक्षशः श्री परमेष्ठिमंत्रं जपन्ति ते तीर्थकृतो भवन्ति॥
शिवपदसुखाभिलाषो निर्वेदो भवसुखेषु धीमैत्र्यां।
जगदुपकारे चित्तं लक्षणमासन्नमोक्षस्य ॥३॥ ॥४॥
(परिशिष्ट-२०)

य आत्मा चिन्मयः स्वच्छः प्रबुद्धोऽपचयच्युतः।
हेयग्राह्योज्झितो देशकालजात्याद्यसंगतः ॥१॥
ब्रह्माण्डे च यथा वायुः सर्वभूतगतस्तथा।
स एव भगवानात्मा तनुयुक्तो व्यवस्थितः ॥२॥
(परिशिष्ट-२१)

समापत्तिः द्विधा तात्स्थ्य[1]-तदंजनता[2]।
[1]'मयि तद्रूपं।' - [2]'स एव अहं।' (परिशिष्ट-२२)

## ૐકારનું મહત્વ

ૐકારમાં ૩ અક્ષર છે: અ + ઉ + મ = અકાર, ઉકાર, મકાર.
એ ત્રણેયનું રાસાયણિક સંયોજન તે ઓમકાર થાય છે.
'રાસાયણિક' એટલે સરવાળો.
'સંયોજન' એટલે કોઈ ચોથી વસ્તુની ઉત્પત્તિ.
'અ' એટલે વાણી, 'ઉ' એટલે મન, 'મ' એટલે પ્રાણ.
આ ત્રણેયના સંયોજનથી ચોથી વસ્તુ નીકળે છે, તે આત્મા.
વાણી, મન અને પ્રાણની શક્તિઓનો સરવાળો કરતાં એ ત્રણે અદૃશ્ય થઈ કોઈ ચોથી શક્તિ આવે છે, તે આત્મા.
જાગ્રત, સુષુપ્તિ અને સ્વપ્ન એ ત્રણે અવસ્થાઓનો સરવાળો નહિ પણ એ ત્રણે અવસ્થાઓનો સંચાલક, પ્રેરક અને સંરક્ષક તે ઓમકાર છે. જાગ્રતાદિ ત્રણ અવસ્થાઓનો સંરક્ષક, મન અને પ્રાણનો પ્રેરક અને સંચાલક તથા પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્લોકનો આધાર તે ઓમકાર છે.
નિર્વિકાર ઓમ ઉચ્ચારવા માટે નિર્વિકાર થવું જોઈએ.
ૐકાર એ નિર્વિકાર, નિર્ગુણ, નિરાકાર બ્રહ્મનું પ્રતીક છે.
ઓમકારનું ચિન્તન કર્યે દૂધ પણ નિર્વિકાર જ મળે છે.
મૃત્યુ એ અંતકાળ નહિ પણ પ્રયાણકાળ છે. ઓમકાર એ નકાર નહિ પણ હકાર છે. પરબ્રહ્મ એ દેખાડવાની વાત નહિ પણ આપણી ભીતર જ બ્રહ્મને જોવાની વાત છે.

એ માટે તપ, જ્ઞાન અને દૃષ્ટિની જરૂર છે.
બધા જ જીવો પરબ્રહ્મનું વર્ણન કરે છે.
એને મેળવવા જ બધા તપ કરે છે અને બ્રહ્મચર્ય પાળે છે.
મનુષ્યનું જીવન પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન પામવા અને તે રૂપે થવા માટે છે. જે આત્મસ્વરૂપ કે બ્રહ્મસ્વરૂપ થાય છે, તેને જ પરમાત્માના દર્શન થાય છે, પરમાત્માની દૃષ્ટિ પામે છે અને તેને સર્વ પરમાત્મમય ભાસે છે. પ્રભુની મૂર્તિની જે ઉપાસના અને ધ્યાન - તે વિના જે આત્માને દેખવો, બ્રહ્મને દેખવું, તે તો થાય જ નહિ અને ઉપાસના, ધ્યાન કરીને જ આત્મા દેખાય, બ્રહ્મ દેખાય.
આપણો જન્મ બે વાત સિદ્ધ કરવા છે.
એક બ્રહ્મરૂપ થવું, તેમાં દેહ અંતરાયરૂપ છે.
બીજું પુરુષોત્તમમાં જોડાવું, તેમાં કુસંગ અંતરાયરૂપ છે.
તે બે ખોટ ૐના મંત્રજાપ દ્વારા ટાળવા.

## ૐના મંત્રજાપથી ઘડાતું જીવન

મંત્ર એ શબ્દાત્મક હોવા છતાં એનું સામર્થ્ય વિલક્ષણ-અદ્ભુત હોય છે. તે વસ્તુશૂન્ય હોતો નથી. તોપના ગોળા કરતાં પણ તે બળવાન છે. તે જીવનને વળાંક આપે છે. મંત્રના પ્રભાવ-પ્રેરણાથી તદનુરૂપ જીવન આપમેળે ઘડાય.

ૐ = એક વિરાટ, વ્યાપક, વિશાળ ઈશ્વરતત્ત્વ છે,
તે સર્વનો સમાવેશ કરવાવાળું એક સગુણસ્વરૂપ છે.

ૐ એટલે હા.

ભાવાવસ્થા કેળવવા માટે ૐ એ શબ્દરૂપે ભજનીય છે.

અ + ઉ + મ = ૐ વર્ણરૂપ પણ છે.

અ = કંઠ, મ = ઓષ્ઠ, ઉ = ઉભય.

આથી કંઠ અને ઓષ્ઠ વચ્ચેનાં સ્થાનોમાંથી ઉત્પન્ન થતા
વર્ણોનો પ્રતિનિધિ શુભાશુભ સર્વ
વાઙ્મય એટલે ૐમાં આવી જાય છે.
જેથી એ વર્ણોનું એક પ્રતીક કલ્પવામાં
વ્યાપક અને વિશ્વરૂપ ઈશ્વરતત્ત્વને ચિન્તવી શકાય છે.
સ્થિતપ્રજ્ઞતાની સકળ વિશ્વને નિહાળનારી, ઓળખાવી
આપનારી ભાવાવસ્થા સૂચવવા ૐ મંગલમય શબ્દ છે.
તત્ પદ જ્ઞાનાવસ્થાની પ્રાપ્તિ માટે ચિંતનીય છે. તે સૂચવે
છે: તું આ ત્રિગુણાત્મક જગત નહિ પણ એની પરનો છે.
સત્ પદ ક્રિયાવસ્થાની સિદ્ધિ માટે સેવનીય છે – સત્યનો
આગ્રહ, અસત્યનો ત્યાગ એટલે સત્. સત્ એટલે શુભ.
તત્ એટલે તે, જે સત્ નહિ અને અસત્ નહિ, તે.
'ઇદંમમઃ અદીમમઃ।' આ પણ છે, તે પણ છે.

ૐ = વ્યાપક બ્રહ્મ, તત્ = નિર્ગુણ બ્રહ્મ, સત્ = શુદ્ધ બ્રહ્મ.
ૐ, તત્ તથા સત્ - આ ત્રણે અવસ્થા સંગાથે મળીને જ્ઞાની પુરૂષનું એક સળંગ તથા અર્થપૂર્ણ જીવન બને છે.

સ્થૂલ જીવનનો મુખ્ય ભાગ ક્રિયા છે.

મહાત્માનું અંતર જીવન ક્રિયાત્મક જ છે.

જીવનચરિત્રોમાં કાર્યોનું વર્ણન હોય છે, કેમકે તેમાં સ્થૂળ મુખ્ય દૃશ્ય ભાગ ક્રિયારૂપ જ રહેલ છે.
વ્યાપક, સાત્વિક અને પરિશુદ્ધ - એ ત્રણ ગુણ મળીને પૂર્ણ જીવન, પૂર્ણ વિચાર અને પૂર્ણ પ્રયોગ બને છે.
ૐ = દર્શન = ભાવાવસ્થા, તત્ = જ્ઞાન = ભાનાવસ્થા,

સત્ = ચારિત્ર્ય = ક્રિયાવસ્થા.

એટલા ભાવાવસ્થાએ તો શુભાશુભનો વિવેક લુપ્ત કરશે, એટલા જ્ઞાનાવસ્થાએ ક્રિયામાત્રનો વિલોપ કરશે, એટલા ક્રિયાને આગળ કરવાથી ભેદબુદ્ધિ અને આત્મઅજ્ઞાન વધી જશે.
માટે બ્રહ્મસ્વરૂપમાં અચળ રહેવું એજ પરમ સાધન છે.
જ્ઞાનીનો આત્મા તેનો બંધુ, અજ્ઞાનીનો આત્મા તેનો શત્રુ છે.

પોતાનું હિતાહિત કરનાર પોતે જ છે.

અખંડાકાર 'સોઽહં'ની જ્ઞાનનિષ્ઠા માટે 'સોઽહં' ભાવનાનું શ્રદ્ધાપૂર્વક સતત સ્મરણ, મનન, નિદિધ્યાસન એ સાધન છે.

આ સાધનામાં સર્વપ્રથમ એકાગ્રતા, પછી ધ્યાનની સમાધિ અને ત્યારબાદ અનિર્વચનીય સમાધિનો અનુભવ થાય છે. તે વખતે ધ્યાતા, ધ્યાન, ધ્યેય કે દ્રષ્ટા, દર્શન, દ્રશ્યનો ભેદ રહેતો નથી, કિન્તુ તે ત્રણે એકરૂપ થઈ જાય છે તથા જીવ શિવમાં સમાઈ જાય, નર નારાયણમાં ડૂબી જાય છે, સત્-ચિત્-આનંદમય સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. સોઽહંની સાધના ૫ વસ્તુ માગે છે: તપ, શુદ્ધ અંતઃકરણ, સંપૂર્ણ શ્રદ્ધા, અહંકારની નિવૃત્તિ અને દૃઢ નિશ્ચય.

રોજ ૨ થી ૪ કલાક અખંડાકાર 'સોઽહં'ની સતત ભાવના, તેના સ્મરણ-મનન-નિદિધ્યાસન વગર પોતાના આત્માના ઉદ્ધારની આશા રાખવી પણ ફોગટ છે.

સોઽહંની ભાવનાનું સ્મરણ એક દિવસ કીટ-ભ્રમર ન્યાયે આત્મામાં બ્રહ્મભાવનો આપોઆપ ઉદય કરશે-કરાવશે. તેથી જ ધ્યાનનિષ્ઠા પછી બીજે નંબરે છે પ્રણવોપાસના. બ્રહ્મનું પ્રત્યક્ષ પ્રણવ છે. આ પ્રણવ વસ્તુતઃ શબ્દબ્રહ્મ છે. શબ્દબ્રહ્મ એ જ ૐ અને ૐ એ જ સગુણ-નિર્ગુણબ્રહ્મ. પ્રણવની ઉપાસના, સ્મરણ, મનન, નિદિધ્યાસન બ્રહ્મના બોધ દ્વારા શુદ્ધ-બુદ્ધ-મુક્ત-સત્-ચિદ્-આનંદરૂપનો સૌ સાધકના આત્માને સાક્ષાત્કાર કરાવે છે.

બ્રહ્મોપાસના પછી ઉતરતી ઉપાસના છે ચતુષ્પાદ ગાયત્રીની અને તેનાથી ઉતરતી ઉપાસના છે ત્રિપાદ ગાયત્રી મંત્રની. 'જાળીઓ ખોલવાથી અંધારા ઓરડામાં જેમ પ્રકાશ ફેલાય, તેમ ગાયત્રીની ઉપાસનાથી અજ્ઞાનનાં આવરણો ઉઠી જઈ સાધકની બુદ્ધિમાં આત્માનો અજવાસ પ્રગટ થાય છે' એવું હિંદુ ઋષિઓ કહે છે. સાધક માટે સંસારસાગરમાં આત્મસાક્ષાત્કાર કરાવતા સદ્‌ગુરુ એ દીવાદાંડી સમાન છે. સદ્‌ગુરુ જ સાધકના પથપ્રદર્શક છે.

તે જ નિશ્ચયાત્મક બુદ્ધિયોગ પણ આપે છે કે: 'હમણાં જ ઉઠો, જાગો અને આ ક્ષણે જ માનવજીવનના આ પરમ આદર્શને સિદ્ધ કરવા કટિબદ્ધ થાઓ અને ક્ષણે-ક્ષણે આ જીવનમાં જ શીઘ્ર જીવનમુક્તિ પામો.'

## નમસ્કાર અથવા નમો પદ

'નમો' પદમાં નમ્રતા, વિનય, વિવેક અને વૈરાગ્ય છે, ઉપરાંત તે તપ, સ્વાધ્યાય અને ઈશ્વરનું ધ્યાન તથા અભિમાનનો ત્યાગ અને તથાભવ્યત્વનો પરિપાક પણ છે.

દુષ્કૃતની ગર્હા, સુકૃતની અનુમોદના અને અરિહંતાદિ ચારનું શરણ પણ નમસ્કાર જ મનાય છે. નમસ્કારથી દર્શનની શુદ્ધિ થાય છે. પોતાની દીનતા, લઘુતા

તથા ગુરુજનોનું દર્શન થાય છે અને પરતત્ત્વની ઉચ્ચતા,
મહત્તા, ભવ્યતાનું ભાન થાય છે. આ ભાવના પરિણામે
અહંભાવનો ફોલ્લો ફૂટી જાય છે, મનનું પડ નિર્મળ
બને છે અને જીવને પરમ શાંતિનો અનુભવ થાય છે.
નમ્રતા = અહંભાવનો અને પોતાપણાનો સંપૂર્ણ નાશ.

'કાંઈ નહીં' એટલે સર્વથી વિખૂટા પડવું.
કાંઈ ન થવાથી સર્વ કાંઈ થવાય છે.

સમુદ્રમાં રહેવાવાળું બિન્દુ સમુદ્રની મહત્તા ભોગવે છે.
સમુદ્રથી અલગ થઈને તે બિન્દુ જ્યારે પોતાપણાનો દાવો
કરવા જાય છે, ત્યારે તે બિન્દુ એકદમ સુકાઈ જાય છે.
'નમો' પદમાં છુપાયેલું રહસ્ય શું છે, તે આથી પ્રગટ થાય છે.
કાંઈ પણ ન રહેવું = પરબ્રહ્મ કે પરમાત્મ તત્ત્વમાં મળી જવું.
'નમવું' એટલે માત્ર મસ્તક ઝુકાવવું એમ જ નહિ, પણ
મનને અને મનના વિચારોને નમાવવા કે ગુરુજન ભેળવા.

'નમવું' એટલે માત્ર હાથ જોડવા એમ નહિ,
પણ અંતઃકરણમાં એકતા તથા અભેદની ભાવના કરવી.
સર્વ પાપ મનના આગ્રહોમાંથી જન્મે છે.
સર્વ મંગળ અભેદની ભાવનામાંથી ઉત્પન્ન થાય છે.
'નમો' પદ એકબાજુ આગ્રહોમાંથી મુક્ત કરે છે,
તો બીજી બાજુ અસ્તિત્વનો ભાસ કરે છે.

પાપમાત્ર મનની નીપજ છે. ધર્મમાત્ર આત્માની વસ્તુ છે.
નમસ્કાર નિર્યુક્તિમાં નમસ્કારના સ્વામી નમસ્કાર્ય છે.
તે માટે તેમાં જે દલીલો છે, તે અત્યંત મનનીય છે.
જો એ સર્વ દલીલો નયદૃષ્ટિ ભાવિત થાય,
તો લઘુતા, નિરાભિમાનિતા, નિરહંકારિતા અનુભવાય છે.
અંતઃકરણની આ શુદ્ધિ એ જ તાત્ત્વિક નમસ્કાર છે,
તેથી કૃતિનું મિથ્યાભિમાન અને ફલેચ્છારૂપ આસક્તિભાવ
સાધકના જીવનમાંથી આપોઆપ જ વિલીન થાય છે.

## હું - આત્મા

આત્મા એક જ છે પણ હું અનેક છે.
વૃક્ષનું મૂળ એક છે પણ તેના પત્તાં અનેક છે.
ધર્મ એક છે છતાં દેશ-કાળ અને વ્યક્તિઓના ભેદથી
ફક્ત તેનાં નિરૂપણમાં અલગ-અલગ રીતે ભેદ પડે છે.
જ્યાં સુધી સૂક્ષ્મ પણ મન-વચન-કાયા-પવન આદિનું
હલનચલન રહે, ત્યાં સુધી સાધકના આત્મામાં ભરાવથી
સૂક્ષ્મ પણ કર્મબંધ અને આશ્રવની પરંપરા રહે જ છે.
આત્મભિન્ન-અનાત્મ વિષયો કે જે આત્માથી જુદા છે,
તેમાં લીન થવાનો આત્મા ગમે તેટલો પણ પ્રયત્ન કરે,
તો યે તે બને કેવી રીતે?

## વાસના - કામનાનો નાશ

વાસના એ જ્યારે પ્રશસ્ત બને, ત્યારે તે ઈશ્વરરૂપ બને છે.
સાધકને જેમ જેમ આત્મદર્શન થતું જાય છે,
તેમ તેમ તેની અંદર રહેલ કામનાનો રસ સુકાતો જાય છે.
અહીં આત્મદર્શન સાધન અને કામનાનાશ એ ફળ બન્યું.
એ જ રીતે બાહ્યવિષયોમાંથી ચિત્ત પાછું ફરે પછી જ
અંદર કેવો આનંદ ભર્યો છે, તેનો ખ્યાલ આવે છે.
અહીં કામનાત્યાગ સાધન થયું અને આત્મદર્શન ફળ થયું.
એ રીતે આત્મદર્શન અને કામનાત્યાગ - એ બંને
બી અને ઝાડની જેમ એકબીજાનાં પરસ્પર કાર્ય-કારણ છે.

શરીરનો પડદો યથાતથ કે જેમનો તેમ રાખીને
સર્વ ભૂતો સાથે સમરસ થવું શક્ય નથી.
દેહને લીધે સર્વના હૃદયમાં પ્રવેશ કરવામાં અડચણ આવે છે.
જ્યાં લગી વિશિષ્ટ, આગવું હૃદય હોવું એ જ બાળકનું દિલ
ઓળખવાનું સાધન હોય છે, ત્યાં સુધી દેહ ઉપયોગી છે.
મને મારી પોતાની ભૂખ-તરસ, સુખ-દુઃખાદિ અનુભવો
ઉપરથી બાળકોની સ્થિતિ સમજવાથી આત્મૌપમ્યની
સાધના કરવાનો અવસર મળે છે. મારું હૃદય બાળકની
સ્થિતિ જાણવાનું માપ હોય, ત્યાં સુધી શરીરનું કામ હોય,

પણ સર્વભૂત હૃદયનો સાક્ષાત્કાર, તાદાત્મ્યનો અનુભવ થાય પછી તો વિશિષ્ટ દેહ, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, હૃદય એ બધાં જે વિશિષ્ટો બાધક નિવડે છે, ઉપાધિરૂપ કરે છે. તે સર્વ ઉપાધિ તોડી - ફોડીને સર્વભૂત હૃદય સાથે તાદાત્મ્ય પામવું, અનંતમાં લીન થવું, બ્રહ્મમાં ઓગળી જવું એ સાધનાનું અંતિમ ધ્યેય છે. એને જ 'બ્રહ્મનિર્વાણ' કહે છે.

'બ્રહ્મ' એટલે વિશાળ, વ્યાપક.

'સંકુચિત બંધન છોડી બ્રહ્મરૂપ થવું' એ ધ્યેય છે.

(અ) નિર્ગુણ બ્રહ્મ - આત્મદ્રવ્ય ઊર્ધ્વતા સામાન્ય, સર્વ પર્યાયોમાં અનુસ્યૂત ત્રિકાળબાધ્ય દ્રવ્ય, શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય, ગુણ - પર્યાયવિમુક્ત દ્રવ્ય, તત્ પદનો વિષય.

(બ) સગુણ બ્રહ્મ - આત્મત્વ જાતિ તિર્યક્ સામાન્ય, બધા આત્માઓમાં રહેલું આત્મત્વ ગુણ, શુદ્ધ સંગ્રહનયનો વિષય, ગુણાત્મપર્યાય વિશિષ્ટ દ્રવ્ય, ૐ પદનો વિષય.

સત્ પદનો વિષય શુદ્ધ પર્યાય છે.

ઋજુસૂત્ર નયનો વિષય છે ક્રિયા. એ એનું સ્વરૂપ છે. પર્યાય વિનાનું દ્રવ્ય નહિ, દ્રવ્ય વિનાનો પર્યાય નહિ.

પરસ્પર અવિનાભાવ છે,

તેથી કોઈપણ કર્મ ત્રણેની અપેક્ષા રાખે છે.

જ્ઞાનદૃષ્ટિએ અકર્તૃત્વ, ભક્તદૃષ્ટિએ અભેદત્વ અને
ક્રિયાદૃષ્ટિએ નિષ્કામત્વનો સ્વીકાર કરીને થતું કર્મ
એ જ શાસ્ત્રોક્ત કર્મ છે, મુક્તિદાયક કર્મ છે.
ક્રિયા, જ્ઞાન અને ભક્તિ ત્રણે સાથે રહેલાં છે.

જ્ઞાન, ધ્યાન, ઉપાસના અને કર્મયોગ

એ બધાયને આ હદે શરૂઆતમાં ઉપકારક રહ્યાં છે પણ આગળ ઉપર આ બધી જે સાધનાનો પરિપાક વિશ્વદર્શી સાક્ષાત્કારમાં થાય એટલે બધું જે આત્મમય દેખાવા માંડે છે. આ અનુભૂતિ થયા પછી હવે નિરૂપયોગી થવા માંડે છે. બાદમાં બ્રહ્મમાં ભળી-ઓગળી-લીન થઈ જવાનું મન થાય છે. બ્રહ્મ જાણે કાંઈક છે અને તેમાં લીન થવાને કાંઈક જવાનું છે, એ મારા-બ્રહ્મની વચ્ચેનો પડદો છે. દેહાભિમાનનો તે પડદો આડો ઊભેલો બરાબર દેખાય છે.

તે પડદાનું નાબૂદ થવું = બ્રહ્મમાં લીન થવાપણું.
બ્રહ્મ તો હું પહેલાંનો છું,
માત્ર દેહાભિમાનનો પડદો હટાવવાનો છે.

તે હટાવીને બ્રહ્મમાં લીન થવું તે મનુષ્યનું જીવિત સાફલ્ય છે. આખું જે જીવન, સંસાર, સેવા, જ્ઞાન, ધ્યાન વગેરે સાધનો બધું જે આ ઉદ્દેશથી કરવું, એ ધર્મશાસ્ત્રોનું ધ્યેય છે.

## સાધનાની સાચી દિશા

ઉત્તરોત્તર વધારે અને વધારે વ્યાપકતર થતા જવું, એ સાધનાની દિશા છે. વ્યાપકતમ સ્થિતિ એટલે બ્રહ્મનિર્વાણ.

'તત્ત્વમસિ'માં 'તે' એટલે વિશાળ, વિશ્વરૂપ, જેમાં પરિપૂર્ણ શક્તિ ભરેલી છે.

'તું' એટલે જે પોતાને વર્તમાનમાં અનુભવી રહ્યો છે તે. તું તારી જાતને દેહમાં રહેનારો, દેહથી સીમિત, મર્યાદિત, અલ્પ શક્તિવાળો અનુભવે છે તે, પણ તું તેવો નથી.

આ મહાવાક્ય છે કે:

'તું તો તે વિશાળ, વિશ્વરૂપ પરિપૂર્ણ શક્તિથી ભરેલો છે'.

'હું દેહથી ભિન્ન છું' એ સમજવું સહેલું છે પણ 'હું તે છું' એ સમજવું જરાપણ સહેલું નથી.

તે માટે જાગ્રત સાધનાઓ કરી પોતાની શુદ્ધિ કરવી પડે છે. વચમાં ઇંદ્રિયો-મન-બુદ્ધિ અંતરાય નાંખે છે. પરિસ્થિતિઓની પણ અનેક રૂકાવટો આડે આવે છે.

હું મારી ઇચ્છા મુજબ ચાલીશ, freedom of will; પણ ઇચ્છા કોની? તમારી પોતાની કે બીજા કોઈની? તમારી ઇચ્છા જેવું કાંઈ છે જ નહિ, ઇચ્છા તો મનની હોય છે. તમે પોતે તો ઇચ્છાથી પણ પર છો.

એ વિચારવા જેવું છે કે:

મન તો આપણી નોકર છે. હું મારા નોકરનું કહ્યું કરીશ એમાં સ્વતંત્રતા ક્યાં? નોકરમાં મારાપણું છે, તો પાડોશમાં કેમ નહિ? ઈચ્છા મુજબ કરવું એટલે મનનું કહ્યું કરવું.

શક્તિ આત્મામાં જ છે, બીજે ક્યાંય પણ નહિ.

મનુષ્યને ભાસ થાય છે કે શક્તિ હાથમાં, પગમાં, આંખ કે કાનમાં છે પણ તે સાચું નહિ. આ બધું ક્યાં સુધી લાગે છે?

આત્મશક્તિનું ભાન નહિ થયું ત્યાં સુધી.

આંખ-કાન કાપીને જુદા પાડીએ પછી તેમાં શી શક્તિ છે?

જેની સાથે તે વળગીને રહેલ છે,

તેના જ શક્તિથી તે શક્તિવાળા છે.

એ શક્તિ દેહની નહિ પણ આત્માની છે.

महावाक्यमनुचिन्तयेत् ॥७०॥ ततो शासनमुक्तिः ॥७१॥

आत्मशक्तेर्भानात् ॥७३॥

આ દેહમાં રહેલા ચૈતન્ય અને વિરાટ ચૈતન્યની વચ્ચે સંબંધ જોડવાનું કામ મહાવાક્યના ચિન્તનથી થાય છે. કર્તવ્યભાવનાઓ તો માન્યતાઓ, મનની ઘડેલી વાતો, રૂઢિઓ તથા પ્રથાઓ ઉપર જ આધાર રાખતી હોય છે. Sense of duty પણ તેમાંથી જ જન્મતી હોય છે.

Imp.

## દેહ - આત્માનું ઘર

આપણા દેહનો દ્વેષ કરવાનો નથી, કેમકે તે તો આત્મઉદ્ધારાર્થે મળેલું એક માત્ર સાધન છે. એમાં ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય, પંચવિધ અંતઃકરણ છે. દેહ પોતે એક બહુ મોટી શક્તિ છે પણ એનો સદુપયોગ કરવા માટે એને પોતાથી જ અલગ સમજવો જરૂરી છે. 'વ્યક્તિમાત્રમાં, કૃમિ તથા કીટમાં અને તેથી ઉચ્ચ કક્ષામાં રહેલ આત્મા તરફ સ્વાત્માની પેઠે જ એક આત્મા નિવાસ કરે છે' એવી દૃષ્ટિ જ્યારે કેળવાશે, ત્યારે જ આપણને કોઈપણ અન્ય આત્મામાં દૂષણ દેખાશે નહિ. જીવનમાં દરેક આત્મા કર્મસત્તાને આધીન રહીને તથા પરવશપણે જ પોતાનું આચરણ કરતો રહે છે, તેથી કોઈની સાથે સંઘર્ષ કે વિખવાદનું કારણ જ નષ્ટ થઈ જશે અને પોતે વિભાવની દશામાં જતો અટકશે. એ માટે જ નિયમ અને નિત્યક્રિયાની આવશ્યકતા છે. એથી આત્મોન્નતિના માર્ગે આગળ અને વધુ આગળ વધ્યા કરવાનું પણ જીવને સરળ બની જતું હોય છે. દરેક મનુષ્યે પોતાનું જીવન નિયમબદ્ધ કરવું જોઈએ અને ઘટનાઓ તરફ જોવાનો દૃષ્ટિકોણ બદલવો જોઈએ.

જીવન મેળવવું હોય તો
શરીર, મન, ૫ ઈંદ્રિય અને આત્માનો સંયોગ કરવો.
આ સંયોગ સહેલો નથી.
એ સંયોગ ત્યારે જ થશે કે જ્યારે સંતોની કૃપા થશે.
જીવનને દિવ્ય બનાવવા માટે મનથી પર જવું જોઈએ.
મનને જળકમળવત રાખીને સાત્વિક જીવન જીવવું.
આ સૃષ્ટિ એ શિવના નૃત્ય સમાન છે અને જીવનનો
આશય પ્રાંતે તો આનંદ મેળવવાનો જ છે.
આ દેહની અંદર ત્રિદોષ પ્રવર્તે છે.
છાશ પૃથ્વી ઉપરનું અમૃત છે, કારણ કે તેનો ખાટો, મધુર,
તુરો રસ અનુક્રમે વાયુ, પિત્ત અને કફનું શમન કરે છે.

## What is spiritual Love?

When we surround each person whom we treat with our spiritual love, it is not a vaporous sentiment but a mighty power for it is a God power. It is as definite as a stream of water directed through a hose in a definite direction & it washes its object clean.

માનવદેહ ઈશ્વરના નિરાકાર આકારનું સાકાર મંદિર છે.
ઈશ્વર સાક્ષીરૂપે આ દેહમંદિરમાં જ વસેલો છે.
બ્રહ્માંડમાં સમભાવે તે વ્યાપેલો છે.
ઈશ્વર વિશ્વના કોઈ ખૂણામાં સંતાયેલો છે એમ નથી,
કિન્તુ તે તો સદા આપણા સમક્ષ જ બિરાજતા હોય છે.
ચોવીસે કલાક સાક્ષીરૂપે આપણે તેને જોઈએ છીએ,
અનુભવીએ છીએ છતાં આપણે તેને ઓળખતા નથી.
આ જ આપણું સૌથી મોટું અજ્ઞાન છે. કોઈ આને
આશ્ચર્ય સરખો જુએ છે, બીજા આશ્ચર્ય સરખો વર્ણવે છે,
વળી બીજા તેને આશ્ચર્ય સરખો વર્ણવાયેલો સાંભળે છે
અને સાંભળવા છતાં તેને કોઈ જાણતું નથી.
ગીતા કહે છે કે આ આત્માનુભવ બ્રહ્મવિદ્યાથી મળે છે.
દેશ-કાળ-ધર્મવાળી બધી વસ્તુઓના નામ અને રૂપ
કોઈ ને કોઈ કાળે તો નાશવંત છે જ, માટે કહ્યું છે કે:
મુક્તિ પામવા હોય તો વિષયાસક્તિને વિષવત્ ત્યજીને
આર્જવ, ક્ષમા, દયા, સમભાવના, સંતોષને પિયૂષવત્ ભજ.
માનવ પાસે સર્વશ્રેષ્ઠ શક્તિ ધરાવતું મન છે.
તેને જો પરમતત્ત્વ સાથે સતત જોડાયેલું રાખવામાં આવે
તો માનવ એ મહામાનવ અને બ્રહ્મમાનવ પણ બને છે.

અહંને ભૂલીને મનની પ્રચંડ શક્તિ જ્યારે અર્હંને નમે, સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી જ્યારે મન અર્હંમય થાય છે, ત્યારે ત્રૈલોક્યપૂજ્ય અરિહંત પરમાત્માની અચિન્ત્ય શક્તિ તે સાધકને અદૃશ્ય રીતે રહીને સતત સહાય કરે છે. શુભની ઉદ્વર્તના, અશુભની અપવર્તના તથા સંક્રમ વગેરે કરણો અને સંવર-નિર્જરાની પ્રક્રિયા વડે આત્મા સ્વયં શક્તિશાળી બનીને ધારેલું કાર્ય સિદ્ધ કરાવી શકે છે. કેન્દ્રના પરિવર્તનથી પરિધિનું પરિવર્તન આપોઆપ થાય છે. 'તાત્ત્વિક પ્રતિષ્ઠા' એટલે દેવતત્ત્વના ઉદ્દેશથી આત્મામાં પોતાના ભાવની પ્રતિષ્ઠા. વીતરાગત્વાદિ સર્વગુણોથી 'હું અર્હં છું' એ પ્રણિધિ આત્મામાં પરમાત્મા સાથે પરમ સમરસ અથવા સમત્વભાવનું સ્થાપન એ મુખ્ય સ્થાપનરૂપ છે અને એ જ તાત્ત્વિક પ્રતિષ્ઠા છે.

'રાજા' એવું નામ પાડવાથી રાજા થવાતું નથી,
એ માટે રાજા જેવી વૃત્તિ હોય, તો જ રાજા થવાય.
પાપનો બાપ લોભ, લોભનો બાપ મોહ, મોહનું મૂળ અજ્ઞાન.

જ્ઞાનનો અર્થ આત્માને આત્માથી જાણવો.
માત્ર ધર્મશાસ્ત્રો શીખી જવા એ પૂરતું નથી,
જીવનમાં તેને જીવતાં શીખવું જોઈએ.

ઇંદ્રિયવિષયોમાં આસક્ત થયેલાને તેનાથી તૃપ્તિ થતી નથી,
કેમકે નહિ ભોગવેલા વિષયોમાં તેને ઇચ્છા થાય છે,
ભોગવાઈ રહેલા વિષયોમાં મૂર્છા-મમતા થાય છે અને
પૂર્વે ભોગવેલા વિષયોનું ચિન્તન તથા સ્મરણ થાય છે.
એ રીતે ત્રણે કાળમાં ઇંદ્રિયોની અશુદ્ધ પ્રવૃત્તિ ચાલુ જ છે.
ઇંદ્રિયોની અભિલાષા વારંવાર પૂરવા છતાં પુરાતી નથી,
તો શું કરવું? શમ અને સંતોષથી જ તે પૂર્ણ થાય છે.
અંતરાત્માથી, આત્માના અંતર્ગત સ્વરૂપથી તે તૃપ્ત થાય છે.

આત્મસ્વરૂપના અવલંબન વિના
વિષયોની તૃષ્ણાનો ક્ષય કોટિ ઉપાયે પણ થતો નથી.

મોહરાજાનો મોટો પુત્ર રાગકેસરી છે,
વિષયાભિલાષ તેનો પ્રધાન છે, તેની સંતતિરૂપ ઇંદ્રિયો છે.

દરેક આત્મા તત્ત્વથી પરમાત્મા છે. ધર્મમાત્રનું ધ્યેય છે કે:
'અંદર રહેલા પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્ અનુભવ કરવો.'

ધર્મમાત્રનો સાર છે કે:
'પરમાત્મસ્વરૂપને નિષ્કામ કર્મ, ભક્તિ, યોગ અને
તત્ત્વદર્શન વડે એક યા અનેક સાધનોથી સિદ્ધ કરી.'

o

There is no forgiveness for the
broken law in the kingdom of heaven.

વિષયોના સંગકાળે રાગની વાસના ઉત્તેજિત ન થાય
એટલા ખાતર વિષયોની અપકારકતા ચિન્તવવાની છે,
તેમ જીવોના સંગકાળે દ્વેષવાસનાને ઉત્તેજિત થવાનું ન થાય
તે ખાતર જીવોની ઉપકારકતા ચિન્તવવા આવશ્યક બને છે.

દાન, દયા, ક્ષમા, અહિંસા, મૈત્રી આદિના
વિષયભૂત થઈને જીવો ઉપકારક બને છે.

વિષયો દાન-દયા આદિના વિષય બની શકતા નથી અને
જીવો કામના આદિના વિષય બની શકતા નથી.

અવિદ્યાદિ આત્માના સ્વરૂપનું અજ્ઞાન, અભિનિવેશ વડે
દુરાગ્રહ, અસ્મિતાદિ દેહભાવ-મૃત્યુભય, રાગાદિ આસક્તિ,
દ્વેષાદિ વૈર તથા વૈરાદિ જન્મ-મરણનું ચક્ર ચાલુ કરે છે.

## મનુષ્ય જીવનનાં 3 ઉદ્દેશ

(૧) ઈશ્વર વિશ્વાસ (૨) આત્મવિશ્વાસ (૩) ભ્રાતૃભાવ.

આત્મા વડે પોતાના આત્માને જે સર્વ જીવંત તત્ત્વોમાં
જુએ છે, તે સર્વ દેવો-ઋષિઓ-પિતૃઓ-મનુષ્યો-
જીવો સમતાને પામીને 'બ્રહ્મ' નામના પરમપદને પામે છે.

ઈશ્વર વ્રતની સંપૂર્ણ મૂર્તિ છે.

સૂર્ય મહાવ્રતધારી છે.

વ્યવહારમાત્રનો આધાર એક ટેક ઉપર રહેલો છે.

શુભકાર્યનો નિશ્ચય 'વ્રત' છે, અશુભનો નિશ્ચય નહિ.
વ્રત સર્વત્ર વ્યાપક વસ્તુ છે.

જીવનસાધન - ઈશ્વરદર્શન પણ વ્રતની અપેક્ષા રાખે છે.
મન નહીં, બુદ્ધિ દ્વારા ઈશ્વર વિશ્વરૂપે પ્રતીત થાય છે.
મન-બુદ્ધિરૂપી કુંડાળામાંથી કોઈ રીતે બહાર નીકળી શકાય તો
'એકમેવાદ્વિતીય'નો સત્યાનુભવ થઈ શકે. તીવ્ર ઇચ્છાથી
એક જન્મની અંદર પણ યથાર્થ લાભ પ્રાપ્ત કરી શકાય.
સારા જીવનનો વિચાર પ્રભુના અધિષ્ઠાન વિના ન થાય.
જીવનનો આદિ-અંત પ્રભુની જ મહાન શક્તિમાં છે.

સંતો એ ચૈતન્યશક્તિને જ કેન્દ્ર માનીને
એની ભક્તિમાં જીવન વિતાવે છે.

વીતરાગ મહાવીર જેવા દ્રષ્ટાઓએ
પ્રભુને સર્વવ્યાપી અને અનાદિ અનંતરૂપે નિહાળ્યા.
પ્રભુ મહાવીરને લીલા પાંદડામાં ધબકાર પામતો જીવ દેખાયો.

ભક્તિ-ધર્મથી જીવન જડ-નિષ્ક્રિય નથી બનતું,
પણ નિર્મળ અને સ્વસ્થ થાય છે. ધર્મમય બનેલા લોકો જ
પોતાના નાના જીવનકાળમાં મહાન કાર્યો કરી જાય છે.
ધર્મ જ સમજાવે છે કે આત્માએ મુક્તિ સંસારમાંથી કે
કર્મોમાંથી નહિ, પણ પોતાના અહંમાંથી મેળવવાની છે.

આપણે એ અહંનો અંચળો ઉતારીને
પ્રભુની સામે જો ઊભા રહીશું – એમાં સમાઈ જઈશું, તો
એનાં બધાં કાર્યોનાં સમભાગી થઈ અનંતાનંદમાં વિલીન થઈશું.
આ મનુષ્યદેહ એ તો પ્રભુનું મંદિર અને
પરમાત્માની સુંદર કલાકૃતિ છે.

Imp નિરામય, નિષ્કલંક દેહમાં પ્રગટેલી બ્રહ્મજ્યોતિ
પ્રભુના નામજપ દ્વારા સતત ગતિમાન રહે છે.

નામ્ના સાદ્ગુણ્યમ્ ||૬૬|| પ્રભુનામથી તો ખૂટતું પુરાય છે.
પ્રભુનામથી તો વિગુણતા - ખામી સદ્ગુણ બની જાય છે
અથવા ખામી ગુણવતી બને છે અર્થાત્ પુરાઈ જાય છે.
ખામી કાં તો જ્ઞાનથી પુરાય કાં તો કર્મની કુશળતાથી પુરાય
પણ તે તો હોતાં નથી, તેથી સાધકને નામનું શરણ જડે છે.
નામસ્મરણથી સાધકની આંતરિક સાધના પૂર્ણ થાય છે.
નામથી બાહ્ય ન્યૂનતાની પણ ચમત્કારિક રીતે પૂર્તિ થાય છે
તથા આંતરિક અને બાહ્ય બંને પ્રકારના સદ્ગુણો સધાય છે.
ઈશ્વરના નામની એક સ્વયંભૂ શક્તિ છે, તેથી નામ-
સ્મરણથી ચમત્કાર પણ થાય છે. આ શ્રદ્ધાની વાત છે.
નામસ્મરણપૂર્વક જે કાર્ય કરવામાં આવે,
તે કાર્યની આંતરિક અને બાહ્ય ન્યૂનતાની પૂર્તિ તેથી થાય છે.

## પ્રભુનામજપ = નાવડી

**નામસ્મરણ = પ્રત્યેક કાર્યનો ઈશ્વર સાથે સંબંધ જોડવો.**

નામસ્મરણનું એક ઘણું જ શાસ્ત્રીય પરિમાણ છે.
પ્રત્યેક કાર્ય ઈશ્વરના નામે કરવાથી તે દિવ્ય બની જાય છે.
નામસ્મરણની પ્રક્રિયા પ્રેમ, શ્રદ્ધા, કૃતજ્ઞતાગુણ ઉપર
અને મહાભાગ્ય ચિંતનની પ્રક્રિયા સાથ ઉપર ઊભી છે.
તદ્ધિ પાપાપહારિ । નામ એ પાપનું નિરસન કરનારું છે.
અપ્રવૃત્તિના નાશની જેમ પાપનાશની શક્તિ પણ નામમાં
રહેલી છે. જૈનધર્મમાં ઈશ્વર નથી, પરંતુ તેમની જગ્યાએ
રાગ-દ્વેષરહિત પુરુષનું ચિંતન આવે છે, તેનો અર્થ એક જ છે.
ઈશ્વરનું સ્મરણ પાપમાંથી છુટકારાનું આશ્વાસન આપે છે.

કર્મનો નિયમ ભલે અટલ છે,
તેમાં પણ પરિવર્તન થવાનો અનુભવ નામજપમાં થાય છે.
કર્મનો નિયમ ન્યાયાધીશ છે, ધર્મનો નિયમ રાષ્ટ્રપતિ છે.
ન્યાય ઉપરાંત દયા માટે રાષ્ટ્રપતિની જરૂર પડે છે.
જરૂર જણાય ત્યારે ફાંસીની સજા ઘટાડીને
જન્મટીપની સજા રાષ્ટ્રપતિ કરી શકે છે, પરંતુ
નામમાં તો એવી શક્તિ છે કે રજેરજ પાપ ધોઈ નાંખે છે.
નામસ્મરણથી પાછલાં કૃત્યો તદ્દન સાફ થાય છે તથા
એ જ માનવી સાવ નવો નક્કોર બની જાય છે.

જીવનમાં જ્ઞાન અને ભક્તિ સહિતનું
પ્રભુનું નામસ્મરણ બધાં જ પાપોનું પ્રક્ષાલન કરે છે.
મંત્રજાપથી શરીરની સાતે ય ધાતુ વધે છે.
મંત્રજાપથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે એમાં સંશય નથી.
ભક્તિથી વાસનાઓ સહિત જડમૂળથી પુરેપુરા પાપ ધોવાય.
જેમ તરીને અને નાવડીમાં બેસીને પણ નદી પાર થઈ
શકે, તેમ જ્ઞાનથી પણ બધાં કર્મ ભસ્મ થઈ જાય છે.
ભક્તિ એ નાવડી છે.
બાહુમાં જો બળ હોય તો જાતે તરી જાવ
અને જો બાહુમાં બળ ન હોય તો નાવડી હાજર છે.
જ્ઞાનમાં પોતાની શક્તિ જોઈશે, જ્યારે
ભક્તિમાં ભગવાનની આશરાથી ચાલે છે.
જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ સુલભ છે,
પણ ભક્તિ માટેની શ્રદ્ધા પામવી સુલભ નથી.
ભક્તિ પ્રાપ્ત થવી, ન થવી તે શ્રદ્ધા પર જ આધાર રાખે છે.
દરેક બાળક સ્વાભાવિક શ્રદ્ધાયુક્ત જ જન્મે છે.
એક બાળકને પોતાના માતા-પિતા ઉપર
જેટલી અને જેવી અપાર શ્રદ્ધા હોય છે,
એવી જ શ્રદ્ધા તેને નામસ્મરણ ઉપર થવી જોઈએ.

## દરેક શબ્દો ઈશ્વરવાચક

દુનિયામાં જેટલા શબ્દો છે, તે બધાં ઈશ્વરવાચક છે.
દાખલા તરીકે 'ઘડિયાળ'નો સ્થૂલ અર્થ સમય બતાવતું યંત્ર,
સૂક્ષ્મ ઘડિયાળમાં રહેલી શક્તિ, સૂક્ષ્મતમ અર્થ પરમેશ્વર.
આવી જ રીતે 'ઘોડા' શબ્દનો સ્થૂલ અર્થ તેનું શરીર,
સૂક્ષ્મ અર્થ અંદરનો અધિષ્ઠાતા જીવ અને પરમ અર્થ ઈશ્વર.
જીવ માટે સ્થૂલઅર્થ = શરીરવાચક, સૂક્ષ્મ = અભિમાની,
પરમ અર્થ = અંતર્યામી. સર્વે વેદા યત્પદમામનન્તિ ।
બધા વેદો એક જ પરમેશ્વરનું મનન કરે છે.

## સરળશીલતા એ સાધુતા

કોઈએ આપેલા શ્રાપનો બદલો આશીર્વાદથી આપે તે સંત.
જેનું ભોજન સરસ, તેનું ભજન નીરસ.
જેનું ભોજન નીરસ, તેનું ભજન સરસ.
સર્વમાં ઈશ્વર ભાવના રાખો, તેનામાં રાગ-દ્વેષ નહિ જાગે.
બહારના દરવાજા બંધ કર્યા વિના અંતરદરવાજા નહિ ખુલે.
પ્રકૃતિની અનુભૂતિ એ પ્રભુનું મિલન.
વિષયોના સૌંદર્યથી મહાન સૌંદર્ય તેને બનાવનારમાં છે.
પ્રભુએ આપેલા જીવને ભજનનું ભાડું આપેલું છે.
ભાવના ફંગાળે ભક્તિના સ્વપ્ના સેવવા નહિ.
જેટલું ભાગ ખોટો, તેટલું બધું જ ખોટું છે.

જીવનમાંથી બધું જાય તો ચાલે, પણ
ભાવ જ જો ચાલ્યો જાય, તો તે ક્યાંથી લાવશો?
ભાવની જો હિંસા થાય, તો બાકી કુંપળ ઉદ્વેગ ન રહે.
ભાવહીન જીવન એ તો પ્રભુનું ઘોર અપમાન છે.

તૃષ્ણા ચંચળ નહિ, તૃષ્ણાવાન ચંચળ છે.

જે કશાની પરવા કરતો નહિ, તેને બધું જ આવી મળે છે.
પરમાત્મા એ પ્રેમ, કરુણા અને શાંતિના સ્વરૂપ છે.
ઇષ્ટદેવમાં 'ઇષ્ટ' = ભક્તે પસંદ કરેલું પરમાત્માનું સ્વરૂપ.

'પ્રેમ' એટલે પરમાનંદની શક્તિ અને
'સૌંદર્ય' એટલે આનંદનું વિશિષ્ટ રૂપ.

## તીર્થંકરનામકર્મ રૂપી પુણ્ય

પોતાનું ઘર, શરીર, ધન કે સ્વજન - એ પોતાનું નહિ પણ એના માલિકનું છે, પુણ્યકર્મનું છે, તીર્થંકર નામકર્મરૂપી પુણ્ય પ્રકૃતિના માલિક તીર્થંકર ભગવાનનું છે, કેમકે તે બધાનો સંબંધ કરાવનાર સાક્ષાત્ યા પરંપરાએ પુણ્યકર્મ અને તેમાં પણ સર્વ પુણ્યકર્મોનું મૂળ એવા તીર્થંકર નામકર્મની જ સર્વશ્રેષ્ઠ પુણ્યપ્રકૃતિ છે, તેથી સાચા માલિક તેઓ છે. તેમની વફાદારીપૂર્વકની નોકરી-આજ્ઞાપાલનથી સાચું મોક્ષઘર, આત્મશરીર, ગુણધન અને

નિજના માર્ગે ચાલનાર સ્વજન પરિવાર પ્રાપ્ત થાય છે.
સ્વજનોના જીવન માટે શેઠના પરિવારનું કાર્ય કરાય છે.
શેઠનો પરિવાર તે તીર્થ - સંઘ - શાસન છે.
પોતાનો પરિવાર તે જ્ઞાનાદિગુણ છે.
તેની રક્ષા અને વૃદ્ધિ માટે તીર્થની સેવા અનિવાર્ય છે.
એ રીતે તીર્થંકરરૂપી સ્વામીની સેવા - આજ્ઞાપાલનની
ભક્તિ એજ અનાસક્તિનું કારણ છે.

## પરોપકારનું માહાત્મ્ય

પરોપકારનું કાર્ય તિર્યંચમાં દયાવૃત્તિ, માનવમાં ભાવવૃત્તિ અને સિદ્ધોમાં સ્વભાવવૃત્તિ છે. તેથી જ સુખની માત્રા તિર્યંચ કરતાં મનુષ્યમાં, મનુષ્ય કરતાં સિદ્ધમાં ક્રમશઃ અધિક છે. 'તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ' એ પ્રાર્થનાની જેમ 'તીર્થંકરો તમારા ઉપર અને અમારા ઉપર પ્રસન્ન થાઓ' એવી સ્તુતિઓ અને પ્રાર્થનાઓ પણ જોવા મળે છે, 'મારા ઉપર અને અમારા ઉપર' એ સાપેક્ષ શબ્દો છે, 'સર્વ ઉપર પ્રસન્ન થાઓ' એનો મુખ્ય ધ્વનિ છે. 'શિવ' એટલે જીવો માટે કલ્યાણકર - કલ્યાણકરસ્વરૂપ.

પ્રશ્ન : માનવજીવનનું સૌથી ઉત્તમ ધ્યેય કયું?
ઉત્તર : પોતાની જ જાતને પિછાણવાનું.

ત્રીજું નેત્ર, અંતરની આંખ, ઋતંભરા પ્રજ્ઞા = અનિર્ણક.
હૃદયની શુદ્ધિ સાધી સમાધિ અવસ્થામાં પ્રભુ સાથે એકરૂપ થઈ ગયેલા યોગી પુરુષને ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ થાય છે. ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ થતાં સાધકને સત્ય-અસત્યનો નિર્ણય કરવાનું કામ સરળ અને સહજ થઈ પડે છે.

## શિવ - મુંડમાળા અને કાળ

ભસ્મનો ભાવ વૈરાગ્ય અથવા અનાસક્તિનો છે,
જે સંસારની વિનાશિતાને સૂચવે છે.

મુંડમાળા સ્મશાનની સૂચક અને કાળની નિશાનીરૂપ છે. મુંડમાળા એમ સૂચવે છે કે: કાળના સ્વામી કે અધિપતિ અમૃતમય અને મૃત્યુંજય છે. સ્મશાનવાસી જણાવે સૌને અંતે તો રાખ થવા માટે સ્મશાનનો જ આશ્રય લેવાનો છે. સર્પ દ્વન્દ્વ સૂચક છે. શિવ ધીર-સ્થિર, કલેશ-કંકાશથી પર છે, અનુકૂળતા-પ્રતિકૂળતાઓ તેમને સન્માર્ગેથી ચલિત ન કરી શકે.

શંકર પોતે યોગીના યોગી, જ્ઞાનીના જ્ઞાની,
ભક્તોના સ્વામી અને વિશ્વના ગુરુ છે.

શંકર શિવસ્વરૂપ, મંગળમય, કલ્યાણકારક છે. આપણે પણ તેવા બનવું જોઈએ. કર્ણેથી મંગળ સાંભળીએ, આંખોથી મંગળ જોઈએ, વાણીથી મંગળ બોલીએ, મનથી મંગળ વિચારીએ

તથા આપણે સૌ રોજબરોજ કંઈક મંગળ આચરીએ, ત્યારે જ આપણે સહુ શિવના ઉપાસક થયા કહેવાઈએ.

## જટામાં ગંગા તથા વિષપાનનો અર્થ

સદ્ભાવ અને સદ્વિચારની પતિતપાવની પ્રેમમયી ગંગાને ભગીરથ પ્રયાસ કરી આપણે સ્વર્ગમાંથી પૃથ્વી પર ઉતારનાર ભગીરથની જેમ પૃથ્વી પર મનુષ્યહૃદયમાં ઉતારવાની છે. અંતરના ઊર્ધ્વલોકમાંથી એને પૃથ્વીલોકમાં લાવવાની છે. ચિન્તા, કષ્ટ, નિરાશા-નિષ્ફળતાઓરૂપી વિષનું નિર્ભયપણે, સ્વસ્થ ચિત્તે, શાંતિપૂર્વક, પ્રસન્નતાથી પાન કરતાં શીખજો.

વિષ અને અમૃત - બંને આ જ સંસારમાં છે. વિષને હજમ કરનાર સાધકને જ અમૃતની પ્રાપ્તિ છે. પરમાર્થપ્રેરક, જ્ઞાનપ્રદાયક અને મુક્તિદાયક એવા શંકરની ભક્તિ 'નમઃ શિવાય'ના પંચાક્ષર મંત્ર વડે થાય છે. પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવની ભાવના અંતરમાં ઉતારીને કલ્યાણકારી જીવન જીવવાથી પાશવતા, દરિદ્રતા, કટુતાનો નાશ તથા આત્મકલ્યાણ, ઉન્નતિ અને ઈશપ્રાપ્તિનો માર્ગ ખુલે તથા ઉજ્જવળ બને છે. આવું જીવન જીવવું એ જ સાચી શિવપૂજા છે. પ્રભુના ખરા ઉપાસક થવું હોય તો મન-વચન-કર્મથી પવિત્ર બનો, દુઃખીને સહાય કરો.

પવિત્ર કર્મોના પ્રભાવે માનવ માટે
પ્રભુની સમીપ જવાનું મુખ્ય સાધન અવશ્ય સિદ્ધ થાય છે.
તેમ છતાં પ્રત્યેક પ્રાણીમાં રહેલા સાક્ષાત્ શિવમૂર્તિનાં
દર્શન - ઘટઘટમાં રહેલી પરમ જ્યોતિનો સાક્ષાત્કાર કરશે.
પરમાત્મા કંઈ દૂર દૂરના દેશોમાં વસતો નથી,
તે તો પ્રાણીમાત્રના હૃદયસિંહાસન ઉપર બિરાજી રહ્યો છે.
જીવમાત્રનું હૃદય શિવજીનું કૈલાસ મંદિર છે.
શિવના મંદિરરૂપ આપણા હૃદયને પવિત્ર રાખીને
જીવમાત્રના હૃદયમાં બિરાજેલા સાક્ષાત્ શિવમૂર્તિની
શ્રદ્ધા અને સદ્ભાવ વડે સેવા કરવી જોઈએ.
જો દર્પણના કાચ ઉપર ધૂળ અને કચરો-કાદવ ચોંટેલા હશે,
તો તેમાં સ્પષ્ટ રીતે આપણી છબિ જોઈ શકીશું નહિ,
એવી જ રીતે આપણા હૃદયદર્પણ ઉપર અજ્ઞાન, પાપ
અને પશુવૃત્તિના થર જામેલાં હશે, તો હૃદયરૂપી મંદિરમાં
બિરાજેલા પ્રભુની મૂર્તિનાં દર્શન આપણે કરી શકીશું નહિ.
સર્વથી મોટું પાપ-બંધન દોષ તે આપણો તુચ્છ સ્વાર્થ છે.
ઉદાર અને નિઃસ્વાર્થવૃત્તિ માનવહૃદયના ધર્મની કસોટી છે.
એવી વૃત્તિ જેના હૃદયમાં જેટલે વિશેષપણે અંશે હશે,
તેટલે અંશે તે વિશેષ ધાર્મિક છે-શિવની વધારે સમીપ છે.

પોતાના અંગત સ્વાર્થમાં જ રચ્યા-પચ્યા રહેનારો માનવ કદાચ બધા દેવમંદિરો, તીર્થધામોની પૂજા તથા અર્ચનામાં પોતાના જીવનનો ઘણો સમય ગાળતો હશે, તો પણ તે શિવના મંદિર = આત્માથી ઘણો દૂર છે, એમ જરૂર માનવું.

## સાધના

સૂર્ય નિયમથી બંધાઈને નહિ પણ સ્વભાવથી પ્રકાશે છે.
ગંગા નિયમને કારણે નહિ, સ્વભાવથી વહે છે.
તે જ સ્થિતિ સ્થિતપ્રજ્ઞની છે. તે સ્વભાવથી સંયત છે.
સંયમનું પાલન એ તેનો સ્વભાવ છે.

ઇંદ્રિયોનો સંયમ નહિ પણ અસંયમ તેને ભારરૂપ કે અસહ્ય બને છે. સાધક અવસ્થામાં સંયમ થોડો શ્રમ કે તાપ આપવાવાળો છે, તેથી તેને 'તપ' પણ કહેલ છે. સાધકને સંયમમાં જો બિલકુલ તાપ લાગતો ન હોય, તો પછી તેને 'તપ' પણ કેમ કહેવાય?

તાપ-તપ છે પણ બોજ-ભાર નથી, ઊલટી હોંશ છે. વટેમાર્ગુને ભાથાનો બોજ ભાર લાગતો નથી, પણ હોંશ રહે છે તેમ. વૃક્ષ છેદનારો બધી ડાળી કાપશે, પણ જે ડાળીએ પોતે ઊભો છે તેને કાપશે ખરો? નહિ જ. સંયમને ઢીલો મૂકે પછી સ્થિર બુદ્ધિ ન રહે, કેમકે તે સંયમ પર ઊભેલા છે.

સાધનાનું માળખું એટલે જ કર્મ. સાધના કર્મજન્ય છે અને
સિદ્ધિ કે અકર્મ પણ કર્મજન્ય છે, કર્મનું સંતાન છે.
જ્યાં સુધી દેહ છે, સાધકને હાથે કર્મ થતું જ રહેશે.
શરીરનું અસ્તિત્વ કર્મની જરૂરિયાત જતાવે છે.
કર્મની જરૂરિયાત નહિ રહે, ત્યારે દેહ જ પડી જશે,
તેથી કર્મ નિરંતર ચાલતું જ રહેવું જોઈએ.
સામ્યયોગની સિદ્ધિને માટે
કર્મના વિસ્તારને ટાળવાનો નથી હોતો,
ઊલટું એનું સાંગોપાંગ અનુસરણ કરવાનું હોય છે.

## ભક્તિ

બધા રોગીઓ સારા થાય કે ન થાય એ અગત્યનું નથી
પણ બધા રોગી સારા થાય એ ઇષ્ટ અને અગત્યનું છે.
ઈશ્વરભક્તિ અને આત્મોન્નતિ પર્યાયવાચી શબ્દો છે.
'નિષ્ઠા' શબ્દ ભક્તિવાચક છે.
એક નિષ્ઠા કર્મ કરતાં કરતાં પ્રાપ્ત થાય છે,
બીજી ચિન્તનથી પ્રાપ્ત થાય છે.
નિષ્ઠાની પ્રાપ્તિના બે પ્રકાર છે પણ વસ્તુ એક જ છે.
'ઉપાસના' એટલે માનસિક કર્મ, કિન્તુ
'ભક્તિ'નો અર્થ ક્રિયારૂપે કરવામાં આવતું હોય તે કર્મ.

## ભક્તિયોગ શ્રેષ્ઠ યોગ

દાનનું ફળ ભોગ, શ્રવણનું ફળ સ્વર્ગ,
તપનું ફળ રાજ્ય, ભજનનું ફળ મોક્ષ, યોગનું ફળ સમાધિ પણ
ભક્તિનું ફળ તો ભક્તિ જ છે.

ભક્તિ કરનારને તો ભગવાન જ સહાય કરે છે.
ભગવાનને અભિમાન ગમતું નથી અને દીનતા રૂચે છે એટલે
તે ભક્તનું અભિમાન લઈ અને તેની નમ્રતા વધારે છે.

ભક્તિ સાક્ષાત પ્રેમનું સ્વરૂપ છે.
ભક્તના પ્રેમનું પાત્ર ભગવાન જ છે એટલે
તે દુન્યવી ભાવો છોડી કેવળ ભક્તિનો જ અનુરાગી બને છે.

ભક્તિ અમૃતના જેવી મધુર અને અમર છે.
એક ભક્ત જ પરમ સંતોષનો અનુભવ કરે છે.
તેને સંસારમાં સ્વાર્થ સાધવાની ઉત્કંઠા રહેતી નથી.
તે પોતાના આત્મામાં જ આનંદનો અનુભવ કરે છે.

કર્મયોગ તથા રાજયોગમાં વિઘ્ન આવતાં
સાધક અસહાય બને છે, કિન્તુ ભક્તિયોગમાં તેવું નથી.
પ્રભુની ભક્તિ માતાની જેમ દાસ્યભાવથી, પિતાની જેમ
મિત્રભાવથી, સખાની જેમ વાત્સલ્યભાવથી અને ગુરૂની
જેમ મધુરભાવ અથવા શાંતભાવથી કરવી આવશ્યક છે.

નામસ્મરણથી ચિત્તશુદ્ધિ થાય છે.
'અશુદ્ધિ' એટલે સંસારના વિષયો તરફ આકર્ષણ.
'આરાધના' એટલે પ્રભુની અખંડ સ્મૃતિ અથવા
પ્રભુની સતત સન્મુખ કે અભિમુખ રહેવાની ક્રિયા.
'क्लेशोऽधिकतरस्तेषां अव्यक्तासक्त चेतसां ।'
નિર્ગુણમાં ક્લેશ અધિકતર છે, તો
સગુણમાં તો અધિક છે જ.
નિર્ગુણ : સામાન્ય, એકલાનું આત્મ.
સગુણ : વિશિષ્ટ, બધાનું આત્મ.

પ્રાર્થના

इत्थमेव इष्टफलसिद्धेः । અર્થાત્ : પ્રાર્થનાથી ઇષ્ટસિદ્ધિ થાય.
જ્યાં ઇષ્ટદેવ અભાવ પ્રાર્થના નથી,
ત્યાં ઘમંડ છે તથા સ્વશક્તિનો ખોટો વિશ્વાસ છે.
ઇષ્ટદેવની કૃપા સંપાદન કર્યા વિના કોઈ સિદ્ધિ ન થઈ શકે.
ગણધર ભગવંતો પણ 'નમોત્થુણં' કહીને
સામર્થ્યયોગનો નમસ્કાર મેળવવા પ્રાર્થના કરતા રહે છે,
તે ખરેખર ઉપાય સમજાવે જ.
સ્વયં દ્વાદશાંગી રચનારા મહાપુરુષ પણ આ વાત સમજે
છે કે પરમેષ્ઠિને નમસ્કાર પ્રાર્થના સહિત કરવો જોઈએ.

પ્રાર્થના એ અભિલાષાની અભિવ્યક્તિ છે અને
ઇષ્ટની કૃપાની આવશ્યકતાનો સ્વીકાર છે.

કોઈપણ સાચા સદ્ગુરુની પ્રાપ્તિ પોતાના જ બળે થતી નથી. પોતાના પ્રયત્નની સાથે એ ગુરુ જેમને પ્રાપ્ત થયા છે, તેમની કૃપા-સામર્થ્યના બળે જ થઈ શકે. માટે તેમની પાસે પ્રાર્થના એ સમ્યગ્દર્શનપૂર્વકનું એક સદનુષ્ઠાન સ્વીકારાયેલું છે. પ્રાર્થના દ્વારા પરમેષ્ઠિના જે જે ગુણોની પ્રશંસા કરાય, તે તેમને પામવાની અભિલાષા સહિત જ હોવા જોઈએ. પ્રાર્થના કે પ્રણિધાનના પાંચ ફાયદા અથવા તો અર્થ છે, તેમાં પ્રભાવ અને શક્તિ પરમાત્માનાં સમજવાં:

(૧) પ્રણિધિ : પ્રવચનની આરાધના
(૨) પ્રવૃત્તિ : સન્માર્ગની મજબૂત દૃઢતા
(૩) વિઘ્નજય : વિઘ્નોમાં ય કર્તવ્યતાનો નિશ્ચય
(૪) સિદ્ધિ : શુભાશયની વૃદ્ધિ થતા ઇષ્ટની સિદ્ધિ
(૫) વિનિયોગ : સાનુબંધ શુભાનુષ્ઠાનની પ્રત્યુત્કૃપાદિ પ્રાપ્તિ.

સિદ્ધ શબ્દનું જ્ઞાન - ધ્યાન

સિદ્ધ શબ્દનું જ્ઞાન, સિદ્ધ શબ્દના વાચ્યાર્થનું જ્ઞાન અને
સિદ્ધ શબ્દના લક્ષ્યાર્થનું જ્ઞાન.

વાચ્યાર્થ સિદ્ધ પરમાત્માનો શુદ્ધ સ્થિરતા ગુણ - મૂળ સ્વભાવ,

આત્મપ્રદેશોની હલનચલન વિનાની સ્વરૂપ સ્થિરતા.
સિદ્ધ શબ્દનું લક્ષ્યાર્થ સ્થિરતા ગુણનું પોતામાં પ્રગટ થવું.
વાચ્યાર્થ - લક્ષ્યાર્થનો બોધ થયે પણ અનુભૂતિમાં વિલંબ
લાગી છે. અનુભૂતિ થાય તે જ ધ્યાનની પૂર્ણતા છે.
વાચકનું જ્ઞાન = શબ્દજ્ઞાન. વાચ્યનું જ્ઞાન = અર્થજ્ઞાન.
લક્ષ્યનું જ્ઞાન એ જ્ઞાનનું જ્ઞાન છે.

આગમેનાનુમાનેન ધ્યાનાભ્યાસરસેન ચ । સ્મૃતિઃ
આગમ, યુક્તિ અને સ્વાનુભવથી જાણેલી
વસ્તુ જ જાણ્યું કહેવાય. નહિ અનુભવેલા વસ્તુનું જ્ઞાન તો
કેવળ બૌદ્ધિક યા વાચિક રહે છે, જે જ્ઞાન
વ્યવહારમાં ક્યારેય કાંઈ કોઈના ઉપયોગમાં આવતું નથી.
'શાંતિ' શબ્દનું જ્ઞાન એ શબ્દજ્ઞાન છે,
'શાંતિ' શબ્દના બૌદ્ધિક અર્થનું જ્ઞાન એ અર્થજ્ઞાન છે.
શાંતિનો સાક્ષાત્ અનુભવ એ શાંતિનો લક્ષ્યાર્થ-ઐદંપર્યાર્થ છે.
જેમ ઉદાહરણમાં 'રત્ન' શબ્દ વડે
થતું રત્નનું જ્ઞાન રત્નના ઉપભોગમાં ઉપયોગી નથી.
ઉપભોગ તો ફક્ત અનુભવ વડે જ શક્ય છે.
કોઈપણ વસ્તુ સંપૂર્ણપણે આવડી તો જ કહેવાય,
કે જો તેની સંપૂર્ણ ફળાનુભૂતિ થાય.

તમે એવો નિશ્ચય કરો કે:

ગુરૂની ગુરૂતાના જ્ઞાતા, સત્ય અને અસત્યના ભેદના નિશ્ચેતા તથા ઈશ્વરના અસ્તિત્વના નિર્ણેતા એવા તમે ગુરૂના ગુરૂ, સત્યના સત્ય અને ઈશ્વરના પણ ઈશ્વર છો.

ધ્યેય અને લક્ષ્યમાં શું ફેર?

ધ્યેય કાંઈ દૂર અથવા તો નજર બહાર હોય છે, જ્યારે લક્ષ્ય એકદમ નજીક અને આંખો જ પ્રત્યક્ષ હોય છે.
મન-વચન-કર્મ જેમાં પરોવાયેલાં રહે, તે 'અભિધેય' કહેવાય.
અભિધેય એ સમસ્ત જીવનના ચિન્તનનો વિષય છે,
તે કેવળ ધ્યાન અને દૃષ્ટિનો જ નહિ, કિન્તુ
કૃતિ અને ઉક્તિનો પણ વિષય હોય છે.
જ્ઞાન - કર્મ - ભક્તિ - અનાસક્તિ વગેરે વ્યાવર્તક શબ્દો બાબત ગુણ કરતાં પોતાની જુદી ખાસિયત બતાવનારી છે.
'સામ્ય' શબ્દ વ્યાવર્તક નહિ પણ પ્રદર્શક છે.
જે માનસિક સંતુલન - સામ્યથી મનનું નિયંત્રણ થાય તે 'પરમસામ્ય' કહેવાય છે. મનનું સમાધાન શ્રેષ્ઠ યોગ છે.

ચિત્તનું સમાધાન એ બધા યોગોનું અંતિમ ફળ છે.

સર્વે હિ યોગા મનોનિગ્રહાન્તાઃ। પરો હિ યોગો મનસઃ સમાધિઃ। અર્થાત્: બધા યોગો મનનો નિગ્રહ કરનાર છે.
શ્રેષ્ઠ યોગ મનની સમાધિ છે.

ટૂંકમાં 'પરમ સામ્ય' એટલે બ્રહ્મ.

એ સિવાય જીવનનું બીજું કોઈપણ લક્ષ્ય હોઈ ન શકે.

માનસિક સમાધાન કે સામ્ય એ પ્રાપ્ત કરવા લાયક વસ્તુ છે, પરંતુ પરમ સામ્ય કે બ્રહ્મ પ્રાપ્તવ્ય નથી, કિન્તુ દર્શનીય છે.

એ બ્રહ્મનો તો આવિષ્કાર કરવાનો છે.

ઘુંઘટની પટ ખોલવાનો છે. આંખનાં પડળ ઉતારવાનાં છે. અપરસામ્યોની પ્રાપ્તિ કરી પરમસામ્યનાં દર્શન કરવાનાં છે.

## તત્ત્વમસિ

લક્ષ્મણ એ દશરથના દીકરા અને રામના નાના ભાઈ છે. આમ જોઈએ તો બે વસ્તુ જુદી નથી, એક જ છે. એ બેની વચ્ચે વિરોધ નથી, કિન્તુ જ્યારે કર્તવ્યનો પ્રશ્ન આવે, ત્યારે 'આપે તો ભેદ છાયો' એમ કહેવાથી અર્થ સરતો નથી. 'બેમાંથી એક છું' એવો નિર્ણય કરાય તો જ શું કરવાનું છે, તેનો ફેંસલો થઈ શકે છે. માનવાની વાત અને કરવાની વાત જુદી છે. 'ભાવનાથી પર છું' એમ માનીએ તો જીવન શુષ્ક-નિઃસાર બનવાનો ભય છે. 'બુદ્ધિથી પર છું' એમ માનવા જતાં નિરાધાર બનાય છે. મહાવાક્યના ચિંતનથી મનુષ્ય અનુક્રમે દેહ, મન, ઇંદ્રિયો, વાસના, ભાવના, બુદ્ધિ વગેરે બધાં વળગાડોથી પર થઈ શકે છે અને પોતાની મૂળ સ્થિતિમાં આવી પહોંચે છે.

સર્વ વિઘ્નોને ધારણ - તપસ્યા - અનુભવથી જીતવાં પડે છે.

Imp. ભક્તિમાર્ગમાં જેમ નામસ્મરણની પ્રક્રિયા છે,
તેમ જ જ્ઞાનમાર્ગમાં મહાવાક્યના ચિન્તનની પ્રક્રિયા છે.

નામસ્મરણની પ્રક્રિયા સહેલી છે,
ઘણાને તે મદદરૂપ છે, અનેકને તેથી સાંત્વન મળે છે.
એનાથી અંદર - બહાર બેઉ રીતે દરેકને મદદ મળે છે.
વાક્યના વિચારની પ્રક્રિયા અંદરથી મદદ આપનારી છે.

આ રીતે જોતાં એમ સમજ શકાય છે કે:
ઉપરોક્ત બન્ને પ્રક્રિયા એકમેકથી ઘણી જ નજીક છે.
ખ્યાતિ, સાંખ્ય અને સમ્યગ્દર્શન - ત્રણે અભિપ્રેત છે.

'સમાપત્તિધ્યાન' એટલે અનંતલાભ.

દર્શન - ચારિત્રમય પરમાત્મસ્વરૂપની સાથે પોતાના શુદ્ધ સ્વરૂપની અત્યંત સમાનતાને લઈને 'મારામાં તે સ્વરૂપ છે, અને ભગવાન હું છું' એવા પ્રકારનું અભેદ ધ્યાન. આ સમાપત્તિ યોગીજનોની માતા અને મોક્ષમાર્ગની સાધક છે.

'પરસ્પરોપગ્રહો જીવાનામ્ ।'

આ સંબંધ બતાવનારા સૂત્રને મહાવાક્ય ગણવું જોઈએ.
'ઉપયોગો લક્ષણમ્ ।' ઇત્યાદિ સૌ સ્વરૂપદર્શક સૂત્રો છે,
તે દરેક સૂત્રને અવાંતર વાક્ય તરીકે લેખવા જોઈએ.

ધર્મની શરૂઆત જ સંબંધના જ્ઞાનથી થાય છે.
વિશ્વના જીવમાત્રની સાથે આપણો
પરસ્પર ઉપગ્રહનો સંબંધ રહેલો છે,
એ તત્ત્વજ્ઞાનમાંથી જ અહિંસા, સત્ય, ક્ષમા, દયા,
ઇંદ્રિયનિગ્રહ આદિ ધર્મોની ઉત્પત્તિ થાય છે.
એ સંબંધનો સ્વીકાર કરીને જીવન ઘડવાથી
અધિક તરફથી દયા અને હીન તરફથી દુવા પ્રાપ્ત થાય છે.
એનાથી ભવરોગને મટાડવાનું બળ પણ મળે છે અને
ધર્મ ત્રિકોટિ પરિશુદ્ધ પણ બને છે.

## 3 પ્રકારના જ્ઞાન

(૧) વિષયપ્રતિભાસ: કેવળ ઇંદ્રિયગોચર વિષયોનો પ્રતિભાસ હોય, પ્રવૃત્તિથી થતા તાત્ત્વિક અર્થ-અનર્થનો ખ્યાલ ન હોય. હેય-ઉપાદેયના વિવેકરહિત આ જ્ઞાન મિથ્યાદૃષ્ટિને હોય છે.

(૨) આત્મપરિણતિમાન: જ્ઞાનથી થતી પ્રવૃત્તિના પરિણામનો જેમાં ખ્યાલ છે એવું હેયોપાદેય તત્ત્વના વિવેકવાળું જ્ઞાન. પ્રવૃત્તિ-નિવૃત્તિરહિત આ જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને હોય છે.

(3) તત્ત્વસંવેદનરૂપ: જે તત્ત્વ-પરમાર્થનો સ્પષ્ટ ખ્યાલ કરાવતું હોય તેવું હેયોપાદેયના વિવેકયુક્ત આ જ્ઞાન છે. પ્રવૃત્તિ-નિવૃત્તિસહિત આ જ્ઞાન વિશુદ્ધ ચારિત્રધરને હોય.

ઇંદ્રિયોને વર્ણાદિનું જ્ઞાન થાય છે, તે વિષયરૂપ નહિ પણ જ્ઞાનથી જણાતા મનોજ્ઞ-અમનોજ્ઞ એવા વર્ણાદિ વિષયોમાં ઇષ્ટાનિષ્ટપણું થવાથી ઇષ્ટમાં આસક્તિપણું અને અનિષ્ટમાં વિમુખતાપણું, તે રૂપ ચેતનનો પરિણામ તે વિષય છે. રાગ-દ્વેષરૂપે પ્રવૃત્તિ કરાવતું જ્ઞાન ઇંદ્રિયોના વિષયરૂપ છે.
સ્ફુરણ - ગ્રન્થીનું વિદારણ, વિશ્રામણ - અમૃતપ્લાવન, ધ્યાન - એકતાચિંતન, વિશ્રામ - લય, પરિણામ - પરિણમન.

## વ્યવહાર અને નિશ્ચય

વ્યવહાર અને નિશ્ચય બંને શુભ ધ્યાનના પોષણ માટે છે.

જ્યારે આપણે ઉચિત વ્યવહાર પાળીએ છીએ,
ત્યારે સર્વ જીવોના શુભ ધ્યાનના પોષક થઈએ છીએ,
કારણ કે અનુચિત વ્યવહાર દ્વારા

આપણે કોઈના પણ અશુભ ધ્યાનમાં નિમિત્ત થતા નથી. વ્યવહારનો ભંગ કરવાથી સામાને અશુભ ચિન્તન થવાની સંભાવના રહેલ છે, તેથી તેના શુભ ધ્યાનમાં ભંગ થાય છે. એમ નિશ્ચય પોતાના ધ્યાનનો પોષક છે, અને એ બે સાથે મળીને સર્વ જીવોના શુભધ્યાનના પોષક થાય છે. તાત્પર્ય એ છે કે વ્યવહારથી સર્વ જીવોના શુભધ્યાનને ટકાવવાની જવાબદારી વિશ્વમાં આપણા જ માથે છે.

## ધર્મના ૪ પ્રકારો

(૧) દર્શન-જ્ઞાન-ચારિત્ર (૨) મોહ-ક્ષોભરહિત આત્મપરિણામ
(૩) વસ્તુસ્વભાવ ધર્મ (૪) ક્ષમાદિ દશ ધર્મ.

## ધ્યાનના લક્ષણો

(૧) એકાગ્ર ચિન્તાનિરોધ

સ્મૃતિનું એક પ્રધાન આલંબનમાં સ્થિર થવું તે.

(૨) દ્રવ્ય કે પર્યાય, બેમાંથી એકમાં ચિંતાનિરોધ-સ્થિર સ્મરણ.

(૩) એક જ વિષયમાં સ્મૃતિનું સ્થિરીકરણ થવું તે.

(૪) 'અગ્ર' અર્થાત્ અંગતિ જાનાતિ ઇતિ આત્મા।
જીવાદિ તત્ત્વોમાં આત્મા અગ્ર કે પ્રધાન છે. સંગ્રહનયથી સર્વ આત્મા એક છે. અંતઃકરણની વૃત્તિ આત્મામાં કરવી.

(૫) ચિન્તાનિરોધ - ચિંતાનો અભાવ.

અન્ય વિષયોના ચિંતવના છોડી કોઈ એક વિષયની ચિન્તવના કે સર્વ ચિન્તાઓથી રહિત એક આત્મસંવેદનની જ વૃત્તિ.

(૬) ચિન્તાનિરોધ - કેવળ સ્વસંવેદન,
અન્ય વિષયની ચિન્તાનો અભાવ.

મનમાંથી પણ શરીર બને છે, એના ઉદાહરણરૂપે છે કીટ-ભ્રમર ન્યાય. તેનું અંગ્રેજી નીચે મુજબ થઈ શકે: matter can be formed out of mind.

## શવાસન

(૧) સૌ પ્રથમ તો જમીન ઉપર આસનમાં ચત્તા સુઈ રહો.
(૨) પગના બંને હાથ પોતપોતાની બાજુ ઉપર રાખો.
(૩) આંગળીઓને એમની કુદરતી ઢીલી સ્થિતિમાં રહેવા દો.
(૪) આંખો બંધ કરી મનના સૌ વિચારો દૂર કરવા પ્રયત્ન કરો.
(૫) તમારા શ્વાસોશ્વાસને સાવ કુદરતી રીતે ચાલવા દો.
(૬) ૫-૧૦ મિનીટ કરો. તમામ થાક ઉતરી મન શાન્ત બને છે.
(૭) શવાસન કર્યા બાદ મનથી બંને પગનો વિચાર કરો.
(૮) ચેતના ધીમેથી પગથી ઢીંચણ સુધી આવે છે તેમ વિચારો.
(૯) પછીથી આ ચેતના સાથળના મૂળ સુધી, નાભિ સુધી, ત્યાંથી પછી છાતી વચ્ચે, પછી ગળામાં, પછી બે આંખોમાં, છેવટે એ શક્તિ મગજમાં સ્થિર થાય છે તેવા વિચાર કરો.
(૧૦) આવી સ્થિતિ ધીરેધીરે કરતાં શરીર જડ બને છે. શરીરના શાંત-સ્થિર થવાની સાથે મન ચોક્ખું બને છે. સ્વભાવમાં શાંતિ આવી દિવ્ય આનંદ પ્રાપ્ત થાય છે. આવા સ્થૈર્યથી વિચારમાં મૂળ પરિવર્તન પણ આવે છે. દેહ મનમાંથી ચિન્તા અને વળગણના વમળો દૂર થાય છે. આ રીતે મન ઊંડાણમાં ઉતરવાથી સાધકના વ્યક્તિત્વમાં કંઈ કેટલાયે આવકારદાયક પરિવર્તનો આવતાં જાય છે.

અધ્યાત્મયોગ = આત્માને વિષે આત્માને જોડનાર યોગ.

(૧) જપ - અર્હમ્, અર્હ, આલંબનનું ધ્યાન રાખી કરવો તે.

(૨) દેવાદિવંદન - તદ્ગતચિત્ત રાખી, સમયવિધાનાદિથી.

(૩) મૈત્ર્યાદિચિંતન - મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષા.

(૪) ઔચિત્યાલોચન - યોગશુદ્ધિ, જનવાદ, ઉપશ્રુતિ.

(૫) આત્મસંપ્રેક્ષણ - શરણાગમન, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન.

(૬) સમ્યક્પ્રતિક્રમણ - કૃત્યાકૃત્યરક્ષણ, વિપરીત પ્રરૂપણા.

ભાવનાના ૫ પ્રકાર

(૧) શ્રુત - નિત્યાનિત્ય, એકાનેક, સામાન્યવિશેષ, દ્રવ્યપર્યાય, સદસદ્ વિષયક શ્રવણ.

(૨) તપ - ૬ બાહ્યતપ (ફોતરાં), ૬ આંતરતપ (ચોખા).

(૩) સત્ત્વ - અનિત્યત્વાદિ ૧૨ ભાવના ભાવવી તે.

(૪) એકત્વ - ૧૪ રાજલોકમાંના સર્વ જીવ એક છે.

(૫) તત્ત્વ - આત્મભાવનાનું નિરંતર ધ્યાન કરવું તે.

The method of realising the absolute is known as the secret path of the heart. What is there more to say? One should experience it intuitively.

## માતાના ૩ ગુણ: ક્ષાંત - દાન્ત - શાંત

પુત્રના અપરાધ પ્રત્યે માતામાં 'ક્ષાંત' નામે ગુણ હોય છે, પુત્રની મમતાના કારણે ઇંદ્રિયોને દમન કરનારી માંમાં 'દાન્ત' ગુણ હોય અને પુત્રમાં અટંતાના કારણે દુઃખ આવે ધૈર્ય ધારણ કરનારી માતામાં 'શાન્ત' ગુણ હોય છે. માતાના આ 3 ગુણ જેમ પુત્રને અનુલક્ષીને હોય છે, તેમ સમ્યગ્દ્રષ્ટિ જીવરાશિ પ્રત્યે એ 3 ગુણવાળા હોય છે. જીવનશોધનની ઊંડી ચર્ચાને 'તત્ત્વજ્ઞાન' કહેવાય છે.

રજોગુણ કે તમોગુણ એકાંતે હેય નહિ.

પુષ્કળ કામ કર્યું હોય તો શરીર કે ચિત્તને આરામ આપવા, થાકનું શમન કરવા તમોગુણનો આશ્રય લેવો પડે છે. આવો તમોગુણ એ રજોગુણની અતિશયતાથી જન્માવે છે. સત્ત્વગુણના પાટાઓ, તમોગુણના ડબ્બાઓ તથા રજોગુણના એન્જિનથી જીવનની ગાડી સારી રીતે ચાલશે. માર્ગદર્શન માટે સત્ત્વગુણ, ગતિને માટે રજોગુણ અને શાંતિ, આરામ કે સ્વસ્થતાને માટે તમોગુણ જોઇએ. ગુણદોષ બુદ્ધિના સ્તર સુધી હોય, આત્મા બુદ્ધિથી પર છે. આટલું સ્પષ્ટ જાણતા હોવાથી જ્ઞાની સ્વભાવમાં જ રહે છે. મનુષ્યના ગુણવિકાસ માટે સત્ત્વગુણનો આધાર મનાયો છે.

પણ જો તેનો અહંકાર થશે તો આત્મસ્વરૂપથી વિચ્છેદ થાય છે, માટે સત્યગુણને અહંકારથી બચાવવો જોઈએ. સત્યગુણને આમ તો અહંકાર હોતો નથી, પણ જ્યારે અહંકાર થશે કે તેમાં તમોગુણ ભળી ગયો સમજવો. એ તો સાધારણ તમોગુણ કરતાં પણ વધુ ખરાબ છે.

જ્ઞાન એ આત્માનો ગુણ છે.

આત્મજ્ઞાન એ કોઈ ગુણવાચક નથી, એ સ્વરૂપ છે. આત્માને જ્ઞાન હોતું નથી. આત્મા સ્વયં જ્ઞાનરૂપ છે.

હિતચિન્તાના વિષયમાં એક પણ જીવ જો બાકી રહે,

તો તેને તેટલું અહિત ભુલવું જ રહેવાનું.

એક પણ જીવ અભયદાનમાંથી બાકી રહે તેટલો ભય રહેવાનો. એ રીતે ઉપકાર્ય તરીકે પણ સર્વ જીવો વિષય ન બને

તો પોતાનો ઉપકાર તેટલો અધૂરો જ રહેવાનો.

એમ જે જે ગુણ આત્માને ઇષ્ટ છે,

તેનું અન્ય જીવોને દાન ન થાય,

ન્યૂન જીવોને દાન થાય તેટલું અધૂરું જ રહે. માટે જ હિતચિંતાદિ સર્વ જીવ વિષયક અનિવાર્ય છે, કેમકે અમુક જીવની હિતચિંતામાં અર્થાપત્તિએ અમુકની અહિતચિંતા આ ઉપેક્ષા રહેવાની જ અને તેટલો પ્રત્યવાય પોતાને જ થવાનો.

એ કુદરતી ભક્ષ્યની પ્રાપ્તિ માટે ઉપહારની મુખ્યતા છે અને તેથી જ 'પરમાર્થમાં સ્વાર્થ છે' એ વાત યુક્તિયુક્ત અને અસંદિગ્ધ પણ છે. 'પરસ્પરોપગ્રહો જીવાનામ્ ।' એ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ સૂત્રનો મતલબ પણ આ જ છે. વિચાર એ ગુણથી મપાય છે, સંખ્યા અથવા આકારથી નહિ. સંખ્યા કે આકાર કરતાં તો ગુણને જ વધુ મહત્ત્વ છે.

प्रकृतिः शरीरस्य । आत्मसंजातकारिणा ।
वेगस्येशमनं स्वधर्मेण, स्वाभाविकत्वात् ।
निद्रा समाधेः स्थितिः ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तयेत् ।
आत्मध्यानादपि निवर्तेत् । (परिशिष्ट-२३)

## પ્રેમ અને સ્નેહ

દુઃખને દમવું, સુખને શમવું અને અપરાધને ખમવું એ સ્નેહનું કાર્ય છે. સ્નેહનો પરિણામ અપરાધને ગળી જાય, દુઃખને સહી લે છે અને સુખને તજી શકે છે. માતાના સ્નેહમાં રહેલું વાત્સલ્ય પુત્રના સુખે સુખી, દુઃખે દુઃખી અને અપરાધ પ્રત્યે સહાનુભૂતિ દાખવી શકે છે. પુત્રનું સુખ એ પોતાનું સુખ, પુત્રનું દુઃખ એ પોતાનું દુઃખ અને પુત્રનો દોષ એ પોતાનો દોષ માતા જ માની શકે છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવ પણ જીવનના દુઃખ ઉપર દયાવાન,
સુખ ઉપર પ્રમોદવાન અને પાપ ઉપર ક્ષમાવાન રહી શકે છે.
તે ધર્મપુરુષ-પ્રેમપાત્ર હોવાથી એકસાથે માતા, પિતા, મિત્ર,
બંધુ, સ્વામી અને ગુરુની ઉપમાને પામી શકે છે.

ધર્મ એ જ્ઞાન કે ક્રિયાનું નામ નથી,
પણ તેની પાછળ રહેલા સ્નેહનું નામ છે.
જ્ઞાન અને ક્રિયા તો એ સ્નેહને પેદા કરવાનું અને
અભિવ્યક્ત કરવાનું એક સાધન માત્ર છે.

જે જ્ઞાન સ્નેહપરિણામને સર્વ પ્રત્યે પેદા કરી આપી
શકે અને જે ક્રિયા સર્વ પ્રત્યે સદ્વર્તન રખાવી શકે
તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન અને તે ક્રિયા સમ્યક્ક્રિયા છે.
આ જગતમાં સૌથી મહત્ત્વની વસ્તુ સ્નેહપરિણામ છે.

જ્ઞાન અને ક્રિયાનું મહત્ત્વ પણ
સ્નેહપરિણામના કારણ અને કાર્ય તરીકે વખણાય છે.
જે જ્ઞાન સ્નેહપરિણામને ન વિકસાવી શકે, તે જ્ઞાન
અજ્ઞાન અને વૈરપરિણામ વિકસાવે, તે અસત્જ્ઞાન છે.

જે ક્રિયા સ્નેહપરિણામને અભિવ્યક્ત ન કરે,
તે ક્રિયા એ અક્રિયા અથવા અસત્ક્રિયા છે.
સ્નેહપરિણામ એ જ ધર્મનું મૂળ અને સમ્યગ્દર્શન છે.

અનાદિ ભવચક્રમાં તેની પ્રાપ્તિ ન થવાથી જીવ ભવભ્રમણા કરે છે.
મૈત્ર્યાદિનું સંવેદન અને ગુરુલાઘવ વિજ્ઞાન જાગ્યા
પછી જ જીવનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાનની ઉપમા પામે છે
અને તેની ક્રિયા એ સમ્યક્ક્રિયાની પ્રસિદ્ધિ મેળવે છે.
ઇષ્ટપરિણામને વિકસાવનારું જ્ઞાન મેળવવું જોઈએ અને
ઇષ્ટપરિણામને પુષ્ટ બનાવનારી ક્રિયા કરવી જોઈએ
તો જ 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' એ સૂત્ર સાર્થક બને.
પ્રેમ એ ક્રિયા નથી, પ્રેમ તો સત્તાની એક સ્થિતિ છે.
અહિંસા એ પ્રેમનો અભાવ નથી, સંબંધનો અભાવ છે.
પ્રેમ સંબંધ નથી, સ્થિતિ છે. અહિંસા એટલે વીતરાગ પ્રેમ,
જેમાં રાગ, વિરાગ, આસક્તિ કે વિરક્તિનો અભાવ છે.
અહિંસા શબ્દ નકારાત્મક છે, અહિંસા નકારાત્મક નથી.
હિંસા નકારાત્મક છે, કેમકે તે સ્વભાવનો વિરોધ છે.
હું મારા પ્રતિ હિંસા કે અપ્રેમ ન ચાહું, કોઈમાણસ ન ચાહે.

પ્રત્યેકને પ્રેમની જ તૃષા છે, અપ્રેમની નહિ.

જો આપણી ચાહનાને આપણે સમજી લઈએ તો પ્રત્યેક
ચાહનામાં સ્વરૂપ પ્રત્યે જવાનો સંકેત જણાઈ આવે છે.

હું પ્રેમને ચાહું છું, માટે મારું સ્વરૂપ પ્રેમ છે.
હું આનંદને ચાહું છું, માટે મારું સ્વરૂપ આનંદ છે.

હું અમરત્વને ચાહું છું, માટે મારું સ્વરૂપ અમૃત છે.
હું પ્રભુત્વને ચાહું છું, માટે મારું સ્વરૂપ પ્રભુમય છે.

હું ચાહું છું તે જ પ્રત્યેક પ્રાણ ચાહે છે.

આ અનુસંધાન ચાહના એ સ્વરૂપની જ ઉદ્ઘોષણા છે.

*Negative is destructive.*

અહિંસા એ જીવનની ઘોષણા છે, પ્રેમ એ જીવન છે.

અહિંસામાં હિંસાની નિષેધાત્મકતાનો નિષેધ છે.

*Two negatives make one positive.*

'અહિંસા' શબ્દમાં વિધાયકતા પ્રત્યે સંકેત છે, હિંસાની નિષેધાત્મકતા અને સ્વભાવની વિરોધાત્મકતાનો નિષેધ છે.
નિષેધના નિષેધથી વિધાયકતા કે *Positivity* ફલિત થાય છે.

'અહિંસા' શબ્દના ખોળિયા પાછળ
પ્રેમની વિધાયકતાનો પ્રાણ છે, અંતે ખોળિયું નિઃસાર છે.

'અહિંસા' શબ્દની રાખ પાછળ
છુપાયેલી પ્રેમની જીવંત આગ છે.

અપ્રેમ એ વિધ્વંસ છે, જ્યારે પ્રેમ એ તો સર્જન છે.
પ્રેમ એ જીવનમાં સર્જનનો સ્રોત - *creation* છે.
મુક્તિનો પ્રેમ અર્થાત્ શુદ્ધિનો પ્રેમ અને પૂર્ણતાનો પ્રેમ.
એ પ્રેમ ભાવનાઆશ્રયે બને, બાહ્યક્રિયાના આશ્રયે નહિ,

કોઈક ક્રિયામાં અમુક મર્યાદાનો અભાવ વધવાનું છે નહિ
અને અંતિમ અહિંસા કોઈ એ ક્રિયાસ્વરૂપ નહિ પણ
અનંત જ્ઞાન - દર્શન - ચારિત્રમય પરમ શુદ્ધ ભાવરૂપ છે,
માટે તેના ઉપાયભૂત ધર્મ એ પણ ભાવરૂપ તત્ત્વ છે.

સર્વાત્મકતા માટે પ્રેમથી અધિક શ્રેષ્ઠ અને
તેનાથી વિશેષ અભિવ્યંજક વસ્તુ શોધવી કઠિન છે.

પ્રેમ એ સાક્ષાત્ પરમાત્મા છે અને
સાક્ષાત્ પરમાત્મતત્ત્વ એ પ્રેમ છે.

હિંસા ન કરવી તે જ અહિંસા, શત્રુતા ન હોવી તે જ પ્રેમ
એટલું નહિ, કિન્તુ તેથી પણ કંઈક અધિક છે.

અહિંસાની ઉપલબ્ધિ કેવળ હિંસાનિષેધ અને હિંસાત્યાગમાં
પરિસમાપ્ત થાય, તો તેના પરિણામ ઘાતક આવે છે.

નિષેધ અને નકારની દૃષ્ટિ જીવનનો વિસ્તાર નહિ
પણ સંકોચ લાવે છે, તેથી વિસ્તાર અને મુક્તિ નહિ
પણ સંકોચ અને બંધન ફલિત થાય છે તથા એ
વિરાટ ફલકમાં વિસ્તૃત નહિ પણ ક્ષુદ્ર ઘટમાં સીમિત થાય છે.

જે સરિતા સાગર સુધી પહોંચી શકી હોત, તે
સરોવર બનીને સુકાવા લાગે છે.

ચારિત્રગુણનું મૂળ સ્નેહપરિણામ છે અને તે સમસ્ત

જીવરાશિ પ્રત્યે પ્રગટ કરુણાથી જ સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વવિરતિની તીવ્ર અભિલાષા જાગે છે. જીવરાશિ પ્રત્યે આત્મતુલ્ય સ્નેહપરિણામ શૂન્ય ચારિત્ર તો અભવ્યને પણ અનંતવાર આવે છે, તેનું કશું જ મહત્ત્વ નથી તથા એની વિશેષ ચર્ચા શ્રી ઉપદેશપદાદિ ગ્રન્થોમાં આપેલ છે.

o

You can acquire truth only by practice.
The ages have witnessed the
stars in their orbits, but this day
hath no age witnessed.
It is a new appearance, a new reality.
Blessed is he who has no wrongs
to remember, no injuries to forget,
in whose pure heart no hateful
thought about another
can take root and flourish.

o The effect will always be of the
same nature as the cause.

o In the dark time of sorrows,
men approch very near to truth.

## અહિંસા - દયા - મૈત્રી

પોતાની વાસનાને અનર્થકારી માને અને વિષયોને અનર્થકારી ન માને તો 'હું વાસના નહિ રાખું, વિષયો ભલે મારી પાસે રહે,' આવી ભ્રમણામાં જીવ આવી જતો હોય છે.

વાસના જેમ ત્યાજ્ય છે,

તેમ તેના હેતુભૂત વિષયોને પણ ત્યાજ્ય માનવા જોઈએ. એ જ રીતે 'પરપીડા ત્યાજ્ય છે' એમ માન્યા પછી પણ એ જીવો પ્રત્યે મૈત્રીભાવ નહિ હોય, 'એ જીવો દુઃખમુક્ત અને પાપરહિત બનો' એ ભાવના નહિ હોય, તો જીવોને દુઃખ નહિ આપવારૂપી પ્રવૃત્તિઓ પણ ટકી શકશે નહિ.

જેમ વાસના અને વિષયો ઉભય ત્યાજ્ય છે,

તેમ અહિંસા અને મૈત્રી ઉભય ઉપાદેય છે.

મૈત્રી વિનાની અહિંસાનું પાલન અભવ્ય જીવોને પણ અનંતવાર ઉત્કૃષ્ટપણે હોય છે, છતાં સંસારનો એક અંશ પણ ઘટતો નથી, તેમ અહિંસા કે દયાનું પાલન અનંતવાર થાય તો પણ જે જીવોની અહિંસા કે દયા પાળવામાં આવે છે, તે જીવો પ્રત્યે મૈત્રી કે સ્નેહનો પરિણામ નહિ હોય તો તેનો સંસારભ્રમણ સહેજ પણ ઓછો થવાનો નથી.

'ધર્મબિન્દુ'માં ધર્મના લક્ષણમાં મૈત્રી કહી છે.

‘શાસ્ત્રવાર્તા’ ગ્રન્થમાં મૈત્રીને
ધર્મના હેતુ સિદ્ધ કરવાનાં ૩ સાધનોમાંની એક કહી. વળી
‘અષ્ટકજી’માં પુણ્યાનુબંધી પુણ્યના ૪ ઉપાયોમાં પ્રથમ જ
ભૂતદયા કહી છે. ‘યોગદૃષ્ટિ સમુચ્ચય’માં સજ્જન પુરુષના
લક્ષણોમાં દુઃખિત પર અત્યંત દયા કહી છે. દુઃખી પર દયા ન
આવે તે તીવ્ર સહજમલનો પ્રભાવ - રાગદ્વેષનું પરિણામ છે.
તુચ્છ સ્વાર્થ એ લંપટતા - રાગાંધદશાની ઉત્કટ અવસ્થા છે.
બીજા જીવોને દુઃખ દેવું એ ધર્મની વિરૂદ્ધ છે, તેમ બીજાના
પ્રત્યે સ્નેહભાવ ન હોવો એ ઉગ્ર મિથ્યાત્વનો ઉદય છે.
સ્નેહભાવનાં લક્ષણોમાં ‘કોઈપણ જીવ પાપ ન કરો, દુઃખી
ન થાઓ તથા કર્મબંધનમાં ન આવો’ એવો વિચાર છે.
એ વિચાર આવવામાં કર્મબદ્ધ જીવો પણ સ્વરૂપથી સિદ્ધ
સદૃશ છે. એમની એ અવસ્થાનો વિચારમાત્ર પણ સિદ્ધ
પદ અપાવવા સમર્થ છે, તેથી તે જીવો માનનીય અને
આદરણીય છે. તેમનું તે સ્વરૂપ અત્યંત ઉપાદેય પણ છે.
ઉપાદેય તત્ત્વમાં ઉપાદેયપણાની ભાવના ન આવે અને
હેય કે ઉપેક્ષ્યની ભાવના રહે, તો
તે ભાવના સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનીની ઘાતક છે,
સમ્યગ્દર્શની અને દર્શનીની નિંદક તથા આશાતના વર્ધક છે.

'મધ્યસ્થાષ્ટક'માં કહ્યું છે કે:

જીવદયારૂપી ધર્મનું ભાન જે મૂળ ઠેકાણે હોય તો જીવોમાં જીવત્વની, શિવત્વની અને આત્મ-પરમાત્મ-સાદૃશ્યની દૃઢ ભાવના છે. એને દૃઢ કર્યા વિના પળાતી દયા જે અહિંસા એ કુલટાનારીના વ્રતની ક્રિયાતુલ્ય તુચ્છ અને અસાર છે.

ધર્મબુદ્ધિ જ ધર્મભાવને ટકાવનારી ક્રિયા છે.

પરને વિષે મન તે ચિંતાસ્વરૂપ છે અને આત્માને વિષે મન તે સમાધિસ્વરૂપ છે.

યદ્યપિ મૈત્રીભાવના સર્વ વિષે છે, તો પણ પ્રવૃત્તિને અનુકૂળ મૈત્રીભાવના અપુનર્બંધકાદિ આશ્રિત જ કરી છે.

## પરસ્પરની મૈત્રી

મૈત્રી આદિ ચારે સૌના શુભભાવોનું પોષક બળ છે. 'જેના પ્રત્યે અત્યારે આપણને મૈત્રી છે, તેના મનમાં કદાચ મૈત્રી ન હોય તો પણ આપણા મૈત્રીભાવ તેના મનમાં વિકસતી અમૈત્રી અટકી જાય છે અને ભવિષ્યમાં, જન્માંતરમાં બંને જીવો ભેગા થતાં જ પરસ્પરની મૈત્રી વિકસે છે'. આ નિયમ ભવ્ય જીવોના યોગમાં અવશ્ય લાગુ પડે છે, કિન્તુ અભવ્ય જીવોના યોગમાં કદાચ લાગુ ન પણ પડે. જડ અને પાષાણાદિના ભવમાંથી બંને તારવા શકાય છે.

ભગવાન ઉપર આધાર રાખનાર જો ભક્ત જીવ હોય,
તો તે કાળાંતરે ભગવાનની મૌજથી મૌજને પામે જ છે.
ભક્તના સ્વભાવમાં મૌજ છે, તેથી તે કોઈપણ કાળે પ્રગટ થાય.
અભક્ત જીવોને પણ દેવલોકાદિનાં સુખો આપનાર
તાત્ત્વિક રીતે તો મહાપુરુષોના ભાવનો પ્રભાવ જ છે.
અભક્ત જીવો જે દ્રવ્યારાધના કરે છે,
તે પણ મહાપુરુષોના ભાવ વિના સંભવતી નથી.
જીવમાત્રના સુખની અંદર હેતુરૂપે સ્વરૂપથી અને
ફળરૂપે મહાપુરુષોની મૌજ છે જ.
તાત્ત્વિક રીતે વિચારીએ તો મૌજ અને સુખ
બંને એક જ વસ્તુના શબ્દપર્યાયો છે.
જેના મનમાં મૌજ નથી, તે નિયમા દુઃખી હોય છે.
મૌજ જ ચિત્ત પ્રસન્નતા છે અને
મૌજનો અભાવ એ જ ચિત્તચિંતા કે ચિત્તદવાગ્નિ છે.

## મૌજ જ બીજ અને એ જ ફળ

(૧) આપણું મન તે ભૂમિશુદ્ધિ. (૨) મૌજભાવ તે બીજ. (૩) મહાપુરુષોનો ભાવ તે વર્ષા. (૪) મૌજમાં આપણો પ્રયત્ન તે કૃષિ. (૫) સ્વભાવનું સુખ તે અંકુર. (૬) આપણા મૌજથી બધાના મનમાં પરિણામે મૌજનો પ્રાદુર્ભાવ તે ફળ છે.

जो જગતમાં મહાપુરુષોના મનમાં सर्वेऽपि सन्तु सुखिनः।
ઇત્યાદિ ભાવ ન હોત તો કોઈપણ જગ કદાપિ કોઈપણ
પ્રકારનું સુખ ન જ પામી શકત. મહાપુરુષોના હૃદયમાં
રહેલ સુખની ભાવનાથી જગતમાં સુખ પ્રગટ થાય છે.
धास्तु तेषां सर्वेऽपि मुक्तिसुखमवाप्नुवन्तु।

## સુખ - દુઃખ

મનનું સુખ - દુઃખ એ બાહ્યનું સુખ - દુઃખ નથી.
માનસિક સુખ - દુઃખની વ્યાખ્યા અને
જીવનની દૃષ્ટિએ સુખ - દુઃખની વ્યાખ્યામાં ઘણો ભેદ છે.
શરીરને સુખ આરોગ્યથી છે, ભોગથી નહિ.
આરોગ્યને સુખ ઔષધથી છે, ખોરાકથી નહિ.
જે સુખોથી મનને હર્ષ થાય છે, તે ખરું સુખ નથી.
ખરું સુખ શાંતિમાં છે, ચિત્તના ખળભળાટમાં નહિ.
'આત્મસુખ' એટલે અસ્તિત્વનું સુખ.
પોતાની એકાંતિનો કદી કંટાળો આવતો નથી.
એકાંતિનું ભાન અને એકાંતિનું સુખ બે વસ્તુ એક નથી.
ભાન એ વૃત્તિ છે, એકાંતિ એ સુખ છે.
શાંતિનું, નિરુપાધિકતાનું, અક્ષુબ્ધપણાનું અને
નિર્વિકારીપણાનું સુખ સામાન્ય સુખોથી જુદું છે.

તે જ સુખને નિત્યસુખ, આત્મસુખ, ચિત્સુખ કહે છે.
તેને સત્સુખ પણ કહેવાય.

એને ઓળખાવવા માટે સચ્ચિદાનંદ અથવા નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ પણ કહે છે, બોધ એટલે આત્મામાં સ્થિર થઈ ચરતાં તે સુખ આવતું મળે છે, તેથી 'જેની પ્રજ્ઞા સ્થિર થઈ, તેનું જીવન સુખી થયું' એમ કહ્યું છે. સિદ્ધોમાં રહેલા સ્વપર બાધાનિવારક શક્તિના કારણે સદા સુખ પ્રવર્તે છે અને તે વસ્તુનો નિગોદમાં સર્વદા, અભાવ હોવાથી સદા દુઃખ વર્તે છે. નિગોદમાં સ્વપર-ઘાત પ્રવૃત્તિ નથી તો પણ સ્વપર બાધાનિવારક શક્તિનો પ્રાદુર્ભાવ કરવામાં જે પુરુષાર્થ જોઈએ, તેનો અભાવ અને પ્રમાદ વર્તે છે, તેથી તેઓને દુઃખનો મહાદંડ ભોગવવો પડે છે, એ પ્રકારનું અનુમાન થાય છે.

કોઈપણ કાર્ય કારણ વિના થતું નથી.

દરેક બાબત વિશ્વના કાર્યકારણના વિધાનને અનુસરતી હોવી જોઈએ. નિગોદના જીવો સ્વપર ઘાત કરતા નથી, તેમ સ્વપર બાધાનિવારક પ્રવૃત્તિ પણ કરતા નથી. સ્વપર બાધાનિવારક શક્તિનો વિકાસ જ સુખપ્રાપ્તિનું સાધન છે. તેનું જ બીજું નામ પરોપકાર કે વિશ્વ મૈત્રીભાવ છે.

એ જ કારણોસર જગતરાશિના ઉત્થાનમાં
મરજીયાત કે ફરજીયાત પરોપકારવૃત્તિ તો જરૂરી છે જ.
ક્રિયાથી ભેદ, ભાવથી અભેદ અને જ્ઞાનથી ભેદાભેદશૂન્ય
એ ત્રણે પરસ્પર મળીને કાર્ય થાય છે.

જો મન, બુદ્ધિ અને ચિત્તવૃત્તિ અંતર્મુખી બને, દિલમાં
અંશમાત્ર પણ અહંકાર ન રહે અને પ્રાણીમાત્ર પ્રત્યે
સમભાવ કેળવાય તો શબ્દાતીતનો અનુભવ થાય જ.
હું જ્યાં સુધી મને ન જાણી શકું, ત્યાં સુધી શબ્દાતીત
મને નહિ મળવાનું. સ્વયંને જાણવાની કુંચી બ્રહ્મવિદ્યા છે.
બ્રહ્મવિદ્યા એ પરાવિદ્યા - વિશ્વવિદ્યા એ અપરાવિદ્યા છે.

એકોઽહં બહુસ્યાં । એ અપરાવિદ્યા છે.

સર્વં ખલ્વિદં બ્રહ્મ । એ પરાવિદ્યા છે.

પરાવિદ્યા અદ્વૈતનો અને અપરાવિદ્યા દ્વૈતનો બોધ કરે છે.
ભેદમાંથી અભેદની સાધના માટે એકાકાર સોઽહં છે.
વૃત્તિની જ્ઞાનનિષ્ઠા એ બ્રહ્મવિદ્યાની ચરમ સીમા છે.

જેનો સંકલ્પ મોટો, તે મનુષ્ય પણ મોટો.

જગતના સુખ માટેનો સંકલ્પ એ શ્રેય છે,
પોતાના સુખ માટેનો સંકલ્પ એ પ્રેય છે.

પરાર્થવૃત્તિવાળાનો સંસાર પણ શ્રેય માટે થાય છે, જ્યારે
સ્વાર્થવૃત્તિવાળાની ભક્તિ પણ પ્રેય માટે થાય છે.

આશામાં જે આનંદ છે, તે સિદ્ધિમાં નથી.
આશાથી સિદ્ધિ ચઢિયાતી નથી, સિદ્ધિથી આશા ચઢિયાતી છે.

## બુદ્ધિથી બોધ

હું નિર્મળ પરિશુદ્ધ આત્મા છું,
એનું વિસ્મરણ એ સ્મૃતિભ્રંશ છે.
ઉચિત સ્મરણ અને વિસ્મરણ મળીને સમ્યક્સ્મરણ થાય.
આત્મનિષ્ઠતા ગુમાવવા તેનું નામ બુદ્ધિનાશ છે.
બાળકોમાં સંપૂર્ણ આત્મવિસ્મૃતિ રહેલ છે.
ક્રોધ-ક્ષોભ-વિષાદ-અપ્રસાદ-પ્રસન્નતાના વિરોધી છે.
આદિ-બાળ-રજ, મધ્ય-શાન્ત-સ્વરૂપ,
અંત-કુટિલ-અનુબંધ.
દિવસ એ રજોગુણનો, રાત એ તમોગુણની અને
સંધિકાળ એ સત્ત્વગુણનો પ્રતિનિધિ છે.
સત્ય-અસત્ય-આત્મત્વ અનિશ્ચિત છે.
સંયમ વિના બુદ્ધિ, બુદ્ધિ વિના ભાવના,
ભાવના વિના શાંતિ અને શાંતિ વિના સુખ છે નહિ.
બુદ્ધિથી બોધ, ભાવનાથી ભક્તિ-પ્રેમ ઉત્પન્ન થાય છે.
બોધને પ્રેમનું રૂપ પ્રાપ્ત થાય છે અને
ભાવનાને ભક્તિનું રૂપ પ્રાપ્ત થાય છે.

જીવ સ્થિર થાય એટલે તે એટલો બધો ગમવા લાગે છે કે નિત્ય - નિરંતર મન તેમાં જ રમવા લાગે છે.
એમ થતાં બોધનું રૂપાંતર પ્રેમમાં થાય છે,
તેથી ભાવનાનો અર્થ ભક્તિ પણ કરી શકાય.
બોધ જ્યારે પ્રેમનું રૂપ લે છે, ત્યારે શાંતિ વધે તથા
આપત્તિ પણ સંપત્તિનું રૂપ લઈ લે છે.
બોધ વગર ભાવના કે ભક્તિ નહિ અને
ભક્તિ વિના શાંતિ કે સુખ નહિ.
સામાન્ય વ્યવહારમાં જે બુદ્ધિનો ઉપયોગ થાય છે,
તે તો બુદ્ધિની એક શક્તિ છે, તર્કબુદ્ધિ છે.
આંતબુદ્ધિ એ આત્મસ્મૃતિ છે. આત્મબોધ આત્મામાં જ
રહેવો જોઈએ, અન્ય કોઈપણ પ્રકારના વ્યવસાયમાં નહિ.
વ્યવહારમાં રહી આત્મબોધને ટકાવવો કઠિન જરૂર છે
પણ અશક્ય નહિ, કેમકે તે કૃત્રિમ નહિ, કિન્તુ સત્ય છે.
બુદ્ધિને અનુકૂળ મન અને મનને અનુકૂળ ઈંદ્રિયો રહેય,
તો જીવનનો વ્યવહાર આત્માને અનુકૂળ થાય છે.
એથી વિપરીત ઈંદ્રિયોની પાછળ મન અને
મનની પાછળ બુદ્ધિ જાય તો અનર્થકારક થાય છે.
આત્મશ્રદ્ધા એ અહંકાર નહિ પણ જ્ઞાન છે. વિશ્વની
તમામ સંસ્કૃતિ આત્મશ્રદ્ધા ઉપર જ અવલંબી રહેલી છે.

સં. ૨૦૨૯ મહાસુદ-૧૦, ગુરુવાર, પ્લોટ, જામનગર

શ્રી ટાંકલા પાર્શ્વનાથાય નમઃ ।

ધર્મ ભલે જુદા હોય, માનવની લાગણી જુદી હોતી નથી. લાગણી કે ભાવના એ વિજળી અને વરાળની જેમ એક પ્રચંડ શક્તિ છે. તેનો યથાર્થ ઉપયોગ કરવાનું કાર્ય બુદ્ધિનું છે. લાગણી ઉપર બુદ્ધિનો કાબુ હોય તો તે અનંત કલ્યાણ કરે. જડવાદી પંચભૂતનું પરિણામ ચૈતન્યતત્ત્વને માને છે, જ્યારે અનાત્મવાદી જીવ તો આત્માને જ માનતો નથી. હૃદયને વિશ્વાત્માના હૃદય સાથે એક કરવાનો પ્રયાસ હૃદયપૂર્વક અને સતત થાય, પછી જ સર્વ જીવોના પરિણામે એક પ્રકારની મીઠાશ અને પ્રેમનો ઉભરો, તથા આનંદ અને નિરાંતનો અનુભવ થવા લાગે છે. વારંવાર આવા અનુભવોના અંતે આધ્યાત્મિક વતનની સુઝ માટે જરૂરી એવા શાંતિ, ધીરજ અને બુદ્ધિ સ્ફુરે છે.

तित्थयरे भगवंते अणुत्तरपरक्कमे अमियनाणी ।
तिण्णे सुगइगइगए सिद्धिपहपदेसए वंदे ॥१॥ (परिशिष्ट-२४)

તરિતા = સાધુ - સંઘ - દર્શન જ્ઞાનાદિમાન.

તરણં = સમ્યગ્દર્શનાદિ રત્નત્રય.

તરણીયં = ભવસાગર - ભવોદધિ.

પંકદાહપીપાસાનાપહારં કરોતિ યત્ ।
(યત્) તસ્યાર્ચ સાધનં તથ્યં તીર્થમિત્યુચ્યતે બુધૈઃ ॥
(પરિશિષ્ટ-૨૫)

સર્વવિદ્યાસ્મૃતાવાદૌ વાચ્યા પૂર્ણા નમસ્કૃતિઃ । અર્થાત્ સર્વ વિદ્યાને યાદ કરતાં પૂર્વે સૌથી પહેલાં તો સૌ સાધકે સંપૂર્ણ નમસ્કાર મહામંત્ર બોલવો જોઇએ.
- સિંહતિલકસૂરિકૃત વર્ધમાન વિદ્યાકલ્પ, પૃ-૧૦

દરેક આત્મા ભાવથી - તત્ત્વથી પરમાત્મા છે. અંદર રહેલા આ પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરવો એ ધ્યેય છે. આ ધ્યેયને કર્મ - ભક્તિ - યોગ તથા તત્ત્વદર્શનથી એક યા અનેક સાધનો વડે અથવા તો સર્વ સાધનો વડે સિદ્ધ કરો. ધર્મનો આ સાર છે. સિદ્ધાન્તો, માન્યતાઓ, ક્રિયાકાંડો, ધર્મગ્રન્થો, મંદિરો, પ્રતીકો - આ બધા ગૌણ વસ્તુઓ છે.

## થોડા પ્રશ્નોત્તર

(૧) સાધક માટે જીવનમાં તજવા જેવી વસ્તુઓ કઇ ? જીવને અધોગતિમાં નાંખનાર કનક - કાન્તા, કંચન-કામિની.
(૨) બંધાયેલો કોણ ? પાંચ વિષયોમાં આસક્તિવાળો.
(૩) સ્વર્ગમાં જવા પગથિયું કયું ? સૌ તૃષ્ણાઓનો ક્ષય.
(૪) છુટેલો કોણ ? વિષયો પ્રત્યે વૈરાગ્ય આવેલો છે, તે.

(૫) ઘોર નરક કયું ? પોતાનો જ દેહ.
આ શરીરમાં સુંદર શું છે ? મૂત્ર, વિષ્ટા, રુધિર, માંસ વગેરે
અતિશય દુર્ગંધયુક્ત પદાર્થો તેમાં અંદર ભરેલાં છે.
(૬) બ્રહ્મચર્ય એટલે શું ? 'આ શરીર ભોગ માટે નહિ
પણ ભક્તિ માટે છે' એવી સમજણ એટલે બ્રહ્મચર્ય.
બ્રહ્મચર્યમાં બ્રહ્મદૃષ્ટિ અને બ્રહ્મનિષ્ઠા રહેલી છે.
(૭) આ સ્થૂળજગતને કોણ સુધારી કે બગાડી રહ્યું છે ?
એ સમજી રાખો કે આપણું ભાવજગત જ ઇચ્છાનુસાર
સ્થૂળજગતને સુધારી કે બગાડી રહ્યું છે કે પરિવર્તિત કે
નિયમિત કરી રહ્યું છે. ખાત્રીપૂર્વક માનો કે કોઈપણ રાત
ચિરસ્થાયી નહિ, દરેક અવસ્થાનું પરિવર્તન અવશ્યંભાવી છે.
(૮) સહુ માનવીના હૃદયમાં મૂળથી કયા બે ભાવ છે ?
સૌ માનવહૃદયમાં ભક્તિ અને વિસ્મયરૂપી બે ભાવ છે.
(૯) ધર્મરૂપા ગંગાનો પ્રાદુર્ભાવ ક્યાંથી થયેલ મનાય છે ?
કેટલાક કહે છે ધર્મરૂપા ગંગાનો પ્રાદુર્ભાવ ભક્તિરૂપા
પર્વતની ટોચમાંથી થયો છે. કેટલાક કહે છે કે વિસ્મયરૂપી
પહાડની તળેટીમાંથી થયો છે, પરંતુ ખરી વાત જુદી છે.
જીવ અને ઈશ્વરનો નિત્ય સંબંધ છે.
તેમાંથી ધર્મભાવનારૂપી ગંગાનો સનાતન પ્રવાહ જન્મ્યો છે.

સૂર્ય, સાગર અને નદી-પર્વત વગેરે સૌ બાહ્યપદાર્થો
લય અને વિસ્મય પેદા કરે છે, અભય બનાવે છે.
મોહમય નિદ્રાના રાજ્યમાં માયાના બધા પાત્રોને અનુભવતો
જીવ ઇહલૌકિક અલગ એક બાબત જ લોકના
અસ્તિત્વમાં વિશ્વાસ રાખતાં શીખ્યો છે.
જાગરના અને અંદરના એમ બે પ્રકારના અનુભવોથી
ધર્મમાર્ગ અવિચ્છિન્નપણે ચાલી રહ્યો છે.
મૃત્યુ અનિવાર્ય છે અને તે બધી વસ્તુઓનો એક દિવસ ગ્રાસ કરશે એ નિશ્ચિત છે. નચિકેતારૂપી મનુષ્ય યમરૂપી મૃત્યુના મુખેથી જ પરલોકનું અસ્તિત્વ માનતાં શીખ્યો છે.

(૧૦)આપણા શરીરનાં દુઃખ કરતાં વધુ દુઃખદાયી શું? શરીરનાં દુઃખ કરતાં ય મનનું દુઃખ વધારે કપરું છે.

(૧૧)ધાર્મિકતાની કસોટી કઈ રીતે થાય? ત્રણ રીત છે:
(A) ઈશ્વરમાં શ્રદ્ધા (B) જીવમાત્ર પ્રત્યે અનુકંપા અને
(C) સર્વ વિષયો પ્રત્યે અનાસક્તિ-વૈરાગ્ય કેળવવો તે.
આ ત્રણ વાત જેનામાં હોય તેને ધાર્મિક મનુષ્ય માનવો પછી તે વૈશ્ય હોય કે શૂદ્ર, સ્ત્રી હોય કે પુરુષ, નાનો હોય કે મોટો.

(૧૨)કર્મબંધનો આધાર શો? કાર્ય કરતી વેળાના સંજોગો-પરિણામ ઉપર, તેમાં ય વધારા-ઘટાડાનો આધાર કાર્ય કર્યા પછીના હર્ષ કે પશ્ચાત્તાપવાળા અધ્યવસાય ઉપર છે.

## સદાચારના ૧૪ પ્રકાર

(૧) દાક્ષિણ્ય (૨) પરોપકાર (૩) અનિન્દા (૪) ગુણીનું અનુમોદન (૫) દુઃખમાં અદૈન્ય (૬) સુખમાં અગર્વ (૭) અલ્પભાષિતા (૮) પ્રતિજ્ઞાપાલન (૯) કુલાચારપાલન (૧૦) સદ્વ્યય (૧૧) અવ્યસનિતા (૧૨) ઔચિત્યપાલન. (૧૩) ગુરુદેવાદિ પૂજન (૧૪) મુક્ત્યદ્વેષાદિ સદાચાર ગણાય છે.

સદાચારથી અભેદભાવે રામ, અકલ, નિર્લેપ બની શકાય.

રામ = આત્મામાં રમણ કરનાર.

અકલ = ઈંદ્રિયોથી ન કળાય તેવા, નિર્લેપ = કર્મલેપરહિત.

અભેદ = ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા.

આત્મભાવે મનનું પરિણમવું તે આશ્રવ રોકવાની પાળ છે.

શુદ્ધાત્માના અનુભવ વિના જેટલી શુભ પ્રવૃત્તિ છે તે સર્વ શુભબંધના કારણરૂપ છે, પણ આત્મામાં મન પરિણમી રહે તેટલો વખત આશ્રવ રોકાય.

વીતરાગ એ શુદ્ધ આત્માનું પ્રતિબિંબ છે, તેથી વિચારો કે: વીતરાગ પરમાત્મા એ મારું જ પરિશુદ્ધ સ્વરૂપ છે. પરમાત્માનું ધ્યાન એ મારા જ શુદ્ધ આત્માનું ધ્યાન છે.

मदपराधानुगुणा - ईश्वर - प्रेरितानि ।
एतानि भूतानि द्विषन्ति अपकुर्वन्ति च ॥

સાધક આત્માની મુક્તિ સંસારમાંથી કે કર્મમાંથી નહિ પણ
સૌ પ્રથમ તો પોતાના અહંમાંથી જ મેળવવાની છે.
જે સાધક એકાન્ત વ્યવહારને જ જુએ તે અપરિણત,
જે એકાન્ત નિશ્ચયને જ પકડી રહે તે અતિપરિણત,
વ્યવહાર અને નિશ્ચય ઉભયને બરાબર માને તે પરિણત.

ભાષા = વ્યાખ્યા, નિર્ગૃહ = ઊર્ધ્વતાસામાન્ય, દ્રવ્ય,
સંગૃહ = તિર્યક્‌સામાન્ય, ભાવ.

કર્મ { (૧) ગુણાભ્યાવિશેષ, અવસ્થા = નિષ્ઠિક સંગ્રહ.
(૨) પરિચયાવિશેષ, ક્રિયા = સ્વધર્મ. }

મોક્ષરૂપક કર્મ

પ્રત્યેક ક્રિયા કરતી વખતે પોતાની અવસ્થા, ભાવની શુદ્ધિનો સંબંધ અને તે બંનેથી પર અભિન્ન આત્માની સ્થિતિ ઉપર ધ્યાન રાખવાથી જ કર્મ નિર્લિપ્ત બને છે અને પછી જ તે કર્મ ફક્ત મોક્ષના હેતુ માટે થાય છે.
'અદ્વેષ્ટા સર્વભૂતાનાં ।' જે આપણો દ્વેષ ન કરતા હોય તેનો દ્વેષ ન કરવો એટલું જ નહિ પણ જે આપણો દ્વેષ કરતા હોય, તેમનો પણ દ્વેષ ન કરવો જોઈએ.
આનો અર્થ એ થશે કે:
'મારો દ્વેષ કરનારા પણ તે દ્વેષને માટે જવાબદાર નથી, જો કોઈ જવાબદાર હોય તો તે હું છું.'

આ વિચાર ઘણો જ અગત્યનો છે કે:

'મારા કર્મ ખપાવવા માટે ઈશ્વર જ દુશ્મનોમાં પ્રવેશીને મારા કરેલ પૂર્વે બંધાયેલા કર્મના દોષને ધોવાને માટે એમને હાથે મારો વિરોધ કરાવે છે. આપણે જ કરણી તેઓ આપણો દ્વેષ કરે છે. તેઓ જવાબદારીથી મુક્ત થયા અને આપણે જ જવાબદાર થયા' એમ વિચારી શકાય.

कर्मणात्मकं अकर्म ।

પ્રશસ્ત કષાયના સેવનથી જ કષાયમુક્તિ પ્રાપ્ત થાય છે.

કર્મ - સ્વધર્માચરણ - કર્તવ્ય - સહજપ્રાપ્ત કર્મ.

સાધકે શિશુવત્ સાધના કરવાની છે, તે સૌ સંતાન જેવા છે. कर्मभिः निःश्रेयसम् । આને મીમાંસકો secularism અને ચાર્વાક મત આને materialism પણ કહે છે. ચેતન એ જડ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુનો મેળ છે. આ તત્ત્વોનું બનેલું શરીર નાશ પામે એટલે ચેતન પણ નાશ પામે.

<u>જડવાદ એમ કહે છે કે:</u>

'મન વિશ્વનું પ્રતિબિંબ છે, વિશ્વ એ મનનું પ્રતિબિંબ નથી.' Scientific materialism પહેલાં જડવાદી હતું, તે હવે સંશયવાદી બન્યું છે, કિન્તુ થોડા સમય પછી તેનું એથીય ચૈતન્યવાદી બની જવાનું પણ સંભવ છે.

વેદાંત એમ કહે છે કે: 'જડ = ઊંઘતું સુષુપ્ત ચૈતન્ય પણ અચૈતન્ય નહિ.' ચૈતન્ય સૂઈ ગયું છે માટે જડ લાગે છે. આખી જડ સૃષ્ટિ વેદાંત મતે સમાધિસ્થ ચૈતન્ય છે.

બે પ્રકારનું materialism હોય છે, એક તો 'ખાઓ, પીઓ, મજા કરો'નું જ પ્રતિપાદક છે. Scientific materialismનો નવયુગમાં સ્થાન છે, એક તો વિશ્વના સ્વરૂપ વિષેનો નિર્ણય Science ઉપર છોડે છે અને Science વિશ્વને ચૈતન્યમય ઠરાવે તો એ સંભવિત છે. James Jeansનું mysterious universe નામનું પુસ્તક છે. તે ગણિતશાસ્ત્રી હતો, જડવાદી જ હતો, છતાં છેવટે તેને એવા નિર્ણય ઉપર આવવું પડ્યું છે કે 'આ સમસ્ત સૃષ્ટિની પાછળ કોઈ એક વિચાર હોય, એક યોજના હોય એવો ઘણો સંભવ છે.' અર્થાત્ થોડા જ સમયમાં 'વિશ્વ જ્ઞાનમય છે' એવો નિર્ણય થાય, એવું પણ ૨૦મા સદીમાં ઘણું સંભવિત છે.

આત્મના બે રૂપો: પ્રકટ અને અપ્રકટ. લિંગ = લક્ષણ.

व्यक्तलिंगानेकं । अव्यक्तलिंगान परं । श्रुतिः

એકમાં લિંગ અવ્યક્ત છે, બીજામાં વ્યક્ત છે.

કર્મયોગીને લક્ષણદૃષ્ટિએ અવ્યક્તલિંગ કહીએ,

તો સંન્યાસી વ્યક્તલિંગ કહેવાશે.

કર્મઇચ્છિત સંન્યાસીને અકર્મલિંગ કરી શકાશે અને
ત્યાં કર્મયોગીને અકર્મલિંગ કહેવાશે.

0 નિષ્ક્રિય જીવનની સાથે જે વાંચન થાય છે, તેમાં
તો વિચારોનો ગુંચવાડો જ વધે છે, વિચાર ઉકલતા નથી.
કામ કરે તેમને એક નિશ્ચિત દિશા અને કાર્યક્રમ મળે છે.
સ્વયં રચિત સમાધિમાનના જીવનમાં આત્મજ્ઞાન વિકસે છે.

0 આત્મજ્ઞાન એ શબ્દજ્ઞાન કે બુદ્ધિજ્ઞાન નથી.
જીવે જગતના નહિ પણ જગદીશના પગ પકડવાના છે.
જગત તરફ ન જોતાં જગદીશ તરફ જોવું જોઈએ.
આત્મજ્ઞાન પોતે જ કરી લેવાનું છે,
બંધનમાંથી મુક્ત બીજા કોઈ કરી શકે નહિ.

0 મૃત્યુ એ પ્રવાહકાળ છે, અંતકાળ નહિ.

0 અધ્રુવમાં ધ્રુવ જુઓ.

0 કીર્તિ લોકેચ્છાધીન છે.
લોકોના મન ચંચળ છે, તેથી કીર્તિ પણ ચંચળ છે.
કીર્તિ એક કાળની મર્યાદાથી મર્યાદિત રહે છે.

0 મસ્તક ઉપરનો ભાર બીજો લઈ શકે, પરંતુ
ભૂખ અને તરસ કોઈ લઈ શકતું નથી.
પરેજી પોતે પાળે તો જ સુખારોગ્ય મળી શકે.

તત્ત્વવિચારથી મન વશ થાય છે.

અમનસ્કતા = આસક્તિ વિનાનું મન, સમતા = સમાનદૃષ્ટિ, ઉન્મની ભાવ = હૃદયની વિશાળતા, સામ્ય = સમાનભાવ, મમતા = પક્ષપાત, આત્મારામરહિતતા, વિષયોમાં આસક્તિ.

રાગ એ વાસનાથી થાય છે, માત્ર વસ્તુથી નહિ.

अवद्यत्से यथा मूढ ललनाललिते मनः।
मैत्र्यादिषु तथा धेहि विधेहि हितमात्मनः॥ (૭૪)

સ્ત્રીની અંદર આસક્તિ પલટી મૈત્રી વિષે આસક્તિ હિતકર છે.

સ્ત્રીઓને વિષે આસક્તિ દુઃખદાયક છે.
મૈત્ર્યાદિને વિષે તે મુક્તિપ્રદાયક છે.

वशीभवंति सुंदर्यः पुंसां व्यक्तमनोहराः।
तत्परब्रह्मसंवित्तिनिरीहं क्लिश्यति स्वयं॥

વ્યવહાર પાળવા માટે છે, જ્યારે
નિશ્ચય સમજવા માટે છે.

વ્યવહારમાં વર્તનનો અને નિશ્ચયમાં સમજણનો વિવેક છે. ભવમાત્રની શક્તિરૂપ શિવાત્મકતા નિશ્ચયથી ઉપાદેય હોવા છતાં પૂજ્યતાનો વ્યવહાર તો વ્યક્તિરૂપ શિવાત્મકતાની સાથે જ થઈ શકે. સમજણમાં શક્તિરૂપ શિવાત્મકતાને ઉપાદેય માનનારને જ વ્યક્તિરૂપ શિવાત્મકતાની પૂજા ફળદાયી બને.

० मातृवत्परदारेषु परद्रव्येषु लोष्ठवत् ।
आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति ॥ અર્થ:
પરસ્ત્રીને માતાની જેમ, પરધનને ઢેફાની જેમ તથા સર્વ જીવોને પોતાની જેમ જે જુએ છે, તે ખરેખર જુએ છે.

भावना मोक्षदा तस्य स्वान्ययोरस्तु प्रभावना । અર્થ:
તેની મોક્ષ આપનાર ભાવના પર-સ્વપરને પ્રભાવનારૂપ થાય.

स्वल्पाक्षरं असंदिग्धं सारवत् विश्वतोमुखम् ।
अस्तोभं अनवद्यं च सूत्रं विदो विदुः ॥
लघूनि सूचितार्थानि स्वल्पाक्षरपदानि च ।
सर्वतः सारभूतानि सूत्राण्याहुर्मनीषिणः ॥१॥ અર્થ:
સ્પષ્ટ અર્થ, ઓછા અક્ષર તથા બધી રીતે સારવાળા પદો સૂત્ર માટે ઉપયોગી છે, એમ જ્ઞાની પુરુષો કહે છે.

ઘરની હવાને બહારની હવા સાથે જેવો ઘનિષ્ઠ સંબંધ છે, તેવો સમુદ્રમાં રહેલ પ્રત્યેક બિંદુને આખા સમુદ્ર સાથે છે, તેથી પણ અધિક ઘનિષ્ઠ એકતા તથા પરસ્પર ઉપગ્રાહકતાવાળો સંબંધ જીવોને જીવોની સાથે છે. વળી આપણે જેના જેના સંસર્ગમાં આવીએ, તે તે જીવો જો ઉપગ્રહ કરતા હોય, તો પછી એ સ્વભાવ દરેક જીવમાં અવ્યક્તપણે હોય તો જ જે કારણો મળે, તે સર્વ અભિવ્યક્ત થઈ શકે.

દરેક જીવને દરેક જીવ સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ન હોય તો પ્રત્યેક પ્રતિમામાં ૩ કરણ તથા ૩ યોગોની શી જરૂર?

'इतरेतरापेक्षी हि वस्तु स्वभावः ।' - લલિત વિસ્તરા

વસ્તુમાત્ર દ્રવ્યથી એકરૂપ અને ગુણ-પર્યાયથી અનેકરૂપ છે. દ્રવ્યમાં પણ તિર્યક્ સામાન્ય અને ઊર્ધ્વતા સામાન્ય છે.

નિમ્નલિખિત ૧૦ બાબતો વડે વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી મહાપુરુષોની સત્તા સપ્રમાણ સાબિત થાય છે:

(૧) દોષોની હાનિ (૨) આવરણનો વિલય
(૩) જ્ઞાનની અપ્રાપ્યકારિતા (૪) બુદ્ધિનું તારતમ્ય
(૫) શાસ્ત્રની અવિસંવાદિતા (૬) પ્રવચનની આરાધના
(૭) સન્માર્ગની દૃઢતા (૮) કર્તવ્યતાનો નિશ્ચય
(૯) શુભાશયની વૃદ્ધિ (૧૦) સાનુબંધ સદનુષ્ઠાનની પ્રાપ્તિ.

મોક્ષાભિલાષ, સંવેગ = આત્મસ્વરૂપમાં નિત્ય રમણતા.

માર્ગાનુસારિતા = મોક્ષમાર્ગને અનુસરવાપણું અથવા તેને તત્ત્વાનુસારિતા, સત્યાનુસારિતા, ન્યાયાનુસારિતા પણ કહે છે. જીવ અને મોક્ષને તેના યથાર્થ સ્વરૂપમાં સમજવા માટે આ ગુણ સહાયક છે, કેમકે તેમાં અતત્ત્વાભિનિવેશ નથી.

દુરભિનિવેશ તત્ત્વવિચારણામાં બાધક છે. તત્ત્વવિચારણા વડે જ તત્ત્વાનુસારિતા ગુણ પ્રાપ્ત થઈ શકે.

## ચારિત્રવંતની ભાવપ્રાપ્તિનાં લક્ષણો

(૧) અર્થનું આલોચન (૨) ગુણનો રાગ (૩) ભવનો ભય
(૪) પ્રાપ્તિનો વિસ્મય (૫) ભાવની વૃદ્ધિ.

## ચારિત્રધરનાં લક્ષણો

(૧) માર્ગાનુસારી (૨) શ્રદ્ધાવાન (૩) પ્રજ્ઞાપનીય
(૪) ક્રિયારત (૫) ગુણરાગી (૬) શક્યારંભવાન.

## સમ્યગ્દૃષ્ટિનાં લક્ષણો

(૧) શુશ્રૂષા (૨) ધર્મરાગ (૩) દેવગુરુની વૈયાવચ્ચ.

## અપુનર્બંધકનાં લક્ષણો

(૧) અતિ તીવ્રભાવે પાપને કરે નહિ.
(૨) અશુભ સંસાર ઉપર બહુમાન ધરે નહિ.
(૩) ઉચિત ક્રિયાનું ઉલ્લંઘન કરે નહિ.

## છઠ્ઠી ઇંદ્રિય એટલે શું?

છઠ્ઠી ઇંદ્રિય અથવા તો Sixth Sense એટલે સત્ત્વ, દિવ્યદૃષ્ટિ, પરાપ્રજ્ઞા, સ્વયંભૂસ્ફુરણા, આંતરપ્રેરણા, પ્રતિભા, આંતરદર્શન, આત્મજ્ઞાન, પરાત્પરતત્ત્વ, અનંતતા, પ્રભુતા.

મોક્ષમાર્ગમાં ત્રણે લોક પરંપરાએ ઉપકારક છે. - વિશેષાવશ્યક

ભવનિર્વેદ = ૪ ગતિમાં નિત્ય ઉદ્વેગ.

o

*The end of sorrow is joy and peace.*

## God is Love

Love is the very nature of God.
Love is not some slushy sentiment:
but tremendous, dynamic healing force.
The whole of healing creation of perfection
is the outcropping of Divine Love.
Love is a creative agent.
In other words, all of the givingness of
God is the outcome of the love of god.
The great law of the universe,
in which are included all the lesser laws,
is merely the love of god in action.
Love is the fulfilling of the Lord.
It is one of the great irrestible forces
in the universe that swaps away
all of the seeming destructions and
brings health, happiness and prosperity
to every single soul,
which opens up to this Divine inflow.

Nothing integrates the
character as love does.
Nothing adds to the power
of a life as fully as love does.
Love will heal any situation, any disease. Without it, one may give all his good to the poor, may have all knowledge, may give his body to be burned but it profiteth him nothing. Please remember that we are talking, not about the gushy sentiment often called love, but the intense desire for the well-being of others, which characterizes the nature of God. This same Love, allowed to saturate us and flow unrestrictedly out to every living Soul, will break through all barriers and bring to them and to us the fulfillment of our heart's desire.

## અધ્યાત્મનો પરિવાર

(૧) પિતા - શુદ્ધોપયોગ, રાગદ્વેષરહિત શુદ્ધ આત્મભાવ (૨) માતા - ધૃતિ, આત્મરતિ (૩) બંધુઓ - શીલ, સત્ય, શમ, દમ, સંતોષાદિ અવિચલિત સ્વરૂપ (૪) કાન્તા - સમતા (૫) સગા - સાધર્મિક એટલે જે સમાન ક્રિયાવાળા સાધુ (૬) ગુરુ - આત્મતત્ત્વ પ્રકાશ, સંશય, વિપર્યાસરહિત બોધ.

## પંચાચારનો મહિમા

(૧) જ્ઞાનાચાર - જ્યાં સુધી તારું શુદ્ધ પદ કેવળજ્ઞાન ન આવે ત્યાં સુધી મારે તારી સેવા કરવાની (૨) દર્શનાચાર - ક્ષાયિક સમ્યક્ત્વ સ્વરૂપ શુદ્ધ પદનો લાભ ન થાય ત્યાં સુધી (૩) ચારિત્રાચાર - તેના શુદ્ધ પદ યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી (૪) તપાચાર - પરમ શુક્લધ્યાનનો લાભ ન થાય ત્યાં સુધી (૫) વીર્યાચાર - વીર્યની સંવૃદ્ધિ, શુદ્ધિ ન થાય ત્યાં સુધી મારે તારી સેવા કરવાની, એમ કહે છે. શુદ્ધ સંકલ્પપૂર્વકની ક્રિયા લેખે લાગે. સંકલ્પહીન કર્મ ન ફળે.

## વિશ્વમય - વિશ્વોત્તીર્ણ

વ્યવહારથી પરમાત્મા લોકમય - નિશ્ચયથી લોકોત્તીર્ણ છે, એમ શૈવદર્શન સમન્વિત થાય. લોકમય માનવાથી વ્યવહાર સુધરે, વિશ્વોત્તીર્ણ માનવાથી નિશ્ચય વિશુદ્ધિ થાય છે.

'ઉપગ્રહ' તે બહિરંગ - 'ઉપયોગ' તે અંતરંગ લક્ષણ છે. એનો તાત્ત્વિક અર્થ એવો છે કે: જીવ જ્યારે ઉપકારરૂપ ઉપગ્રહમાં પ્રવૃત્ત હોય, ત્યારે એ બહારથી જીવ છે અને જ્યારે ધર્મના ઉપયોગમાં હોય, ત્યારે અંદરથી જીવ છે. એ વિચારણાની અવસ્થામાં જડ કરતાં પણ ઊંચી કોટિનો છે. ઉપકારથી જીવનું જીવત્વ બીજા જાણી શકે છે અને ઉપયોગથી એનું જીવત્વ એ પોતે જ જાણી શકે છે.

ધર્મનું પણ બહિરંગ લક્ષણ ઉપકાર છે તથા અંતરંગ લક્ષણ ઉપયોગ છે, કેમકે 'જીવ તે ધર્મ છે અને ધર્મ તે જીવ છે' એમ અન્વય વ્યતિરેકથી સિદ્ધ થાય છે.

## નમસ્કારથી દર્શનની વિશુદ્ધિ

નમસ્કારથી આપણી તુચ્છતા, લઘુતા, નમ્રતાનું દર્શન થાય, પરતત્ત્વની ઉચ્ચતા, ભવ્યતા, મહત્તાનું ભાન થાય છે. 'નમો' વડે આપણો કોચલો ફૂટી જાય છે અને મમતાનું પડ નીકળી જાય છે જીવને પરમ શાંતિનો અનુભવ થાય છે.

## મોક્ષમાર્ગ

સમ્યગ્દર્શન = જીવાદિ તત્ત્વની શ્રદ્ધા.

સમ્યગ્જ્ઞાન = નય, નિક્ષેપ, પ્રમાણ વડે બોધ.

સમ્યગ્ચારિત્ર = પાપક્રિયાનો ત્રિકરણયોગે ત્યાગ.

વ્યવહારથી મોક્ષહેતુ (સાધના), નિશ્ચયથી મોક્ષહેતુ (સાધ્ય).

ધર્માદિનું શ્રદ્ધાન, ધર્માદિનું જ્ઞાન, ધર્માદિમાં પ્રવૃત્તિવાળો અભેદ રત્નત્રયયુક્ત આપણા સૌનો પાવન આત્મા છે. કર્તા - કર્માદિને ભિન્ન માનનાર નય વ્યવહારનય અને એ બન્નેને અભિન્ન માનનાર નય એ નિશ્ચયનય છે. આ બંને પ્રકારનો મોક્ષમાર્ગ દર્શનના બળે પ્રાપ્ત થાય છે.

## ધર્મધ્યાનનાં ૭ અંગો

(૧) ધ્યાતા = ૫ ઇંદ્રિય અને મનને વશ કરનાર સાધક.

(૨) ધ્યેય = અકાલ્પનિક કે યથાસ્થિત વસ્તુ હોય તે.

(3) ધ્યાન = સાધક દ્વારા ધ્યેયનું એકાગ્ર ચિંતન થવું તે.

(૪) ફળ = સંવર-નિર્જરા (૫) દેશ (૬) કાળ (૭) અવસ્થા.

આત્મા જ્ઞાનમય છે તેથી ધ્યાન ધ્યાતાથી ભિન્ન નથી. કર્તાકારકની જેમ ધ્યાન એ કર્મકારક-અધિકરણકારકથી પણ ભિન્ન નથી. નિશ્ચયનયથી તો ધ્યાન સ્વ જ કર્તા, કર્મ, કરણ, અધિકરણ અને ફળ છે.

ઇષ્ટ વસ્તુ - જે ધ્યેય છે, તેમાં સ્મૃતિની પરંપરાવાળી અને અન્ય જ્ઞાનને નહિ સ્પર્શતી, એવી જે સ્થિર બુદ્ધિ છે, તે 'ધ્યાતિ' અથવા તો ધ્યાનક્રિયા છે.

નિશ્ચયથી આત્મા પોતાને, પોતામાં, પોતાથી, પોતા માટે, પોતાની મેળે જ ધ્યાન કરે છે, તેથી ષટ્કારકમય આત્મા જ ધ્યાન છે.

૪ ગુણવાન = યોગવિદ્યાનો અધિકારી

मैत्र्यादिवासनामोदसुरभीकृतदिङ्मुखम् ।
पुमांसं ढौकमानेति सिद्धिभृंगाङ्गनाः स्वयं ॥

યોગશાસ્ત્રમાં ધર્મધ્યાનના ઉપકારને માટે જે ૪ ભાવનો
વર્ણવેલી છે, તે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય છે.
આ ૪ ગુણથી ધર્મધ્યાનનો ઉપકાર થાય છે.
જે પુરુષમાં આ ૪ ગુણની વાસના હોય,
તે પુરુષ યોગનો, યોગવિદ્યાનો અધિકારી થઈ શકે છે.
તેવા ગુણની વાસના જે પુરુષમાં હોય,
તે જગતને પોતાના ગુણની વાસનાથી સુગંધી કરી મૂકે છે.
એવા યોગીની પાસે સિદ્ધિઓ પોતાની મેળે આવે છે.
જેમ સુગંધી પદાર્થ ઉપર ભમરાઓ પોતાની મેળે આવે,
તેમ મૈત્રી વગેરેની સુગંધ ફેલાવનારા
યોગી પુરુષની પાસે
સિદ્ધિઓ સ્વયમેવ પ્રાપ્ત થાય છે.
સામ્યગુણથી યોગવિદ્યાના અધિકારી બનેલા પુરુષને
સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે માટે સામ્યગુણ સર્વોત્તમ છે.

औदासिन्योल्लसन्मैत्री पवित्रं वीतकल्मषम् ।
कोपादिव विमुंचंति स्वयं कर्माणि पुरुषम् ॥

જે રોગી પુરુષમાં ઔદાસિન્યગુણ કે સામ્યગુણ હોય,
તેવા પુરુષમાં મૈત્રીગુણ તો અવશ્ય પ્રાપ્ત થાય જ છે.
જ્યારે અને જેવો આ મૈત્રીગુણ પ્રાપ્ત થશે,
એટલે તે પુરુષમાં સંભ્રમનો દોષ રહેતો નથી.
સંભ્રમ દોષ ઉડી જશે, તેવા પુરુષને કર્મો પોતાની મેળે છોડી દે છે. સંભ્રમદોષની સાથે કર્મને મૈત્રી છે.
તાત્પર્ય કે સામ્યગુણથી મૈત્રીગુણ આવે છે
અને મૈત્રીગુણથી સંભ્રમદોષ દૂર થાય છે.
તેવા રોગી પુરુષને તે પછી કર્મનો બંધ થતો જ નથી.

योगाभ्यासवतो ये तु नित्यं कार्यमुदासते ।
प्रथमे मुग्धबुद्धीनामुपदंशिनो हिते ॥

પરમાત્માની ૪ આશ્ચર્યકારક વસ્તુ...

પરમાત્માને ત્યાગથી મળી શકાય, પ્રેમથી પામી શકાય,
ત્યાગથી મેળવી શકાય છે, પ્રેમથી આપી શકાય છે.
સર્વને છોડો તો સર્વ તમારું બને છે.
થોડું પણ પોતાનું માનો તો પોતાના હાથમાં કાંઈ રહેતું નથી.

તાત્સ્થ્ય = અંતરાત્માને વિષે પરમાત્મગુણનો સંસર્ગારોપ.
તદંજનત્વ = સ્વ અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ.
ધર્મનાં મહત્ત્વનાં ત્રણ અંગો = સત્ય, ન્યાય અને દયા.

## સમતાનું જ્ઞાન અને સપ્તભંગી

સપ્તભંગીનું રહસ્ય ગંભીર છે. વ્યવહારમાં એક ભંગ લાવવો અને બાકીના ભંગોને અધ્યાહાર મનમાં રાખવા આ છે સમતાનું જ્ઞાન. આ વસ્તુ સર્વત્ર લાગુ પડી શકે છે.

(૧) અસ્તિ પણ છે. (૨) નાસ્તિ પણ છે.
(૩) અસ્તિ પણ નથી. (૪) નાસ્તિ પણ નથી.
(૫) બંને પણ નથી. (૬) બંને પણ છે, એક પણ નથી.
(૭) અવક્તવ્ય પણ છે.

અસ્તિભંગ જેટલો જ સાચો નાસ્તિભંગ છે પણ એ વખતે નાસ્તિભંગ કહેવાથી સામાને દુઃખ લાગે તેમ હોય, તો તે નાસ્તિભંગને તે વખતે વચનમાં પ્રવૃત્ત ન કરવો. સર્વ જીવોના ઉપકાર કે પોતાના અપકારના વિષયમાં પણ સપ્તભંગ લાગુ પાડી શકાય છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો...

કોઈ કહે છે કે: 'મારી બીમારીનું ફલાણું કારણ છે' તો તેને કહેવું કે: 'ભાઈ, તમે જે કહો છો તે તદ્દન સાચું છે.' એ વખતે અસ્તિભંગને આગળ કરવો.

આ બધા ભંગોમાંથી વ્યવહારમાં કોઈ એક ભંગ લાવવો, બાકીના ભંગોને અધ્યાહાર મનમાં રાખવા.

૦ આત્મવિશ્વાસ મેળવવા શું ન જોવું?

પાકી ક્રિયા, પાકો આચાર અને પાકી ભાવના હોય.
અહંકાર અને આત્મવિશ્વાસ - બન્ને જુદી બાબત છે.
અહંકાર એ મનુષ્યના ક્ષુદ્ર વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે,
જ્યારે આત્મવિશ્વાસ એ તેનામાં રહેલી
સનાતન શક્તિનો પ્રાદુર્ભાવ છે.
આત્મવિશ્વાસ સર્વ મનુષ્યને
ઉન્નત બનાવે છે અને ગૌરવ અપાવે છે.

૦

Neither fear nor favour of the world
can affect the devotee
whose heart is fixed on the Lord.
No effort is in vain.
The sorrowless state is always
reached through sorrow.
Trust the divine power and
you will always be protected.
Perfect love is perfect power & wisdom.
Anticipation is sweeter than realisation
and superior to acquisition.

## નવકાર પદ

લાગી... નવકાર કેરી ધૂન... આજ મને લાગી.
કે વાહલા વાગી રહી રગ-રગની. ...લાગી

નવકાર કેરું ધ્યાન ધરતાં, અંતર આગ બુઝાતી,
આધિ-વ્યાધિ-ઉપાધિ સઘળાએ, ક્ષણભરમાં દૂર થાતી...લાગી
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજ્ઝાયા, સાધુ પંચ પરમેષ્ઠિ,
દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ, નવકાર કરો ભક્તિ...લાગી
નવકાર ધ્યાન ધરી સુખ પામ્યા, શ્રીપાળ-મયણા સતીજી,
મહામંત્ર આ સિદ્ધચક્રનાં, 'ભક્ત' બની કરો ભક્તિ...લાગી

°

જિન સમરો જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ,
તે ધ્યાતાં ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ. ...(૧)
જિનવર ને શુદ્ધ આત્મમાં, કિંચિત્ ભેદ ન જાણ,
મોક્ષાર્થે હે યોગીજન ! નિશ્ચયથી એ માન. ...(૨)
ગૃહસ્થ કરતાં છતાં હેયોપાદેયનું જ્ઞાન,
ધ્યાવે સદા જિનેશ પદ, શીઘ્ર લહે નિર્વાણ. ...(3)
જે પરમાત્મ તે જ હું, જે હું તે પરમાત્મ,
એમ જાણ હે યોગીજન, કરો ન કાંઈ વિકલ્પ. ...(૪)
નિશ્ચય ભેદે પ્રમાણ છે, તનુપ્રમાણ વ્યવહાર,
એવો આતમ અનુભવો, શીઘ્ર લહો ભવપાર. ...(૫)

<u>ગોરખનાથ જોગ્યા...</u>

રમતા જોગી આયા, નગર મેં રમતા જોગી આયા. ...(૧)

તખત લગાયા સરવર તીરે, ઉપર તરૂવર છાયા,

કચ્ચી મિટ્ટી કુંભ બનાયા, આમરસ ભરભર લાયા.

નગર મેં ...(૨)

જલ બિચ આગન, આગન બિચ પવન હૈ, પવન સુ તાર ચલાયા,

બસત ગામ ઉજ્જડ કર ડાલા, ઉજ્જડ ફેર બસાયા.

નગર મેં ...(૩)

પંખી એક વ્હાં ચહુ ચૂગત હૈ, ચાંચ પાંખ નહિ કાયા,

અલખ પુરૂષ કી અલગ હૈ નગરી, સદ્‌ગુરૂ આપ બતાયા.

નગર મેં ...(૪)

ચંદા સૂરજ દોઉ મારગ ડોલે, આસન અદ્ધર જમાયા,

ગગન મંડલ પર હંસા ઉડે, ભમર ગુફા મેં સમાયા.

નગર મેં ...(૫)

નવ દરવાજા વશ કર લીના, દશ મેં ડંકા બજાયા,

<u>મચ્છંદર શિષ્ય ગોરખ</u> જોગ્યા, જોગ્યા સો નર પાયા.

નગર મેં ...(૬)

o 'કર્મોદય જિનરાજનો ભવિજન સિદ્ધિ ઉપાય'

- <u>શ્રીમદ્ દેવચંદ્રજી</u>

ह

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૯)**
અનાદિ-અનંત પ્રભુના નામૌષધથી સર્વ રોગો નાશ પામે છે, તે હું સત્ય જ કહું છું.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૨૪)**
હે પ્રભુ! આપનું નામ વાચ્ય-વાચક બે સ્વરૂપને પ્રગટ કરે છે. પહેલા સ્વરૂપથી પરમ કરૂણા જણાય છે. જે જીવે પ્રભુ પ્રત્યે ઘણા અપરાધો કર્યા હોય તો પણ સમગ્રતયા દાસપણે તેમની ઉપાસના કરે, તો તે જ ભવમાં સદા આનંદસમુદ્રમાં સ્નાન કરે છે.
- શ્રી ગોસ્વામીજી

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૪૭)**
જેમ આકાશમાં રહીને સમગ્ર જગતને પ્રકાશનારા સૂર્યને જોવા ઘુવડો ઉત્સાહ કરી શકતા નથી, તેમ એકાંતમાં સમીપે રહેલા આવા આત્મતત્ત્વને અત્યંત મૂઢ મતિવાળા લોકો ખરેખર આદર કરતા નથી.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૫૩)**
તત્ત્વથી મંત્રના અર્થ અને શક્તિને જે જાણતાં નથી, તે કરોડ મંત્રજાપ કરે, તો પણ તેને મંત્ર સિદ્ધ થતો નથી.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૫૪)**
વ્યવહારકાળમાં સમાધિને ભજનારાઓની ચિત્તવૃતિ મૈત્ર્યાદિરૂપ હોય છે. એકાન્ત શુદ્ધિમાં તો વળી આ સમાપત્તિમય પ્રગટેલી સિદ્ધ જ્યોતિ પ્રસિદ્ધ છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૫૫)**
ઈન્દ્રિયોના સમુહનો સારી રીતે નિયમન કરીને આંતરનાદ ઉચ્ચાર કરે, તે જ 'જપ' કહેવાય. માત્ર બાહ્યજપ એ જપ કહેવાય નહીં.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૫૬)**
સર્વ વર્ણોસ્વરૂપ એક નાદાત્મક વર્ણ છે, તે અસ્ત ન થાય એવા સ્વરૂપવાળો હોવાથી અનાહત નાદ જેવો કહેવાયો છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૬૮)**
દેહને મંદિર કહેલું છે, જીવ એમાં વસતા શાશ્વત દેવ છે. અજ્ઞાનરૂપી નિર્માલ્યનો ત્યાગ કરી, સોઽહંના ભાવ દ્વારા (તેની) પૂજા કરાય છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૭૪)**
વસ્તુના સ્વરૂપનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન, તેમાં રૂચિ કે શ્રદ્ધા તે સમ્યગ્દર્શન તથા વિધિનિષેધને અનુસરનારૂં અનુષ્ઠાન તે સમ્યગ્ચારિત્ર છે. - યોગશતક, ગાથા ૩

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૮૮)**
જેમ ગરમ કરાતી ધાતુનો મળ બળે, તેમ ઈન્દ્રિયનિગ્રહથી પ્રાણના દોષો બળે છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૮૮)**
ધર્મગ્રંથોનું વાંચન, સજ્જનોનો સંગ, મૃત્યુની જાગૃતિ, દુષ્કૃત તથા સુકૃતોના વિપાકની વિચારણા - એ એનું (સર્વ યોગમાર્ગનું) મૂળ છે.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૯૮)**
હે રાઘવ! ચિત્તનાશના બે ચરણો યોગ અને જ્ઞાન છે. તેમાં વૃત્તિઓનો રોધ તે 'યોગ' અને સત્ય જોવું તે 'જ્ઞાન' છે. હે મહામતિ! વાસનાનો ક્ષય, વિજ્ઞાન અને મનનો નાશ એકી સાથે ઘણો કાળ અભ્યાસ કરવાથી ફલદાયી બને છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૦૮)**
વેદાંત, વિજ્ઞાન અને વિશ્વાસ - એ ૩ શક્તિઓ છે. એ ત્રણે હોતે છતે જગતમાં સદા સ્થિરતા, શાંતિ અને સમૃદ્ધિ થાય.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૧૫)**
જેઓ તમને સદા નમસ્કાર કરે છે, તે તપસ્વીઓ કરતાં શ્રેષ્ઠ છે અને જેઓ તમારી સેવા કરે છે, તે યોગીઓ કરતાં ય શ્રેષ્ઠ છે. હે સ્વામી! સર્વ જળાશયોના જલ પ્રત્યે જેમ ચંદ્ર સમાન છે, તેમ જગમાં તમે જ એક સમાન ચિત્તવાળા છો. હે દેવ!
દુઃખરૂપી દાવાનળમાં તપ્તજીવો માટે તમે જ મેઘસમાન છો. મોહ અંધકારથી ભરેલા મૂઢ જીવો માટે તમે જ દીપક સમાન છો. માર્ગમાં વૃક્ષના છાયાની જેમ, ભીખારી

હોય કે ધનવાન, મૂર્ખ હોય કે ગુણવાન, બધાને સાધારણ ઉપકારી તમે જ છો.
- ત્રિષષ્ઠિ સર્ગ - ૪ શ્લો. ૮૧૧, ૮૧૫, ૮૧૬, ૮૧૭

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૧૬)**

જીવો મનને પ્રિય જેટલા સંબંધો કરે છે, તેટલા શોકરૂપી શંકુઓ એના હૃદયમાં ખોદે છે. ૦ જીવ જેટલો પાછો ફરે છે, તેટલો સુખી થાય છે. ખરેખર સંપૂર્ણ પાછો ફરનાર દુઃખનો લેશ પણ પામતો નથી. ઘરડાં માણસના વાળ, દાંત, આંખ અને કાન તો જીર્ણ થાય છે, એક તૃષ્ણા જ ઉપદ્રવરહિત રહે છે (જીર્ણ થતી નથી).

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૧૮)**

પ્રજાનું કલ્યાણ થાઓ, રાજાઓ ન્યાયમાર્ગે પૃથ્વીનું પાલન કરો, ગાય અને બ્રાહ્મણોનું હંમેશા શુભ થાઓ... બધાં લોકો સુખી થાઓ.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૧૯)**

ભય કે હર્ષમાં મતિની અવિક્રિયા હોય. સુખ કે દુઃખમાં નિર્વિકારતા હોય. સ્તુતિમાં કે નિંદામાં સમાનભાવ હોય. તેને તત્ત્વજ્ઞપુરૂષો 'અસંગતા' કહે છે.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૨૬)**

પોતાના આત્માની જેમ સર્વ જીવોને વિશે કલ્યાણસુખનું આગમન થાય એવું વિચારવું અને તેમના દુઃખોને દૂર કરવાની જે ઈચ્છાને અનુત્તર ધર્મબીજ કહ્યું છે.
- શ્રી જિનમંડન ગણિકૃત ધર્મપરીક્ષા, પૃ.૨૧

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૨૯)**

સર્પ, તાવ, દુઃખેથી વારી શકાય તેવી શાકિની, ગ્રહો, સુર-અસુરો, વૈરીસમૂહથી થતાં ઉપદ્રવોને દળનાર આપ્તપુરૂષોએ સ્તુતિ કરેલો નમસ્કારમહામંત્ર વૈભવ જય પામે છે.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૨૯)**

મુક્તિરૂપી રમણીને આકર્ષતો, દેવલોકની લક્ષ્મીને વશ કરતો, અશુભને ઉખેડતો, આંતરશત્રુઓ પ્રત્યે દ્વેષને રચતો, ભવોભવની આપત્તિઓને અટકાવતો, વળી મોહને પણ સંમોહ કરતો એવો મંત્રાધિરાજ દુર્ભાગી પુરૂષને પણ તીર્થંકરલક્ષ્મી પ્રાપ્ત કરાવે છે. પુષ્પ, દિપક, અક્ષત, ધૂપ અને સોપારી વડે ભગવાનની પ્રતિમાને પૂજીને જેઓ લાખ વાર શ્રી નવકારમંત્ર જપે છે, તે તીર્થંકર થાય છે. મોક્ષના સુખનો અભિલાષ,

ह

સંસારના સુખોમાં કંટાળો, મૈત્રી વિગેરેમાં બુદ્ધિ, જગતનો ઉપકાર કરવામાં ચિત્ત, નજીકમાં મોક્ષે જનારનાં આ લક્ષણ છે.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૨૯)**

જે આત્મા જ્ઞાનમય, સ્વચ્છ બોધ પામેલ, હેય-ઉપાદેયથી મુક્ત, દેશ-કાલ-જાત્યાદિરહિત અને બ્રહ્માંડમાં વાયુની જેમ સર્વ જીવોમાં સ્થિત છે, તેવા શરીરથી મૂકાયેલા (મુક્ત થયેલા) આત્મા જ 'ભગવાન' કહેવાય છે.

- વેદવ્યાસ

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૨૯)**

બે પ્રકારે સમાપત્તિઃ તાત્સ્થ્ય અને તદ્અંજતા. તાત્સ્થ્ય = મારામાં તેમનું સ્વરૂપ છે. તદ્અંજતા = તે જ હું છું.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૭૫)**

શ્રમથી થયેલા પાણી વડે પ્રકૃતિ શુદ્ધ કરવી. પોતાના ધર્મ વડે વેગનું શમન કરવું, તે સ્વાભાવિક છે. નિદ્રા સમાધિની સ્થિતિ છે. મનને આત્મામાં સ્થિર કરીને કાંઈપણ ન વિચારે, (છેલ્લે) આત્મધ્યાનથી પણ પાછો ફરે (નિર્વિચાર સ્થિતિ પામે).

**પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૯૦)**

અત્યંત પરાક્રમી, અમાપ જ્ઞાની, સંસારને તરી ગયેલા, સુગતિને પામેલા, મોક્ષમાર્ગઉપદેશક એવા તીર્થંકર ભગવાનને હું વંદન કરૂં છું.

**પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૧૯૧)**

પાપરૂપી કાદવને, કષાયના દાહને અને વિષયેચ્છાની પીપાસાને જે દૂર કરે છે, તે ધર્મના સાધનને પંડિત પુરૂષો વડે 'સાચ્ચું તીર્થ' એ પ્રમાણે કહેવાયું છે.




ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૫ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# નવપદ આરાધના




ભવોભવના બંધનોમાંથી છૂટવા
નવપદની આરાધના મુખ્ય છે.
નવપદની આરાધના વિધિ પ્રમાણે તથા
આયંબિલના તપ સાથે કરવાથી કર્મોનો ક્ષય થાય છે.
આ નવપદની આરાધના કરનાર
યશ, કીર્તિ, રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ પામે છે.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in